


'બરકત'

વિગત માટે જુઓ અંદર : 'બાળકોની ફોટોગ્રાફી'

કુમાર

માર્ચ '૪૧

૨૦૭

તંત્રી રવિશંકર રાવળ   સંપાદક-બચુભાઈ રાવત



કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી. કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬।।, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના; મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઈ–૧; તથા બીજા એજન્ટો: આર.આર.શેઠની કં., શિષ્ટ સાહિત્ય ભંડાર અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.

પ્રાણનો સિંધુડો

જીવનરસ છળ છાયો રે,
જાગો, વસન્ત આવ્યો રે.

પહેલે પગલે શરદની કંથા,
બીજે ડગ હિમાળો;
ત્રીજે તાતો ધોમ તપંતો,
આવ્યો જોગી જટાળો!
જીવન રસબસ છાયો રે,
જાગો, વસન્ત આવ્યો રે.

ફૂલડે ફૂલડે યજ્ઞ જગાવે,
નવલખ રંગની ઝાળો;
પાંખે પાંખે આભ ઉડાવે,
ભરી ભરી સામ ઋચાઓ :
જીવનરસ છળ છાયો રે,
જાગો, વસન્ત આવ્યો રે.



કુમાર
વર્ષ ૧૮
અંક ૩
માર્ચ ૧૯૪૧

કદમે કદમે કુમકુમ વરસે,
શબ્દે પંચમ ધારો;
ચરણે ચરણે ચેતન ચમકે,
ઊડે રૂપ-ફુવારો!
જીવન રસબસ છાયો રે,
જાગો, વસન્ત આવ્યો રે.

સૂતાં જોબનને ઢંઢોળે,
ઘરઘરનો ઘેરૈયો;
થનગન થનગન મોર ઝીંગોરે,
નાચત પ્રાણ-કનૈયો!
જીવનરસ છળ છાયો રે,
જાગો, વસન્ત આવ્યો રે.

અંધને બારણે તોરણ બાંધે,
પરોઢનો કેસૂડો;
જાગો, જાગો, સમીરણ ઘોરે
પ્રાણ તણો સિંધુડો!
જીવન રસબસ છાયો રે,
જીવનરસ છળ છાયો રે
જાગો, વસન્ત આવ્યો રે.

રતિલાલ છાયા

સામયિક ચિંતન

પ્રારબ્ધ

તમારા જે હાથ તે કર્મ માનો,
તમારા જે પાય તે ભાગ્ય જાણો,
તમારૂં હૈયું જ છે બ્રહ્મલેખ,
એથી જુદું છે ન પ્રારબ્ધ કોઈ.

તનસુખ ભટ્ટ

[૧]

કુમાર પ્રવાસ મંડળ

ઘણા વખતની ઈચ્છા 'કુમાર'ના વાચકો સમક્ષ આજ રજૂ કરૂં છું. વહેતો વખત અને જતી જિંદગી જાય છે તે જાય છે જ. ફરી એ પળ સાંપડતી નથી. વહ્યા વખતનો અને વીતેલી જિંદગીનો વિચાર કરીએ. આપણને લાગશે કે એક પસ્તાવો રહી ગયો છે. પણ એ પળનો કોઇ એવા કાર્યમાં ઉપયોગ કર્યો હોય કે જે આપણી એ જિંદગીને લાયક હોય તો એ ભૂતકાળ સુખદ સંસ્મરણ મૂકી જાય છે. જ્યારે એની યાદ આવે છે ત્યારે કંઈક ગાણ્યાનો સંતોષ જાગે છે. જીવનમાં આવા સંતોષ એકઠા નથી કર્યા તેનું જીવતર હળવું લાગશે. ભક્ત-ભાષામાં કહું તો જીવતર એળે ગયું.

પ્રવાસનો મર્મ સમજે તેને તો તે એક ધર્મ થઈ પડે છે. જ્ઞાનસાધનાનું તે એક વિશેષ સાધન છે. નહિ કલ્પેલા, નહિ સમજાએલા એવા કંઇકંઈ પ્રસંગો તેમાં આવે છે અને મહાન ગ્રંથોમાંથી કે સદ્‌ગુરુના શિક્ષણમાંથી પણ ન મેળવી શકાય એવું જ્ઞાન તેમાંથી સ્ફુરે છે. એ સ્વાનુભવનું જ્ઞાન છે. એ આત્માને સ્પર્શે છે. સ્વાનુભવના જ્ઞાનની તોલે અધ્યયનદ્વારા પ્રાપ્ત થએલું જ્ઞાન આવી શકે જ નહિ. હું જે પ્રસ્તાવ અહીં રજૂ કરૂં છું તેની આ ટૂંકી પ્રસ્તાવના છે.

'કુમાર'ના વાચકો સમક્ષ જ આ પ્રસ્તાવ-ઇચ્છા મૂકું છું તેનું એક ખાસ કારણ છે. 'કુમાર'નું સાહિત્ય એક વિશિષ્ટ પદ્ધતિનું છે. તેના વાચકોનું માનસ પણ તે જ પ્રકારનું હોય એમ હું માનું છું. મને તે ગમે છે. અને તેથી હું એમ માનું છું કે મારી કલ્પનાને તેઓ ઝટ સમજશે, આવકારશે અને સાથ આપશે.

ગુજરાત ધનલોભી છે એમ લોકો કહે છે. જ્ઞાનલોભ, શૌર્યલોભ કે સંસ્કૃતિલોભ ગુજરાતને છે કે નહિ તે મેં નથી જાણ્યું. મને તો હજી એ જ નથી સમજાયું કે ગુજરાતીઓનું સ્વત્વ કયી દિશામાં વહે છે. પણ એક વાત મને સમજાઇ છે કે ગુજરાતના જુવાનોમાં શૌર્ય-સાહસની છટા નથી. આ તો પ્રજાબળની પારાશીશી છે. જો ઊગતી પ્રજાને એનો શોખ ન હોય તો એ પ્રજા કંગાલ છે એમ માપી શકાય. આજનો જુવાન જ કાલે પ્રજાજન થશે ને? અધમૂવા ઊંદર ઉપર બિલાડી પોતાનાં બચ્ચાંને જીવનની જરૂરિયાતની તાલીમ આપે છે. આપણે તો રહ્યા આદમના વંશજો. હવે ધનથી જ આપણે જીવી શકવાના નથી. સાહસી જીવન, ખડતલ જીવન, જ્ઞાનસંપન્ન જીવન, એવું વિશેષ રૂપે આ યુગમાં આપણે મેળવવું જોઇશે. રાજા આપણું રક્ષણ કરે અને આપણે ધન કમાઈને મોજ માણીએ એ યુગ આથમી ગયો છે. હવે તો પ્રજા એ જ રાજા છે. પ્રજા વ્યક્તિઓની બની છે. દરેક વ્યક્તિએ બળવાન બનવું જ રહ્યું. તો જ પ્રજા બળવતી થશે. આવા યુગનો આરંભ થઈ ચૂક્યો છે. ઊઘશે તે મરશે. ગુજરાતને આની ચેતના છે? ન હોય તો લાવવી પડશે.

જુવાનોને, આવતી પેઢીના વારસદારોને કેળવવાનું કામ તો મોટેરાઓનું. મોટેરાઓને તેની ગમ ન હોય કે ફુરસદ ન હોય તો જુવાનોએ જાતે તૈયાર થવાનું. તેથી જ આ વાત કહું છું.

સાહસિક મનોવૃત્તિ કેળવવાનું ખાસ સાધન પ્રવાસ છે. પ્રવાસ એટલે ક્યાંક ગયા, બે દિવસ જોયું અને ચાલ્યા આવ્યા એ નહિ. પ્રવાસ માણવાની શક્તિ જાગ્રત થાય ત્યારે એ સમજાય. પ્રવાસને તીર્થયાત્રાનું સ્વરૂપ આપણે તીર્થઘેલાઓ હવે નહિ આપી શકીએ. એમ એ પુણ્યસાધન નહિ પણ શક્તિ અને જ્ઞાનસાધન છે એવું માનવું પડશે.

માટે મારી એક ઇચ્છા છે. 'કુમાર'ના નાનામોટા, જુવાન ઘરડા, સબળનિર્બળ બધા—જેમનામાં, જેમના સ્વભાવમાં સાહસપ્રિયતા હોય તેવા બધી ઉમરના વાચકોનું એક પ્રવાસ-મંડળ યોજવું. એના પ્રવાસીઓ એકજીવન બને તેવી નિકટતા સાધવી. જ્યારેજ્યારે વખત મળે ત્યારે ત્યારે પ્રકૃતિની ગોદમાં રમવા ચાલ્યા જવું. પણ બધું વ્યવસ્થિત.

'કુમાર'ના વાચકો પાસે આનો જવાબ માગું છું. તમને આ ગમે છે? જેનેજેને ગમે અને એમાં સક્રિય ભાગ લેવા તૈયાર હોય તેઓ 'કુમાર'ના તંત્રીશ્રીને પોતાનું પૂરૂં સરનામું જણાવી એક પત્ર લખે. આ મારી ઈચ્છા. **જીવરામ જોષી**

[આ વિષયમાં રસ ધરાવનારાઓએ લેખક સાથે 'બાલ મંદિર, બોટાદ, કાઠિયાવાડ' એ સરનામે પત્રવ્યવહાર કરવો.]

[૨]

આપણી સાચી સંપત્તિ

कणशः क्षणश्चै विद्यामर्थं च साधयेत्

થોડા વખત પર એક પત્રમાં ઇદોર સંસ્થાનના સરદાર



સંસારદર્શન ચિત્રાવલિ (પરિચય માટે જુઓ ૨૦૫ અંક)નું બીજું ચિત્ર : **આપણી શરમ–એમનો આનંદ**

કિબેનું એક ઉદાહરણ આપવામાં આવ્યું હતું કે એમના પર આવતા કાગળપત્રોના ઉપયોગી ભાગ કાઢી લઇ બાકીના કોરા ભાગનો તેઓ ઉપયોગ કરે છે અને આ બીના લેખકે કેન્જૂસાઈના બીજા લોકોના નમૂના સાથે ઉમેરેલી. પરંતુ આ પ્રકારે કોઇ પણ વસ્તુનો ઉપયોગી અંશ ફોકટ ન જવા દેવાની વૃત્તિ મારે મન દોષપાત્ર નહિ પણ ઊલટી અનુકરણીય જણાય છે. મને એવા એક બીજા અંગ્રેજ ગૃહસ્થની ઓળખાણ છે જે પોતાના પર ટપાલમાં આવેલાં પુસ્તકો કે ઈતર વસ્તુઓનાં પૂઠાં ને દોરી સહસા ચપ્પુથી ન કાપતાં હાથે તેની ગાંઠો છોડી એ પૂઠાં ને દોરી પુનઃ ઉપયોગમાં લે છે. અને હું પોતે પણ આજ ત્રીસ વરસથી એ જ ઉદ્યોગ આદરી બેઠો છું.

સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં આવી આવી અસંખ્ય બાબતો આપણી નજરે ચડે તેમ છે. નિશાળે જતાં છોકરાંઓની નોટબુકો જુઓ, એમની ટાંક, પેન્સિલ, રંગપેટીઓ, શાહી, ખડીઓ વગેરેનો અપવ્યય જુઓ તો તમને આશ્ચર્ય જ થશે, આપણા દારિદ્ર્યને હળવું બનાવવા સાટે એકેએક વસ્તુનો પૂરેપૂરીરીતે ઉપયોગ કરવો આવશ્યક છે. ટપાલની ટિકીટો સાથે જે લાંબી ગુંદરિયાળ પટી આવે છે તેનો પણ કોઈ પુસ્તકના ફાટેલાં પાના પર ચોડવા માટે ઉપયોગ થઈ શકે.

પરંતુ સૌથી જબરો દુર્વ્યય તો આપણા સમાજમાં સમયનો થઈ રહ્યો છે. પાંચ દસ મિનિટનો તો આપણે મન કંઇ હિસાબ નથી, પણ પાંચ જ મિનીટમાં તો જગતનાં અનેક મહત્ત્વનાં કામો થઇ ગયાં છે. સમયનો સદ્‌વ્યય કર્યા સિવાય કોઇ સમાજ કે કોઇ ઉદ્યોગ યશસ્વી થઇ ન શકે. આજે અનેક કારણોએ આપણું જીવન ઝડપપૂર્વક બદલાવા માંડયું છે. એથી ઉત્પન્ન થતી નવી પરિસ્થિતિને જીવનને અનુકૂળ બનાવવા માટે સમયની પળે પળનો હિસાબ લેવાવો જોઇએ. સમય અને વસ્તુનો યોગ્ય ઉપયોગ એ આપણી મુખ્ય રાષ્ટ્રીય સંપત્તિ છે; એ સંપત્તિનો માત્ર વ્યય જ આદરવામાં આવે તો આપણું દારિદ્ર્ય કેમ કરીને નષ્ટ થઈ શકે?

(કિર્લોસ્કર) —ગો. સ. સરદેસાઇ (રિયાસતકાર)

ગયા અંકના તંત્રીલેખ 'મારી નજરે'માં જેનો વિગતવાર પરિચય આપ્યો છે તે મુંબાઇ આર્ટ સોસાએટીના આ વર્ષના પ્રદર્શનમાંની કૃતિઓમાંથી ચૂંટેલી બીજી ચારનો સમૂહ આ અંકની અંદરની આર્ટ પ્લેટ તરીકે છાપ્યો છે. સોસાએટી તરફથી દર વરસે તેના ઑનરરી મંત્રી શ્રી વી.વી.ઓક પ્રદર્શનનું એક સુંદર સચિત્ર સૂચિપત્ર બહાર પાડે છે અને તે દ્વારા જનતાને પ્રદર્શનની સ્મૃતિ તથા અભ્યાસ જાળવી રાખવાની સરલતા કરી આપે છે. આ અંકમાનાં ચાર ચિત્રોનું પ્રકાશન પણ આર્ટ સોસાએટીના સૌજન્યને આભારી છે.

કીડીઓનું કટક

★ પૃથ્વીના ઉષ્ણ કટિબંધ ઉપર આવેલા દક્ષિણ અમેરિકાના અદ્ભુત વનપ્રદેશોની અનેક વિચિત્ર વાતો આપણને વાંચવા–સાંભળવાની મળે છે. પ્રગાઢ જંગલો, વિચિત્ર વનસ્પતિઓ, અને તેથી યે વિચિત્ર પ્રાણીઓ તથા પક્ષીઓ, વિશાળ નદીઓ, વિલક્ષણ જંગલી મનુષ્યો વગેરે, કુતુહલપ્રિય સાહસી પ્રવાસીઓનાં નિત્યનાં આકર્ષણો બની રહેલાં છે. આ વિચિત્રતાઓમાં અંધકીડીઓનાં કટકો વિષેના વૃત્તાંતો ભારે રોમાંચક છે. આ કીડીઓ Blind Ants કહેવાય છે અને તે કરોડોની સંખ્યામાં પ્રવાસ કરે છે. પોતાના પ્રવાસના માર્ગમાં આવતાં મનુષ્યો, પ્રાણીઓ અને વનસ્પતિઓ વગેરેને આ કીડીઓ સર્વભક્ષી કાળની પેઠે ખાતી આવે છે. તેમની મોટી સંખ્યાને લીધે તેઓ દુર્દમ્ય અને લગભગ અજીત છે. તેમના એવા ભયંકર સપાટામાં આવેલા એક સંસ્થાનની નીચેની કથની સ્વાનુભવરસિક છે. કાર્લ સ્ટીવન્સન નામે એક જર્મન લેખકના લેખ પરથી તે અહીં ઉતારી છે. અજીત અને સર્વશક્તિમાન ગણાતી મહાસાગર જેવી આ કીડીઓની ફોજને દક્ષિણ અમેરિકાના બ્રાઝિલ દેશમાં મોટા પાયા પર ખેતી કરતો એક જર્મન વસાહતી કેવા પ્રબળ પુરુષાર્થથી પરાસ્ત કરવામાં ફાવે છે તે વિષેની આ અદ્ભુત રોમાંચક છતાં સત્ય સાહસકથા છે.]

કલ્પના પણ થંભી જાય એવી, સર્વભક્ષી મહામૃત્યુ સમી

'તમારા સંસ્થાનનું આવી બન્યું જાણો. એ જ દિવસમાં એ કટકદળ આવી પહોંચશે. જીવ બચાવવો હોય તો તમે પણ નાસી છૂટો.'

બ્રાઝીલિયન અમલદારની આ પ્રલય-આગાહીથી લાઇનિન્જનનું રૂંવાડું સરખું યે ન ફરક્યું. અસાધારણ શાન્તિથી તેણે પોતાની સિગાર ફૂંક્યા કરી. પછી પ્રત્યુત્તરમાં 'ઠીક ચેતાવ્યો; પણ એમાં નાસું શું કામ?' એવું કંઈક તેણે બેપરવાઈથી કહ્યું.

તેનો આ લાપરવા જવાબ સાંભળી બ્હાવરા અવાજે બ્રાઝીલવાસી બરાડી ઊઠ્યો: 'નાસવું શા માટે? ગાંડો થયો છે, લાઇનિન્જન? આ પ્રભુસરજી આફતનો સામનો માનવીથી થાય એમ તું ધારે છે? બે માઇલ પહોળી ને દસ માઇલ લાંબી એ કીડીઓની પ્રલયરેલનો તને કંઈ ખ્યાલ છે? આ ભયાનક નારકી સત્ત્વો તારી સિગારેટની ત્રણ જ ફૂંક જેટલા વખતમાં તો એક જબરજસ્ત પાડાને ફોલી ખાઈ માત્ર ધોળું ચકચકિત હાડપિંજર જ બાકી રાખે છે એની ખબર છે?'


લાઇનિન્જનનું મોં હાસ્યથી લ્હેરાઈ ઊઠ્યું. 'બિરાદર, એ બધી પ્રભુ-સરજી આફતોની વાતો ડોશીઓ માટે રહેવા દે. એ જાતની કેટલી યે આફતો પાર કરી આ સંસ્થાન મેં ઉછેર્યું છે, એ જાણે છે? હવે આ કીડીઓથી ડરી હું મારૂં ફૂલ્યુંફાલ્યું ખેતર મૂકી નાસી જાઉં, એમ?'

ધમ કરતા પગ પછાડી બ્રાઝીલિયન ઊઠ્યો. જતાં-જતાં તે બોલ્યો, 'તારાં લાખ્યાં ભોગવ ત્યારે. તને ખ્યાલ જ નથી આ કીડીઓનો. તું તો મરીશ, પણ બિચારા તારે પાલવે પડેલા ચારસો મજૂરોનું પણ મોત કરીશ.'

નદી સુધી જઈ લાઇનિન્જને તેને લૉન્ચમાં વિદાય આપી. નદીના વળાંકમાં લૉન્ચ સપાટાબંધ અદૃશ્ય થતી જોયા બાદ તેને બ્રાઝિલના એ ડિસ્ટ્રિક્ટ અમલદારની ચેતવણીના જાણે ભણકારા વાગવા માંડ્યા: 'તને ખ્યાલ જ નથી આ કીડીઓનો! હું કહું છું તને કશો જ ખ્યાલ નથી ....'

લાઇનિન્જન પોતે પણ આ કીડીઓની વાતથી અજાણ્યો નહોતો જ. તેણે બતાવેલી નિર્ભયતા અજ્ઞાન કે અવિચારી સાહસથી પ્રેરાએલી નહોતી જ. આ સર્વભક્ષી બલાઓ પોતાના ખોરાક માટે મોટા તોતિંગ પ્રદેશોના પ્રદેશો ઉજ્જડ કરી નાખે છે અને માનવી, પશુ વગેરે સૌ

તેમના ભોગ બને છે એ વાત તેને વર્ષોથી માલૂમ હતી. આથી પોતાની વસાહતમાં તેણે આ ભય સામે એક જબરદસ્ત બચાવનો વ્યૂહ કરી રાખ્યો હતો અને એમાં તેનો વિશ્વાસ અટલ હતો. કહેવાતી પ્રભુપ્રેરિત આફતો–જેવી કે રેલ, દુકાળ, પ્લેગ વગેરે–થી બીજા વસાહતીઓ જ્યારે નિષ્ફળ થયા હતા, ત્યારે લાઇનિન્જન પોતાના પ્રબળ પુરુષાર્થ અને તીવ્ર બુદ્ધિમત્તાથી તે જ આફતોને દૂર કરી શક્યો હતો. પોતાના અનુભવના



વસાહતનો નકશો

કુદરતની કરાળ આફત સામે દક્ષિણ અમેરિકાના એક વજ્રનિશ્ચયી વસાહતીએ પ્રબળ પુરુષાર્થ અને અદ્‌ભુત બુદ્ધિમત્તાથી ખેડેલા સાહસજંગની એક રોમાંચકારી કથા

પરિપાક રૂપે તેણે સિદ્ધાન્ત કર્યો હતો કે માનવીના અમોઘ બુદ્ધિબળ પાસે કુદરતનાં ગમે એવાં તોફાની તત્ત્વો પણ લાચાર બને છે. કુદરતી આફતો ઊલટી માનવબુદ્ધિને કસોટીએ ચડાવે છે, અને એ બુદ્ધિના ઉપયોગ અનુસાર જ માણસ પોતે પોતાનો ભાગ્યસ્રષ્ટા બને છે અથવા ભાગ્યનો ગુલામ બને છે. વ્યવહારમાં પણ આ સિદ્ધાન્તનું તેણે રજેરજ પાલન કર્યું હતું. અખંડ પુરુષાર્થ, તેજસ્વી બુદ્ધિ અને વિજ્ઞાનનાં તમામ આધુનિક સાધનોની મદદથી પ્રાકૃતિક આપત્તિઓ દૂર કરી તેણે પોતાની વસાહતનો પાક અનેકગણો વધાર્યો હતો. આવો માનવી ગમે એવી ભયાનક ગણાતી કીડીઓની આફતનો સામનો સ્વાભાવિકરીતે કરે જ.

કીડીઓ આવવાના વાવડ સાંભળી લાઇનિન્જન વીજળીની ઝડપથી કામે લાગ્યો. પોતાના રેડ ઇન્ડિયન મજૂરોને તેણે મસલત માટે એકઠા કર્યા. બીજા રેડ ઇન્ડિયનો તો આ 'કીડીઓ'નું નામ સાંભળતાંવેંત જ જીવ લઇ નાસી છૂટતા; પણ આ મજૂરોને લાઇનિન્જનની શક્તિમાં અનુભવસિદ્ધ વિશ્વાસ હતો. જાણે કોઈ નવો શિકાર ન ખેલવાનો હોય એમ સૌ આનંદમાં આવી ગયા.

બીજે દિવસે બપોરે કીડી-કટક આવ્યાની જાણ થઇ. ઘોડાઓ ઊછળી ઊછળી ભડકવા માંડ્યા. વગડાઉ હિંસક પ્રાણીઓ, સાપ, વાંદરાં, ઘો વગેરે પોતે જીવલેણ હિંસા કરનારાં હોવા છતાં દીન બની, મહાત્રાસથી કોલાહલ કરી, વાંસે જાણે કાળ પડ્યો હોય એમ નાસવા લાગ્યાં. આ ભયત્રસ્ત શંભુમેળો લાઇનિન્જનના રક્ષણની પાણીની ખાઇ પાસે આવી અટક્યો. પણ આગળ જવાનો માર્ગ ન જડવાથી ત્યાંથી નદીની બાજુએ કંટાળી ચિત્કાર કરી સૌ આઘે નાઠાં.

ઉપર કહેલી ખાઇ, વસાહતની આજુબાજુ અર્ધગોળાકારે કીડીઓ સામેના રક્ષણ માટે જ કરવામાં આવી હતી. ખાઇ બાર ફીટ પહોળી હતી. તેમાં હમેશાં પાણી રહેતું નહિ. ખાઇના બે છેડા એક નદીને મળતા. એથી ત્રણે બાજુએ ખાઇ અને એક બાજુએ નદી એમ ચારે બાજુની વચમાં એક દુર્ગની પેઠે આખું વસાહતી ખેતર આવી રહેલું હતું. ખાઇનો એક છેડો નદીને મળતો હતો ત્યાં એક મોટો બંધ બાંધ્યો હતો. આનાથી જરૂર પડે ત્યારે ખાઇમાં પાણી લાવી શકાતું. લાઇનિન્જને આ ખાઇ હવે પાણીથી ભરાવી દીધી. ખાઇને બીજે છેડે જવાના વળાંક ઉપર કિનારે મોટું આંબલીનું વન હતું. કાંઠા ઉપરનાં વિશાળ વૃક્ષોની પાણીમાં ઝૂકતી ડાળીઓ તેણે તાત્કાલિક કપાવી નાખી, જેથી કીડીઓ તે દ્વારા ચડી ન ઊતરે. લાઇનિન્જને ધાર્યું કે હવે તો કીડીઓ જો પૂલ કે તરાપા બાંધવા જેવું અશક્ય કાર્ય કરે તો જ આ ખાઇ પાર કરી શકે. પછી ઢોરઢાંખર બૈરાંછોકરાં વગેરેને તરાપામાં બેસાડી નદીપાર મોકલાવી દીધાં, કારણકે તેઓના ગભરાટથી બચાવકાર્યમાં ખલેલ પડે. વસાહતના મધ્ય ભાગમાં એક નાની ટેકરી ઉપર ક્ષેત્રગૃહો, ધાનના કોઠારો વગેરે મકાનો આવેલાં હતાં. તેની આજુબાજુ એક છાબંધ ખાઇ આવેલી હતી. મોટી પેટ્રોલની ટાંકીઓમાંથી નળો વાટે તેમાં પેટ્રોલ ભરી શકાતું. જો કીડીઓ કદાચ પાણીની ખાઇ પાર કરે તો યે આ બીજી પેટ્રોલની ખાઈ તો દુર્ગમ જ હતી. પેટ્રોલ કીડીઓ માટે જીવલેણ હોય છે તે તો જાણીતું છે.

ત્યાર બાદ લાઇનિન્જને પાણીની ખાઇને કિનારે કિનારે થોડેથોડે અંતરે પહેરેગીરો મૂક્યા. આટલો બંદો-

અસ્રાની ધાર જેવી તીણી સૂંઢ અને ચકચકતી આંખોવાળા કાળા રાતા
દૃઢ નિશ્ચયબળ, સતત કર્મણ્યતા અને અસાધારણ સમયસૂચકતાથી

અસ્ત કરીને પછી તે નિરાંતે પાઇપ ફૂંકતો આરામખુરશી ઉપર પડ્યો. એવામાં અચાનક એક મજૂરે આવી ખબર આપ્યા કે કીડીઓનું કટક-દળ ચાલ્યું આવે છે. લાઇનિન્જન લાગલો જ ઘોડે ચડી આક્રમણની દિશા તરફ ગયો. નદીમાં મળતા છેડાઓ સિવાયનો ખાઇનો બાકીનો ભાગ ત્રણેક માઇલના વિસ્તારમાં આવી રહ્યો હતો. તેના કિનારાના મધ્યભાગે ઊભા રહેતાં સામે કિનારેથી શરૂ થતો વિસ્તૃત વનપ્રદેશ દૃષ્ટિમર્યાદામાં આવતો હતો. તેમાં વીસ ચોરસ માઇલના વિસ્તારનું ભયાનક દળ ધસી આવતું હતું. જીવલેણ કીડીઓ તેની અને લાઇનિન્જનની બુદ્ધિમત્તા વચ્ચે હવે અપૂર્વ જંગ ખેલવાનો સમય આવી પહોંચ્યો હતો. એ કટકદળનો શો ભયાનક દેખાવ હતો! લાંબી નજર પહોંચે ત્યાં સુધી ટેકરીઓના ઢોળાવ ઉપરથી અફાટ કાળું પ્રલય-પૂર માઇલોના વિસ્તારમાં ધસમસતું ઊતરી આવતું હતું. લાઇનિન્જનના આદમીઓના જીવ હવે તાળવે ટંગાયા. ઘડીભર પોતાના શેઠ ઉપરનો વિશ્વાસ ડગી ગયો. શેઠ તેમને હિંમત આપવા પાસે આવ્યા, પણ અંદરખાને જરા અસ્વસ્થ બન્યો. આ કોટ્યાનકોટી ભક્ષકોને રોકવા આખરે તો માત્ર એક નજીવી ખાઈ જ હતી ને! પોતાનાં મડદાંથી એ ખાઈ પૂરીને સામે પાર આવે તો યે સર્વનાશ કરવાને કીડીઓની પૂરતી સંખ્યા બાકી રહે તેમ હતું. જરાક ગજા ઉપરાંત જોખમ વહોરાયું એમ લાઇનિન્જનને લાગ્યું. છતાં પણ આ સર્વભક્ષી મહા-મૃત્યુ સામે લડી લેવાનો તેણે ભીષણ નિશ્ચય કર્યો.

કીડીઓનું દરિયા-દળ એટલી વ્યવસ્થા ને શિસ્તથી આગળ ધપતું હતું કે ભલભલા લશ્કરી નિષ્ણાતોને પણ પોંચા કરડવા પડે. વિશાળ આગલી હરોળો ખાઇ પાસે આવતાં જ અટકી. અટકાવ થતાં જ બંને બાજુની જંગી પાંખો—એક ખાઇની પૂર્વ બાજુની ધારે ધારે, અને બીજી પશ્ચિમ બાજુની ધારે ધારે—માત્ર એક જ કલાકમાં આગળ ધસી. અફાટ મધ્ય દળ ખાઈના મધ્ય કિનારે જ શાંત ઊભું. અસ્રાની ધાર જેવી તીણી સૂંઢ ને ચકચકતી આંખોવાળો એકેકા અંગૂઠા જેવડો એ કાળો રાતો કીડો સામે પારથી પણ વરતી શકાતો. એ અફાટ સંહારસેનાનો આ એકેક જીવડો જાણે વિચાર કરતો હતો કે 'સામે પાર પહોંચી તમને બાધે જ છૂટકો છે!'

બરાબર ચાર વાગ્યે બંને પાંખોનું દળ નદીને મળતા ખાઇના છેડાઓ આગળ અટક્યું. કૈંક છૂપી તાર-વ્યવસ્થા હોય એમ, રોકાણના સમાચાર આખા કટકમાં વીજળીવેગે ફેલાયા. મધ્યવર્તી દળોને ખળભળતાં જોઈ લાઇનિન્જને ક્ષણભર માન્યું કે કદાચ આખી યે સેના ખોરાક માટે બીજી દિશાએ વળી જાય. પણ આ ભ્રમ તત્કાળ ભાંગ્યો. મધ્યવર્તી દળના અસંખ્ય જીવ પાણીમાં હોમાવા લાગ્યા અને તેમના બનેલા ઘટ અસ્તર ઉપર થઇ બીજા અનેક આગળ ચાલ્યા આવીને પાણીમાં હોમાઇ બીજા પાછલા અગણિત સાથીઓ માટે ચાલવાનું અસ્તર પાથર્યે જતા હતા. એવા અસ્તરોના બનેલા કીડી-ઓના ટાપુઓના ટાપુઓ પાણીના વહેણમાં તણાયે જતા, અનેક ડૂબી જઈ નાશ પામતા હતા, છતાં યે નિદાન એક યાર્ડ જેટલી પહોળાઈના વિસ્તારમાં તો કટકદળ પ્રવાહ પાર કરવા લાગ્યું હતું! લાઇનિન્જને એક મજૂરને નદીનો બંધ મજબૂત કરવા મોકલ્યો; બીજાને પાવડા કોદાળી ને પેટ્રોલની પીચકારીઓ વગેરે લાવવા મોકલ્યો; અને થોડા ચોકિયાતો રાખી બાકીના બધાને મુખ્ય ધસારા વાળી જગ્યાએ બોલાવી લીધા. ધાર્યા કરતાં વધુ ઝડપથી કીડીઓ સામે પાર ધસતી હતી. પાછલી અપરિમિત સંખ્યા આગળનાને ઠેલ્યે જ જતી હતી. એક ડૂબે ત્યાં દસ એની જગ્યા લેતી. પાણીનું વહેણ જોસથી વહેતું હતું; છતાં આ ભયાનક સામુદાયિક હલ્લો ખાળી શકાયો નહિ. બચાવનાં સાધનો આવતાં પહેલાં તો કટકદળે અર્ધા ઉપર રસ્તો કાપ્યો. જો તમામ દળોએ એકીવારે ધસારો કર્યો હોત તો શી દશા થાત એ વિચારમાત્રથી લાઇનિન્જન કંપ્યો. પણ એની દૃઢતા ઑલિમ્પિક રમતોના વિજયવાંછુ ખેલાડી જેવી અડગ હતી. પૂર્ણ પુરુષાર્થ અને સતત કર્મણ્યતાથી છેવટ લગી લડી લેવાની ઝંખનાથી તેનું મન એટલું તો ઉત્તેજિત થઇ ગયું હતું કે ક્ષણવારમાં જ આવનારા મહાવિનાશનો વિચાર સુદ્ધાં તેના મનમાંથી લુપ્ત થઈ ગયો. મજૂરોને પણ હવે તેના વજ્ર-નિશ્ચયનો ચેપ લાગ્યો હતો.

કીડાઓની વીસ ચોરસ માઈલના વિસ્તારની અણખૂટ સંહારસેના સામે લડી મેળવાએલા બુદ્ધિ અને બહાદુરીના વિજયની એક સાહસવાર્તા

પાવડે પાવડા માટી ખોદી તેઓ પ્રવાહની મધ્યમાં ફેંકવા માંડ્યા. ધૂળમાટીના આ હલ્લાથી બ્હાવરાં બનેલાં અરિદળ ઉપર પાછું પેટ્રોલ વરસાવવામાં આવ્યું. પણ આનાથી ન હારતાં કીડીઓએ હુમલાની રીત ફેરવી અને આક્રમણનો વિસ્તાર ખૂબ ફેલાવ્યો.

મજૂરોની સંખ્યા એટલા બધા વિસ્તારના બચાવ માટે પૂરતી નહોતી જ. અને આ જાણે ઓછું હોય એમ માટીનાં ઢેફાં ફેંકાયાથી ઊછળતી પાણીની છોળો સાથે કીડીઓનાં લૂમખાં કિનારે ફેંકાતાં મજૂરોએ પાગલની જેમ પાણીમાં માટી અને પેટ્રોલ નાખવા માંડ્યાં. પણ વિશાળ વિસ્તારમાં પહોંચી વળવું અશક્ય હતું. એક મજૂરે તો કીડીઓના એક લૂમખા ઉપર પાવડાનો ઘા માર્યો. પણ ઝટ પાવડો ઉચકાયો નહિ, એટલે પાવડાના હાથા ઉપરથી સેંકડો કીડીઓ ચડી મજૂરના હાથ ઉપર ફરી વળી. તેમના ડંખ તેના માંસમાં ઊંડા ચટચટ ખૂંપવા લાગ્યા અને વાઇ આવી હોય એમ મજૂર તરફડવા માંડ્યો.

અસાધારણ સમયસૂચકતાથી લાઇનિન્જને બૂમ પાડી: 'બેવકૂફ! જુએ છે શું? પેટ્રોલમાં હાથ ડબોળી દે.' પેટ્રોલથી કીડીઓ મરી, પણ વછૂટી નહિ. એક મજૂરે તેને ઉતેડી નાખી. બીજા એક વૃદ્ધ મજૂરે કીડીઓના ડંખ માટે ખાસ વનસ્પતિમાંથી તૈયાર કરેલો રસ પાયો. આટલીવારમાં તો કેટલીયે કીડીઓ કિનારે ચડવા લાગી હતી અને ઉપરટપકે જોનારને તો હવેની આખી પરિસ્થિતિ ૯૯ ટકા વિરુદ્ધ લાગે એવી બની ગઈ હતી.

પણ લાઇનિન્જનના મગજમાં કેટલી રચનાત્મક પ્રગતિ થઇ રહી હતી તે બહાર શી રીતે જણાય! તેની રક્ષણપદ્ધતિ ડહાપણભરી હતી. હવે તો ખાઇમાં પાણીનો પ્રવાહ જોસબંધ છોડી મૂકવાથી બચાવ થવો શકય હતો. એમ થતાં જ કીડીઓના ઢગલેઢગલા ડૂબવા માંડ્યા અથવા વમળોમાં ગુંચવાઈ ઘસડાઇ જવા માંડ્યા અને તાત્કાલિક તો બધો હુમલો બેરવિખેર થઇ ગયો. મરણને આરે આવેલા વસાહતીઓને કંઇક વિજય મળ્યો જણાયો. આનંદના પોકારો કરતા સ્ફ્રવાટભર્યા મજૂરો હજુ ધૂળમાટી ફેંકયે જતા હતા. પ્રવાહની આરપાર આવવા મથતું અગણિત કટકદળ થાકીને ઓસરી ગયું, અને સામે કિનારે ચડી ગયું. માંણ ખેંચાતી અસંખ્ય કીડીઓના ઢગલેઢગલા ખેંચાઈ જઈ નદીમાં ઠલવાઈ નાશ પામ્યા. બધા મજૂરો ને ચોકીઆતો પ્રચંડ આનંદોર્મિમાં મસ્ત બની વિજયોત્સવ ઊજવવા માંડ્યા.

સામે આંબલીઓની ઘટા પાછળ સૂર્ય ડૂબવા લાગ્યો. સંધ્યાનું ઘેરૂં અજવાળું વિલીન થતાં રાત બરાબર જામી. સવાર સુધી કશો ઉપદ્રવ થાય એમ નહોતું, પણ તકેદારી સંપૂર્ણ રાખવામાં આવી હતી. પાણીનો પ્રવાહ જોરમાં વહેતો રાખવામાં આવ્યો હતો. કિનારા ઉપર ચોકી કરતી મજૂરોની છાવણી સતત જાગૃત રહી હતી. બે મોટરો કિનારે ઘૂમતી રહી હતી. તેનાં હેડ લાઇટ્સ અને વીજળીક ટૉર્ચ વડે પાણી ઉપર સતત પ્રકાશ નાખ્યા કરવામાં આવતો હતો. આટલો બંદોબસ્ત થયા પછી લાઇનિન્જન નિરાંત જીવે જમ્યો અને પછી, માઇલો સુધી વિસ્તરેલા જીવલેણ કટકદળની જાણે જરા યે ચિંતા ન હોય તેમ ઘસઘસાટ ઊંઘી ગયો.

સવારમાં વહેલા ઊઠીને આ ઉદ્યોગી વસાહતીએ ખાઇની પેલી તરફ વિસ્તરેલા અફાટ કીડીદળનું અને ખાઇના દુર્ભેદ્ય પટનું શાંત ભાવે નિરીક્ષણ કર્યું. હવે હુમલો થાય તો યે પ્રવાહનું જોર વધારી બધી બલાઓનો નાશ કરી દેવાય. પણ લડત આમ સમેટાય એ રણશૂરા લાઇનિન્જનને પાલવ્યું નહિ. ઘોડે બેસીને તે કિનારેકિનારે બંદોબસ્ત તપાસવા નીકળ્યો. જ્યાં નદીનો બંધ નહોતો તે પશ્ચિમ તરફના છેડે જતાં તેણે એક વિચિત્ર દેખાવ જોયો. ત્યાં આંબલીની ઘેરી ઘટાઓ જામી હતી અને લાખોની સંખ્યામાં કીડીઓ ત્યાંનાં ઝાડો વનસ્પતિ ઉપર પથરાઈ ગઈ હતી. ઝાડો ઉપરથી પાંદડાં ને ડાંખળાંની અવિરત વૃષ્ટિ થયે જતી હતી, પણ તેનો ખાવામાં ઉપયોગ થતો જણાયો નહિ. પણ લાઇનિન્જને ધાર્યું કે કદાચ કીડીઓ આ રીતે ભોજનની વ્યવસ્થા કરતી હોય તો નવાઈ નહિ. કીડીઓની બુદ્ધિ કયાં છાની છે! તેમના દળમાં કેટલી યે દૂઝણી ગાયો જેવી હોય છે; કેટલી યે ચોકિયાત કૂતરાઓની ફરજ બજાવે છે. તેમની કાર્યકુશળતા, શિસ્તની ભાવના અને અદ્ભુત વ્યવસ્થાશક્તિ

તો સૌ કોઈ જાણે છે.


ડઝનબંધ કીડીઓ એકેક પાંદડું લાવી લાવી ખાઈને કિનારે નાખતી હતી. ત્યાં રહેલી બીજી કીડીઓ માટે ખાવા સારું જ હશે ને? કે પછી તેના તરાપા બાંધવા માટે! ઓત્તારીની! એકાએક લાઇનિન્જન તરાપાના વિચારથી ચમક્યો. મૅકબેથને જેમ બર્નામનું જંગલ સજીવન થઈ સામું આવતું લાગ્યું હતું તેમ હવે તેને લાખો કીડીઓ વડે વહન થતું પાંદડાંનું વન ખાઇને કિનારે ધસ્યું આવતું જણાયું. ખરેખર, બુદ્ધિમાન કીડીઓએ તરાપાની જ યુક્તિ શોધી કાઢી હતી! પણ મૅકબેથની પેઠે આ વૈજ્ઞાનિક ખેડૂત ગભરાયો નહિ. ડાકણોની આ ભવિષ્યવાણી આગલી રાતે થઈ હોત તો યે તે નિરાંતે ઊંઘ્યો જ હોત. છતાં આગલા દિવસ કરતાં મામલો વિકટ છે એમ તો તેને જરૂર લાગ્યું.

આશ્ચર્ય! કીડીઓ વળી તરાપા બનાવીને ખાઈ પાર કરી શકે ખરી! વાત ગણાય તો અશક્ય; પણ મામલો એવો જ દેખાતો હતો. ખડખડાટ કરતાં ઢગલે ઢગલા પાંદડાં ગબડી ગબડી ખાઈમાં પડવા લાગ્યાં અને તણાઇને પૂરના મધ્ય ભાગમાં જવા માંડ્યાં. એકેક પાંદડા ઉપર કીડીઓનાં ઝૂમખાં ને ઝૂમખાં બાઝેલાં હતાં. લાઇનિન્જને ત્યાંથી ઘોડો મારી મૂક્યો અને રસ્તામાં મળતા બધા ચોકિયાતોને બધાં સાધનો સાથે નવા હુમલાની જગ્યાએ પહોંચી જવા હુકમ આપતો ગયો. પણ પ્રથમ થએલા હુમલાવાળી જગ્યાએ આવતાં જ લાઇનિન્જને એક બીભત્સ દેખાવ જોયો. ચોપગા પ્રાણી જેવું દેખાતું, બેડોળ માથાવાળું, તરફડતા પગવાળું કૈંક કૈંક લડથડિયાં ખાતું આવી ખાઇને સામે કિનારે પટકાયું. પંપાસ જાતનું તે મોટું સાબર હતું.

એટલી બધી કીડીઓ એને બાઝી હતી કે તેનો કોઇ ભાગ દેખાતો નહોતો, એટલું જ નહિ પણ ઠેકાણેઠેકાણે મધપૂડા જેવાં ઉપસાણ થવાથી તેની ખરી આકૃતિ જ પરખાય એમ નહોતું. ભૂલ્યું ભટક્યું તે કટકદળ તરફ આવતાં કીડીઓએ પ્રથમ તો રિવાજ મુજબ તેની આંખો ફોડી નાખી. દુઃખમાં ભાન ભૂલી તે સીધું દળ તરફ જ ચાલ્યું, જ્યાં તે પટકાઈ પડી મોતને અભાવે દારુણ યાતનામાં રિબાવા માંડ્યું. પિસ્તોલની એક ગોળીથી તેને યાતનામુક્ત કરી લાઇનિન્જને ઘડીઆળ કાઢી. એક સેકંડ પણ ગુમાવવાની નહોતી, છતાં તે એ સાબરનો સંહાર થતો નજરેનજર જોઈ રહ્યો. માત્ર છ જ મિનિટમાં બધું પતી ગયું. પછી રહ્યું માત્ર ચકચકાટ કરતું હાડપિંજર! 'સીગારેટની માત્ર ત્રણ ફૂંકમાં પોતાના પણ એ જ હાલ....' તેને બ્રાઝીલિયન અમલદારના શબ્દો યાદ આવ્યા.


લેશમાત્ર વિચાર કર્યા વગર તેણે તરત ઘોડાને એડી મારી. ગઈ કાલે મળેલા વિજયથી તેને એક ખેલાડીનો ચડસ ચડ્યો હતો. તે ચડસ આજ ઓસરી ગયો, અને તેને બદલે મનનો શાંત અને દૃઢ ભાવ પેદા થયો. કારણ ખરો ભય આવી લાગ્યો હતો અને તે દૂર થાય કેમ! દુશ્મનબળ વધ્યું હતું. હવે પોતાને સૌને મરવા વારો આવ્યો હતો. બુદ્ધિબળની પરાકાષ્ઠા અજમાવ્યા સિવાય કીડીઓ કોઈ રીતે હવે હઠે એમ નહોતું.

લાઇનિન્જન શાંત મનથી આંબલીઓની ઘટાવાળી જગ્યાએ ગયો. ત્યાં કીડીઓની પ્રવૃત્તિ પૂર જોસમાં ચાલતી હતી. કીડીઓનાં લૂમખાંવાળાં અનેક પાંદડાં પૂરના જોસથી ખેંચાઇ ખેંચાઇ, એકઠાં મળી એક વિસ્તૃત સેતુ બનાવ્યે જતાં હતાં. પેટ્રોલ અને માટીના સતત મારા છતાં અસંખ્ય પાંદડાં એકઠાં થયે જતાં હતાં અને થોડી વારમાં લાખો કીડીઓ સામે પાર ધસી જઇ શકે એવો માઇલેક લાંબો પૂલ થઇ જાય એવાં ચિહ્નો જણાતાં હતાં. મારતે ઘોડે લાઇનિન્જન બંધવાળી જગ્યાએ આવ્યો. નદીમાંથી બંધ દ્વારા ખાઈમાં જોઈતા પ્રમાણમાં પાણી નિકાસ કરવા માટે એક યાંત્રિક ચક્કર કિનારા ઉપર રાખવામાં આવ્યું હતું. ચક્કર પાસેના આદમીને હુકમ આપવામાં આવ્યો કે પહેલાં પુષ્કળ પાણી ખાઇમાં વહેવા દેવું; પછી તરત જ પાછું તે બંધ કરી પાણીની સપાટી સાવ નીચી કરી દેવી; પછી પાછો પાણીનો ધોધ છોડવો; ને વળી પાછી સપાટી નીચી કરી દેવી. બીજો હુકમ મળતાં સુધી આ ક્રિયા ચાલુ રાખવાની હતી. આ યુક્તિથી પહેલાં તો કીડીઓનો ઠીક ઘાણ નીકળ્યો. સપાટી તળીએ બેસતાં જ પાંદડાંનો વિસ્તાર કીડીઓ સહિત નીચે બેસતો, અને વળી પાણી ખાલી જોઈ કિનારા ઉપરનાં જૂથનાં જૂથ ખાઈમાં ધસી જતાં. પણ પાછળથી ધોધબંધ પાણી ધસી આવતું અને કીડીઓ, પાંદડાં વગેરેને ક્યાંયનું ક્યાંય નદીમાં ઘસડી જતું. આથી કીડીઓ પાર તો ન ઊતરી શકી, પણ



ઋષિકુમાર — મિસિસ મગડા નાચમન

એક નમ્ર સ્વભાવનાં રશિયન તરુણી મિસિસ મગડા નાચમન હિંદવાસી થયાં છે. એમની અભ્યાસપૂર્ણતા ને વસ્તુનું સંશોધન હિંદી વિદ્યાર્થીઓને દૃષ્ટાંત રૂપ બને એવાં છે. સ્વચ્છ ઉઠાવદાર શૈલીનું સુસ્પષ્ટ આલેખન એ એમનું પ્રધાન લક્ષણ છે.



દોસ્તી — વી. એસ. ગુર્જર

આ તાજો તરુણ કલાકાર દર વરસે ચોટદાર પીંછીથી પાત્રાલેખન રજૂ કરે છે. આ ચિત્ર તરુણીનું કોણી આગળથી જ અટક્યું હોત તો ?



દંપતી — ડી. જે. શેઠી

આધુનિકતામાં પ્રાચીનતાનો સુયોગ કરનાર મુંબાઈના નવીન કલાકારો પૈકી એકનું આ ચિત્ર છે. પાત્રો અને ચોમેરનું દૃશ્ય સૂચક તથા રચના સુબદ્ધ છે.



સખીઓ — વિનુ શુક્લ

રાજપૂત શૈલીનું આનું રેખાંકન અને સાદી રૂપરચના ધ્યાન ખેંચે એવાં બન્યાં છે

(Blocks by Courtesy of The Bombay Art Society)

એક પીડા ઊભી થઈ. પાણી જોસબંધ ખાલી થતું અને ભરાતું એટલે તેનાં ઊછળતાં મોજાં ઉપરથી કીડીઓનાં લૂમખાં વસાહતી કિનારે ફેંકાતાં કિનારા પર પડતાંવેંત તે મજૂરોનાં શરીર પર ચડી જોસથી ચટકાવવા લાગ્યાં. ચીસો પાડી રેડ ઇન્ડિયનોએ પહેરણ પાટલૂન ઊઝરડી કાઢ્યાં અને કીડીઓને પગ તળે છૂંદવા માંડી. સદ્‌ભાગ્યે કીડીઓ ઓછી હતી. પણ એટલામાં પાણી ઓછુંવત્તું વહેવડાવવાની ક્રિયા દરમિયાન એક મહા ઉપાધિ થઈ. એકવાર પાણી સાવ ઉલેચ્યું, અને પાછું વહેવડાવા પ્રયત્ન કર્યો, પણ પાણી થયું બંધ! કૈંક બંધનું યાંત્રિક કામ બગડ્યું હોવાનો સંભવ હતો. થયું. સર્વનાશ જડબું ફાડી ઊભો રહ્યો! એક ચોકીદાર હાંફળો-ફાંફળો આવી બોલી ઊઠ્યો: 'કીડીઓ પાર થયે જાય છે!'

વાત એમ બની કે ચક્કર ફેરવનાર મજૂરે પાણીનો નિકાસ કરવામાં કૈંક વાર લગાડી કે લાગલું જ કીડીઓનું એક મોટું દળ આરપાર સામે કિનારે ધસી ગયું. ત્યાં રહેલા મજૂરોને ચટકા લાગવાથી બૂમાબૂમ થઈ રહી. ચક્કર પાસેનો મજૂર પાણી છોડે એ પહેલાં તો સેંકડો કીડીઓએ આવી તેને ઘેરી લીધો. ચક્કર છોડી એ જીવ લઈ નાઠો. આ બાતમી સાંભળી લાઇનિન્જને વસાહતને બચાવવાની આશા છોડી. વિશાળ ફળદ્રુપ ખેતરને નાશના મોંમાં જતું જોયા છતાં તે કર્તવ્યમૂઢ ન થયો. હવામાં રિવૉલ્વરના ત્રણ બારની નિશાની આપીને, માંઝની છોબંધ ખાઇ વટાવીને બચાવની બીજી હરોળમાં જવા તેણે સૌને સૂચના કરી અને પોતે ક્ષેત્રગૃહ તરફ દોડતો ગયો. કીડીઓના આક્રમણથી આ જગ્યા બેએક માઈલ દૂર હોવાથી બચાવની બીજી હરોળ તૈયાર કરવા પૂરતો સમય હતો. પેટ્રોલની ત્રણ મોટી ટાંકીઓમાંની એક અત્યાર સુધીમાં અરધી ખપી હતી. બાકીની અરધી જમીનમાં નાખેલા નળ વાટે છોબંધ ખાઇમાં વહેવડાવી દેવામાં આવી. આ ખાઇ ટેકરી ઉપરનાં ક્ષેત્રગૃહોને ઘેરીને આવી રહેલી હતી. મજૂરો સૌ દોડતા લાઇનિન્જનની પાસે આવ્યા. તેમના ચહેરા નિરાશાથી પડેલા હતા. તેમને ઉદ્દેશી વસાહતી બોલ્યો: 'ભાઇઓ, હજી હું નિરાશ નથી થયો. હજી યે આપણે આ ભુખાળવી બલાઓને જેર કરી શકીશું. જેને શ્રદ્ધા ન હોય તે પોતાનો પગાર લઈ નદી પાર કરી જાય. હજી વખત છે.' એક પણ આદમી ચલિત થયો નહિ. લાઇનિન્જન ખૂબ ખુશ થઇ બોલ્યો: 'શાબાશ બચ્ચાઓ! આનું નામ બહાદુરી. સવાર થતાં સંકટ દૂર થશે. પછી સેજે તમારો બદલો. અત્યારે તો પેટ ભરીને ખાઇ લ્યો.' સવારથી કોઇએ જરા યે ખાધું નહોતું. સૌ ધરાઇને જમ્યા.


ખાઈ ઉપરથી પૂલો ઉતારી લેવામાં આવ્યા. થોડી છૂટીછવાઈ કીડીઓ આવી, પણ પેટ્રોલની ગંધથી ત્રાસી, પાછી ચાલી ગઈ. કીડીઓને આગળ જવાની જરૂર પણ શી હતી! બંને ખાઇ વચ્ચે માઇલો ને માઇલોના ઘેરાવામાં આવેલાં પાકથી લચી પડતાં ખેતર ઉપર અસંખ્ય કીડીઓનું ભૂખ્યું કટક તૂટી પડ્યું હતું. ઝાડ ઝાડ ને છોડવે છોડવો કીડીઓથી છવાઈ ગયો હતો. વર્ષોની મહેનતનો પરિપાક સપાટાબંધ ખલાસ થયે જતો હતો. સાંજ પડવા આવી, પણ પેટ્રોલવાળી ખાઈ પાસે કીડીઓ ફરકી નહિ. છતાં ખાઇને કિનારે ઇલેક્ટ્રિક ટૉર્ચ સાથે ચોકીદારો ગોઠવવામાં આવ્યા. ઘટતો બંદોબસ્ત કરી લાઇનિન્જને ઘરમાં જઈ થયેલા નુકસાનનો અડસટ્ટો કાઢ્યો. પણ પાસેની મૂડી કરતાં નુકસાન સાવ ઓછું નીકળ્યું. પછી જુદી જ ઝડપી વ્યવસ્થાથી ફરી પાછું ક્ષેત્ર વિકસાવવાની યોજના વિચારીને તે નફિકરો થઇ આખી રાત ઊંઘ્યો.

સવારનો તડકો પડતાં જ તે ઊઠ્યો અને મકાનને છાપરે ચઢ્યો. આજુબાજુ નજર કરી તો શું જણાયું? દૃષ્ટિ પહોંચે ત્યાં લગી માઇલોના ઘેરાવાનો પ્રદેશ ખદબદતી કીડીઓથી કાળો પડી ગયો હતો. કવિ કાન્તેએ વર્ણવેલું જાણે સાક્ષાત નરક! માત્ર નદીની બાજુ ચોકખી હતી. પણ ત્યાં કીડીઓથી અવાય-જવાય એમ નહોતું. પણ રેલનું પાણી ખાળવા કિનારાના પાણીમાં ઊભા કરેલા સળંગ હારબંધ પથ્થરો કીડીઓથી છવાઇ ગયા હતા. આનો એટલો જ અર્થ કે આખું ખેતર ખાઇને પણ ન ધરાતાં અંદરના કોઠારો અને ચારસો માણસોને પણ કીડીઓ હજી સાફ કરી નાખવા ઇચ્છતી હતી!

હવે પેટ્રોલની ખાઈ પાર કરવા કીડીઓ મથી. પેટ્રોલ એમને માટે જીવલેણ હતું. કીડીઓ ઝટ સમજી ગઇ, પાછી હઠી અને જુદો જ નુસખો અજમાવવા તૈયાર થઈ. લીલવણ માત્ર સાફ કર્યું હતું એટલે સૂકાં પાંદડાંડાંખળાં વગેરે લાવી તેમણે ખાઇમાં તરતાં મૂક્યાં.

એક પાંદડેથી બીજે ડાંખળે, અને ત્યાંથી ત્રીજે પાંદડે એમ 'સ્ટૉર્મ ટ્રુપ્સ' પૈકાની કેટલીક કીડીઓ આગળ વધી. બીજીઓએ દૂરની પાણીની ખાઈમાંથી આંગલીનાં પાંદડાં લાવીને નાખવા માંડ્યાં! એથી કેટલીક વધારે પેટ્રોલમાં ઊતરી શકી. કેટલીએક કિનારે આવી

મજૂરો આનંદની કિકિયારીઓ પાડી ઊઠ્યા. થોડીવારે જ્વાળાઓ શમતાં જણાયું કે કિનારાના વિસ્તારમાં પણ ઘણી કીડીઓ ઝાળથી બળી મરી હતી. કટક દૂર હટ્યું હતું, પણ પાછું ધસી આવ્યું. પાછું પેટ્રોલ નંખાયું. આ ફેરે રાખની આછી તર ખાઈમાં



સર્જક આંગળાં . . જણે જણ કળાકાર

વર્ષોનાં વર્ષોથી કળા વિષે એક એવી ખોટી માન્યતા દૃઢ થઈ ગઈ છે કે કળાકારો તો જન્મે જ છે, બનાવ્યા બનતા નથી. પણ બધા ભૂલી જાય છે કે પ્રત્યેક બાળક બીજ રૂપે કળાકાર જ હોય છે; માત્ર આપણું ખોટું કળાશિક્ષણ તેનો ખુરદો કરી નાખે છે. જનતાનો પ્રત્યેક જણ સાચા અર્થમાં કળાકાર ન કેમ બની શકે તેને માટે કોઈ જ સબળ કારણ નથી. ગમે તે ધંધાનો માનવી જો સાચી કળા પામે તો સારો વેપારી, સારો ડાક્ટર કે વકીલ થાય જ. પોતાની પરિસ્થિતિ અને સૃષ્ટિમાંથી કળાભ્યાસ વડે કરેલો સૌંદર્યનો પરિચય તેની સૂક્ષ્મેન્દ્રિયોને વિકાસ આપે છે, અને તે પોતાના ધંધામાં વધુ દીપી વધુ સંસ્કારી જીવનની કળા સાધી શકે છે તથા સારો નગરજન બની શકે છે.

ભાગ્યે જ કોઈ બાળક એવું જન્મ્યું હશે કે જેના પર તેની આસપાસની મનોરમ સૃષ્ટિની અસર થતી ન હોય; જેણે આકાશના તારાઓનું કે હસતાં ફૂલોનું આકર્ષણ અનુભવ્યું ન હોય. પરંતુ એ આનંદ લૂટવાની વૃત્તિમાં મોટાઓનું ઉત્તેજન કે સહાય કેટલાકને ન મળ્યાં; અને તે બધા એ રીતે આનંદના સામ્રાજ્યથી વંચિત રહી ગયા. રંગોની માદકતા, સંધ્યાનાં દિવ્ય આકાશો, પ્રભાતનાં પંખીગાન અને રસ્તા પરની વાડોનાં ફૂલોથી મળતું ખરેખરું વૈભવી જીવન માત્ર આપણી અવળી માન્યતાઓએ ઝૂંટવી લીધું છે.



જેમજેમ આપણે મોટા થતા જઈએ છીએ તેમતેમ આપણા જીવનમાર્ગમાં કુદરત જે સાદા ચમત્કાર ભરી રહી છે તેનો તનમનાટ ભોગવવાની કળા ગુમાવીએ છીએ, અને આપણા રોજના વ્યવહારમાં મેઘધનુષના રંગો પૂરીને મનોરંજકતા મેળવવાને બદલે વૈતરું અને ચિંતાભર્યાં કંગાલ દૃશ્યો ઊભાં કરીએ છીએ, કારણકે આપણી બાળકેળવણીમાં જ આ કુદરતી સાદી કળાવૃત્તિનો વિલય થઈ જાય છે.

'દરેક જણ કંઈ કલાકાર થઈ શકતો નથી; માટે કળાશિક્ષણમાં એ ભેદ પાડવા જ જોઈએ' એવું કથન વારંવાર રજૂ કરવામાં આવે છે. આ કોઈ ન સમજાય એવું બેહૂદું આશ્ચર્ય છે. એક પક્ષ ક્રિયાત્મક અભ્યાસનો છે, બીજો અનુભવાત્મક અભ્યાસનો છે.

કે માણસોમાં ત્રાસ ફેલાયો. જરાકે હડબડ્યા વગર લાઈનિન્જને બૂમ મારી: 'ખાઈથી દૂર હટો!' સૌ ખસ્યા પછી તેણે એક દીવાસળી ચેતાવી પેટ્રોલમાં નાખી. નાખતાંની સાથે જ હડહડ કરતી જ્વાળાઓ નીકળી. ખાઈમાંની હજારો લાખો કીડીઓ ફૂંકાઈ ગઈ.

બાઝેલી હોવાથી પૂલ સહેલાઈથી બન્યો. પાછી દીવાસળી ચંપાઈ; પાછી અગ્નિઝાળ હજારો કીડીઓ ભક્ષી ગઈ. વળી એ જ રીતે પાછો થયો ત્રીજો સંહાર. આમ હોમાયાથી કીડીઓનો શો અર્થ સરવાનો હતો? અલબત્ત, પેટ્રોલનો જથો અખૂટ હોય તો તો કંઈ જ

અર્થ નહોતો સરવાનો. પણ તેટલું પેટ્રોલ હતું જ ક્યાં! લાઇનિન્જનને હવે પહેલી જ વાર લાગ્યું કે કીડીઓ જરૂર ખાઈ પાર કરી જશે! અને તેમ થાય તો તો સૌનું આવી બન્યું. પ્રભુ! પ્રભુ! જીવતા ખવાઇ જવાનો ખ્યાલ કેવો ભયંકર હતો!

નિન્જને જૂનું આગ બુઝાવવાનું એન્જિન કાઢી તેની સૂંઢ ટાંકીને જોડી પંપ ચાલુ કર્યો. પેટ્રોલના મારાથી કીડીઓ પાછી હઠી ખાઇમાં ગઇ. ખાઈ ફરી એકવાર ભરાઈ. બચાવ થયો, પણ થોડી પળ પૂરતો જ. પછી કરપીણ મોત આવવાનું જ હતું. કેટલાક મજૂરો



પ્રથમ પક્ષ કહે છે કે થોડાક સાચા કળાકારોને નિભાવે, તેમને આશ્રય આપે. એવી ખરીદી કરનારો બુદ્ધિશાળી વર્ગ તૈયાર કરો. આ દલીલનો પાયો શો છે? તેમાંથી તો માત્ર સ્વાર્થી, સ્પર્ધાયુક્ત, વિચારવિનાની સ્થિતિ ઊભી થશે. આપલેનો વ્યાપાર થશે,—જેનાથી દેશ ભરપૂર છે; પણ કંઈ આત્મીય ભાન જાગૃત કરે એવો એ પ્રકાર નહિ બને. પરંતુ આ સિદ્ધાંત આપણા જીવનમાં એટલો જડાઈ ગયો છે કે તેથી નરનારીઓ કુદરતનાં સાદાં સરળ મનોરંજનોથી બાકાત રહે છે, જીવનભર તેનો તલસાટ કરતાં આયુ વિતાવે છે અને માત્ર સુવર્ણ અને કીર્તિનાં કાયમી વલખાં માર્યા કરે છે.




ખરી વાત તો એ જ છે

કે પ્રત્યેક બાળકને ક્રિયા અને અનુભવવાળી કળાથી શિક્ષણ મળવું જોઇએ. માત્ર દેખાવનું નહિ, પણ જીવનવિકાસના સામંજસ્યમાં અગત્યનું અંગ બની રહે, આવતી કાલના નાગરિકના નિત્યવ્યવહારમાં તે પ્રધાન બની રહે એવી રીતે તે મળવું જોઇએ. જેમને-જેમને આ વિચાર આવે છે તેઓ તેનાં સફળ પરિણામો દૃષ્ટિગોચર કરી શકશે જ.

ચોપડીઓમાંથી, અગર રમકડાં કે મૂર્તિઓને સ્પર્શીને, કે દીપકચિત્રો દ્વારા, અગર તો ચોપડીના ઠંડા અક્ષરોથી જે કળાજ્ઞાન અપાય છે તેની આ વાત નથી. પણ દરેક વયના હિસાબે, રોજના ક્રમમાં જ, પરંતુ ખરેખર કંઈક કળાત્મક ક્રિયા કરીને પ્રત્યેક જણ કળાના અંજનથી પ્રત્યક્ષ થતાં સમગ્ર કુદરતનાં સૌંદર્ય અને સમૃદ્ધિ ભોગવતો થાય અને પ્રત્યેક દિવસને સુવર્ણ દિન બનાવી શકે, તેની હું વાત કરું છું.

ક્રિયા વડે સર્જન કરવા મથતા હાથમાં કંઇ પણ વસ્તુ આવે,–તાર બાંધેલું પાટિયું, માટીનો ભૂકો, પત્થર, ટાંક, કાગળ, માટી કે મીણનો લોંદો, લાકડું કે લોહ,–કોઈ પણ ચીજ તે ઉપાડે, અને પછી તેમાંથી સંગીત, રંગ, રૂપ કે કવિતા પ્રકટાવીને માનવજાતિ સન્મુખ સૌંદર્ય અને સેવાનું સર્જન કરી બતાવે તો તે ખરો કળાકાર છે; તે જ સર્જનહાર સાથે તન્મયતા ભોગવે છે.



આ સાદા કળાપ્રવચનનો ઉપદેશ એ જ છે કે સર્જક હાથવાળું પ્રત્યેક જણ કળાકાર છે.

ર. મ. રાવળ

('સ્કૂલ આર્ટ્સ મૅગૅઝીન'માંના Creative Hands નામના પેડ્રો. જે. લીમૅાસના લેખ ઉપરથી)

કીડીઓ ચોથી વાર ધસી આવી. આ વખત ખાઇમાં પેટ્રોલ વહી ન શક્યું. એટલે લાઇનિન્જનને ઠંડી ધ્રુજારી છૂટી. પેટ્રોલની છેલ્લી ટાંકીના વહેતા નળની આડે કંઇક ભરાયું હોય એમ લાગ્યું. કીડીઓ અટક્યા વગર આવે જ ગઇ. વળી એક ઉપાય સૂઝ્યો, લાઇ-

પ્રાર્થના માટે ઘૂંટણે પડ્યા. કેટલાક બાવરા બની ચીસો નાખતા કીડીઓ તરફ પિસ્તોલ ફોડવા માંડ્યા. આખરે બે મજૂરોએ મગજનું સમતોલપણું ખોયું. કપડાં કાઢી ગાંડાની માફક ફલાંગો ભરી ઉત્તર દિશા તરફ તેઓ બંને નાઠા. પણ નદીના તરાપા સુધી

પહોંચે તે પહેલાં તો તેમનું આખું શરીર કીડીઓથી ખવાઇ ગયું. દારુણ વ્યથામાં તેઓએ નદીમાં પડતું મૂક્યું. ઓલામાંથી ચૂલામાં ગયા. નદીમાં મગરો અને તલવારો જેવા દાંતવાળા પીરાયાં જાતના જળચર તેઓ ઉપર તૂટી પડ્યા. નદીમાંથી તેમની છાતી-ફાટ ચીસો સંભળાયા છતાં, બીજા ઘણાઓએ એ મોતને વહાલું ગણી નદીમાં જ પડતું મૂકવા ફાંફાં માર્યાં.

લાઇનિન્જને પોતાની બુદ્ધિને સતેજ કરવા મગજને એટલા કોરડા ફટકાર્યા કે તે બાપડું ભમી ગયું. આખરે એના મનના ઊકળતા આંધણમાંથી એક પ્રેરણા ઊછળી આવી. હા! એક જ આશા હતી. એક જ ઉપાય હતો. નદીનો બંધ બંધ ખોલી નાખી, પ્રલયપૂર રેલાવી, કીડી-ઓથી ભરેલી આખી વસાહત ડુબાવી દેવી. ઘર વગેરે ટેકરી ઉપર હોઇ કોરાં રહેવાનાં. કેવો સરસ ઉપાય! પણ બંધ પાસે જાય કોણ? બિલાડીને ગળે ઘંટ કયો ઉંદર બાંધે? બંધ બે માઇલ દૂર હતો. તેના પાંચમા ભાગનું અંતર કાપ્યું એટલામાં તો પેલો નાઠેલો મજૂર કીડીઓથી ભરાઇ ગયો હતો. કોઇ મજૂરની તો બંધ પાસે જવાની તાકાત નહોતી. આખરે લાઇનિન્જને પોતે જ જવાનો નિશ્ચય કર્યો. એકેએક મરવા કરતાં, બચાવ માટે પ્રયત્ન કરતાં મરવું શું ખોટું? કદાચ પ્રયત્ન સફળ પણ થાય. કદાચ કીડીઓના સમૂહબળના સૂચનથી હોવો જોઇએ તે કરતાં વિશેષ ભય મનમાં વ્યાપી જતો હશે. સાપ પોતાના શિકારને ભયથી થિજાવે તેમજ કદાચ આ કીડીઓનો ભય આપણા મનને શિથિલ કરતો નહિ હોય? કીડીઓને સર્વશક્તિમાન્ માની લેવાની શી જરૂર છે!

છેવટ લગી સતત કાર્યમાં મચ્યા રહેવાની ખાસિ-યતવાળા લાઇનિન્જનના મગજમાં ઉપલા વિચાર ત્વરાથી સ્ફૂર્યા. તેણે ઝડપથી નિશ્ચય કરી નાખ્યો. મજૂરો-ને તેણે કહ્યું: 'ભાઇઓ, સાંભળો. આ બલાના નાશનો માત્ર એક ઉપાય રહ્યો છે. જઇને બંધ ખોલવો અને બધું જળમય કરી દેવું. પણ તમને તો હું નહિ જ જવા દઉં. જવા દઉં તો મારામાં અને આ ડાકણ કીડીઓમાં ફેર પણ શો? આ બચાવયુદ્ધ મેં જ ઊભું કર્યું હતું, અને હું જ છેવટનું લડી લઇશ. હું અહીંથી ખાઇ પસાર કરું કે તરત જ પેટ્રોલ સળગવજો. એટલે બચાવનો સમય લંબાય. હું પાછો આવું ત્યાં સુધી શાન્તિથી મારી રાહ જોજો. હું ચોક્કસ પાછો આવીશ જ. માત્ર જરા ચરબી ઓછી થશે એટલું જ!' તે જરાક હસ્યો. પણ મોં ઉપર વજ્રનિશ્ચય અંકિત હતો. તેણે ઘૂંટણ સુધી આવતા ચામડાના બૂટ પહેર્યા. હાથે મોજાં પહેર્યાં. કાંડા અને બૂટ–પાટલૂન વચ્ચેના શરીરના ભાગ ઉપર પેટ્રોલથી લદબદ કરેલાં ચીંથરાં વીંટ્યાં, આંખે મજ-બૂત ગૉગલ્સ પહેરી લીધાં. છેવટે રૂનાં પૂમડાં નાક, કાનમાં ખોસ્યાં. પછી પહેરેલાં બધાં લૂગડાં પેટ્રોલમાં તરબોળ કરાવ્યાં. તે ઊપડવાની તૈયારીમાં હતો ત્યાં એક મજૂરે આવી બૂટ અને ચહેરા ઉપર એક જાતની છવાતમાંથી તૈયાર કરેલ અદ્‌ભુત લેપ ચોપડી દીધો. તેની ગંધ કીડીઓ જીરવી શકતી નથી એમ કહેવાતું. પેલા મજૂરને પાયો હતો તેવો વનસ્પતિનો રસ પણ થોડો પાયો, જેથી ડંખના વિષની અસર ન થાય. આટલું થયા પછી તે વછૂટ્યો ને ખાઇની મધ્યમાં ધસ્યો. અને કાળની ફલાંગો ભરતો કીડીઓ ઉપર થઇ દોડવા માંડ્યો.

કિનારા ઉપરના મજૂરોનું ચિત્ત ત્યાં નહોતું. તેમણે તો પાછું ચોથીવાર પેટ્રોલ સળગાવ્યું. મોટો ભડકો ઊઠ્યો. કોના વિજયોત્સવ માટે આ હુતાશની થઇ! આ સર્વનાશક કટકદળ માટે કે ફસાએલાં ચારસો માનવી માટે! જોઇએ હવે.

લાઇનિન્જન દોડ્યે જ ગયો. લાંબી ફલાંગો ભરતો તીરવેગે ધસ્યે જતો હતો. તેને એક જ લગની હતી. ગમે એમ કરી બંધ પાસે પહોંચવું જ. તેના વીજળી જેવા વેગ છતાં યે કેટલીક કીડીઓ, તેના શરીર ઉપર ચડ્યા વગર રહી નહિ. લેપ લગાડ્યો હોવાથી વધારે કીડીઓ ન ચડી શકી. અર્ધે રસ્તે પહોંચ્યો એટલે કપડાં તળે શરીર ઉપર થોડી ફરતી જણાઇ. થોડી ચહેરા ઉપર ફરી વળી. ઉતાવળમાં તે તેમના ઉપર થપાટો મારતો ગયો. ચટકા લાગ્યાનું તો ભાન પણ ન રહ્યું. બંધ પાસે આવ્યે જતો હતો. અંતર ઓછું ને ઓછું થયે જતું હતું, પાંચસો વાર, બસો વાર, સો વાર રહ્યું. બંધ આવી પહોંચ્યો. આખરે કીડીઓથી છવાએલું ચક્કર લાઇનિન્જને ઝાલ્યું. ઝાલતાં વેંત વિફરેલી કીડીઓ તેના હાથ, મોં ને ખભા ઉપર ફરી વળી. તેણે ચક્કર ફેરવવા માંડ્યું. એક આંટો ફરતાં તો તેનો આખો ચહેરો કીડીઓથી ઉભરાઇ ગયો. પાગલની માફક ચક્કર તેણે ફેરવ્યે રાખ્યું. હોઠ સખત બીડી દીધા. મોંમાં કીડીઓ પેસે તો? બંધ નીચે

ખસતો ગયો અને નદીની સપાટી ઊંચી આવતી ગઇ. પાણી ધીમેધીમે રેલાવા લાગ્યું. વસાહત જળબંબાકાર થવા લાગી. ચક્કર હાથમાંથી મૂકી દેતાં જ લાઈનિન્જનને જણાયું કે તેના પગથી માથા સુધી અનેક કીડીઓ ફરી વળી છે. પેટ્રોલવાળાં કપડાં છતાં કીડીઓ શરીર સુધી પેસી માંસ ખોતરવા લાગી. કામ પૂરું કરવાની ધૂનનો નશો ઊતરતાં જ ચટકાની દારુણ પીડા થવા લાગી. અસહ્ય દુ:ખમાં તે નદીમાં પડવા ગયો, પણ પેલા મગરો અને પિરાયાં ત્યાં તૈયાર હતાં એટલે પાછો સ્વસ્થાન તરફ દોડ્યો. લોહીલુહાણ ચહેરા ઉપરથી કીડીઓ ઝાટકતો અને કપડાંમાં પેઠેલીને મસળી નાખતો તે આગળ ને આગળ નાઠે જ ગયો. એક કીડીએ ગૉગલ નીચે ચટકો માર્યો. તેને ઉતેડી તેણે ફેંકી દીધી, પણ એ ચટકાથી આંખ સૂઝી ગઈ. આંખ સામે જાણે જ્વાળાઓ નાચતી જણાઈ. પછી તો તેણે આંખ બંધ કરી દોડવા માંડ્યું. વચ્ચે ઠોકર ખાધી અને પડી જવાયું તો? પેલા રસનો પણ ઝાઝો ગુણ ન જણાયો. ઝેરની પીડા વધવા માંડી. કાને તમરાં બોલવા લાગ્યાં. હૈયું ખંડાવા લાગ્યું. ફેફસાં ઉપર વજ્ર મુક્કો વાગ્યો હોય એમ જણાયું. ફરી આંખે કૈંક દેખાયું. દૂરથી પેટ્રોલની ખાઇમાં સળગતો વર્તુલાકાર પટ્ટો જણાયો. એનાથી અર્ધું અંતર પણ દોડવાની હવે એનામાં ક્યાં શક્તિ હતી! જીવનના બનાવો એક પછી એક તેના મનમાં ચિત્રવત્ ઝબકવા લાગ્યા. આ મૃત્યુ પહેલાંનાં ચિહ્નો છે એમ તેના અંતરમાં ઊંડેઊંડે હજી સુધી કાયમ રહેલી અસલ શાંત દૃઢ પ્રકૃતિને જણાઈ ગયું.

દોડતાં દોડતાં રસ્તામાં પથરો આવ્યો. ઓળંગવા જેટલી હામ નહોતી. લાઇનિન્જને ઠોકર ખાધી અને તે જમીન સરસો પટકાયો. પણ કોઇ મોટો ખડક શરીર પર મુકાયો હોય એમ તેનાથી કંઈ જ હલનચલન ન થઇ શક્યું. પછી એકાએક પેલા કીડીઓથી ખવાતા સાબરનું ચિત્ર તેની આંખ આગળ આવ્યું. આ મોત માટે તે તૈયાર નહોતો જ. કૈંક અમાનુષી શક્તિથી ખેંચાયો હોય એમ તે પાછો લથડતો ઊભો થયો અને આગળ ધકેલાયો.

પેટ્રોલની સળગતી ખાઇ પાસે મજૂરો ઊભા હતા ત્યાં એક પ્રેત જેવી આકૃતિ દોડતી આવી. જ્વાળાઓ કૂદી તે માંહ્યની બાજુ આવી, ધબ્બ લઇને જમીન ઉપર સપાટ પડી. મજૂરોએ પોતાનો શેઠ તરત જ ઓળખ્યો. જ્વાળાઓમાંથી કૂદતાં જ જીવનમાં પહેલી વાર લાઇનિન્જને શુદ્ધિ ખોઇ. તેની આંખો ફાટેલી હતી અને ચહેરો ઉતરડાએલો લોહીભર્યો. જાણે કબરમાંથી જ ઊઠીને આવ્યો હોય નહિ! ઝટઝટ મજૂરોએ તેનાં કપડાં કાઢી નાખ્યાં અને કીડીઓ ઊતરડીને ફેંકી દીધી. એક સળંગ ઘા પડ્યો હોય એમ તેનું આખું શરીર છુંદાઈ ગયું હતું. તેને ઊંચકીને મજૂરો ક્ષેત્રગૃહમાં લઈ ગયા.

ખાઇમાંથી પેટ્રોલનું બળતું ખલાસ થયું ત્યારે કીડીઓને બદલે પાણીનો વિશાળ પટ આખી વસાહતને પરિપ્લાવિત કરતો ઊભરાતો હતો. લાઇનિન્જનની બધી જહેમત સફળ થઈ હતી. નદીનું પાણી ગર્જના કરતું ચારે બાજૂ ફરી વળતું હતું. કીડીઓ ટેકરી ઉપર માણસો પાસે પહોંચવા પ્રયત્ન કરતી હતી. જ્વાળાઓથી તે પાછી હઠતી ત્યાં પાછળ, પાણીનું પ્રલયપૂર ઘૂઘવતું હતું. આમ, પાણી અને આગ વચ્ચે કીડીઓનું વિશાળ કટકદળ સપડાયું. જે નાશના દેવની જીવનપર્યંત તેમણે ઉપાસના કરી હતી તેણે જ તેઓનું બલિદાન લીધું. પ્રચંડ કીડીઓના દળને તેનાથી યે અનેકગણા પ્રચંડ પ્રલયપૂરે રમતમાત્રમાં ઘસડીને નદીના વાંસજાળ પાણીમાં હોમી દીધું. પાણીની છોળોએ ખાઈ સુધી ઊછળી આવી જ્વાળાઓ બુઝાવી દીધી.

લાઇનિન્જન પથારીમાં પડ્યો હતો. તેને પગથી તે માથા સુધી પાટા વીંટાળી દીધા હતા. શેક અને લેપથી મજૂરો તેનું વહેતું લોહી બંધ કરી શક્યા હતા. બધા ઘા પણ સરસ સાફ કરી નાખ્યા હતા.

દરેક વ્યક્તિના ચહેરા ઉપરથી એક જ મૂક પ્રશ્ન ઊઠતો હતો: 'શું આ પ્રબળ પુરુષાર્થીનું જીવન લંબાશે ખરું?' પાટા બાંધનાર વૃદ્ધ આદમી બોલી ઊઠ્યો. 'તે જરૂર જીવશે. જીવવાનો તેનો નિશ્ચય નબળો નથી.'

થોડી વારે વસાહતી આંખો ખોલી બોલ્યો: 'બધું ઠીક ઠીક છે ને?' જવાબ મળ્યો: 'બધું બરાબર છે, સરદાર. કીડીઓએ નરકવાસ કર્યો છે.'

ઊંઘ લાવે એવા વનસ્પતિના રસનું કમંડળ લાઈનિન્જનને મોંએ વળગાડવામાં આવ્યું. ચસડ ચસડ તે પી ગયો અને ધીમેથી બોલ્યો: 'મેં કહ્યું હતું ને કે હું પાછો જરૂર આવીશ. જોકે શરીર ઉપર થોડો રંધો ફરી ગયો!'

વજ્રનિશ્ચયી એ વસાહતીનું મોં હાસ્યથી લ્હેરાયું, ધીમેથી તેની આંખ મિંચાઇ અને હમેશ મુજબની સ્વસ્થતાથી પાછો તે ગાઢ નિદ્રામાં પડ્યો. **દેવેન્દ્ર મજમુદાર**

બીજાની નજરે જોવાની ટેવ

શ્રી અનંત કાણેકરની
નિબંધિકા



યજમાનને ઘેરથી પાછા ફરતાં સુવર્ણમધ્યવાદીએ પોતાના મનનું સમાધાન કર્યું.

એક ઘણી જ સુંદર ઢાલ હતી. એની એક બાજુ આખી સોનાની અને બીજી આખી રૂપાની બનાવેલી હતી. એ ઢાલની બે બાજુ પર ઊભા રહીને બે માણસો જોરજોરથી લડતા હતા. રૂપાવાળી બાજુ તરફનો માણસ મોટે ઘાંટે એમ કહી રહ્યો હતો કે ઢાલ રૂપાની છે, અને સોનાવાળી બાજુનો માણસ, 'તું ગધેડો છે! ઢાલ સોનાની છે!' એમ બીજાને સુણાવી રહ્યો હતો. આમ કજિયો વધ્યો અને મારામારી થાય એવો વખત આવ્યો, એટલામાં એ રસ્તે થઈને જનારા એક ત્રાહિતની નજર આ ઝગડા તરફ ગઈ. એણે ઢાલની બંને બાજુ તપાસી જોઈ અને પેલા લડતા ભાઈઓને કહ્યું, 'જરા મારું આટલું કહ્યું માનો તો! તમારી જગ્યા બદલો અને પછી જુઓ, ઝગડો મટી જાય છે કે નહિ!' બંનેએ પોતાની જગ્યા બદલી. અને પછી શું? 'રૂપાની છે, રૂપાની છે' એવી બૂમો જે પાડતો હતો તે હવે કહે કે 'ઢાલ ખરેખર સોનાની જ છે!' એવી જ દશા સોનાની છે એવું કહેનારની પણ થઈ; અને બંનેની ખાત્રી થઈ કે લડાઈ કરવામાં કંઈ સાર ન હતો.

આ જૂની વાત સાંભરવાનું કારણ એટલું જ કે થોડાક જ દિવસ પહેલાં મારે મારા એક મિત્ર સાથે આવો જ વાદ થયો. એક વિખ્યાત નવલિકાકારનો સંગ્રહ અમે વાંચવા લીધો હતો અને અમે બે જણ તે વિષે જ બોલતા હતા.

'તદ્દન ખરાબ છે. સંગ્રહ!' મારા મિત્રે કહ્યું.

'શું ખરાબ છે? આવી સુંદર નવલિકાઓ મરાઠીમાં આજ સુધી કોઈએ લખી નથી. એમ હું માનું છું.' મેં કહ્યું.

'હદ કરી, ભાઈ, તેં તો! મોટો રસિક ખરો ને!' તુચ્છતાદર્શક સ્વરમાં તે બોલ્યો. બસ, થઈ શરૂઆત! થોડીક વાર આવી શબ્દાશબ્દી ચાલી રહ્યા પછી હું બોલ્યો, 'કઈ વાર્તા ખરાબ છે એમ તું માને છે?'

તેણે કહ્યું, 'પેલી . . .'

એ વાર્તા મેં વાંચી ન હતી. તેમજ જે નવલિકાનું નામ મેં એને આપ્યું હતું એ એણે નહોતી વાંચી. એણે કહેલી વાત આખરે મેં વાંચી કાઢી તો મને તે ખરેખર ખરાબ લાગી. લેખકનો એ શરૂઆતનો પ્રયત્ન હોય એમ લાગતું હતું અને મેં સૂચવેલી વાર્તા વાંચ્યા પછી મારા મિત્રને લાગ્યું કે તે ખરેખર સરસ હતી.

આપણા કેટલા યે ઝગડા આવી જ જાતના હોય છે. બીજાની ભૂમિકા સમજ્યા વગર આપણે બોલી નાખીએ છીએ અને કેટલીક વાર એના પરિણામ રૂપે એકબીજાના અંતઃકરણમાં નિષ્કારણ કડવાશ ઊભી થાય છે. મને લાગે છે કે બીજાની નજરે જોવાની ટેવ દરેકે કેળવવી જોઈએ.

અને ઘણી વાર તો એવી મઝા થાય છે કે વિરુદ્ધ ભૂમિકા પરથી આપણે વિચાર કરતા હોઈએ ત્યારે ઝગડો ઊભો જ થતો નથી, પણ આશ્ચર્યકારક એકમત થાય છે. એક વાર એક ડોશીમાનો અને મારો અભિપ્રાય એક જ થયો!

'આજકાલનાં છૈયાં સાવ નકામાં!' ડોશીમાએ ગુસ્સામાં કહ્યું.

'હાસ્તો વળી . . .' હું બોલ્યો.

ડોશીમા આ સાંભળી મારા પર ખુશ તો થયાં જાણે; પણ જો કોઈએ અમને એવો અભિપ્રાય ધરાવવાનાં કારણો પૂછ્યાં હોત તો અજબ ગોટાળો થાત! આજકાલનાં છૈયાંને ડોશીમા ખરાબ કહેતાં હતાં એટલા માટે કે, ડોશીમાને જોઈતી હતી તેટલી પ્રગતિ આજ-

કાલની સ્ત્રીઓ નથી ! અને મારે જોઈતી હતી એટલી તેઓ સુધરેલી નથી તેથી હું એમને ખરાબ કહીને વગોવતો હતો ! કોઈકોઈવાર ઉત્તર અને દક્ષિણ ધ્રુવનો ભેટો થાય છે તે આમ !

ઉપરના વિવેચન પરથી રખે કોઈ એમ માની લે કે હું સુવર્ણમધ્યવાદી સંશયાત્મા છું. એવું કોઈ માને તો મારે તરત જ એનો ઇનકાર કરવો પડશે. હું તો એટલું જ કહું છું કે હમેશાં સામાવાળાની ભૂમિકા સમજવા આપણે પ્રયાસ કરવા જોઈએ. એનો અર્થ એમ નહિ કે થોડું થોડું સત્ય બંને બાજુ પર હોય છે અને તેથી આપણે હરહમેશ વચલો રસ્તો બતાવ્યા કરવો! વાઘ અને બકરીની લડાઈમાં બકરીની 'મને બચાવો !'ની બૂમ સંભળાતી હોય ત્યારે પણ આપણા એ સુવર્ણમધ્યવાદી તો કહેશે કે 'ઊભા રહો! બકરીની દલીલ આપણે સાંભળી; હવે વાઘની દલીલો શાંતિથી સાંભળી લઈએ અને કેમ વર્તવું તે પછી નક્કી કરીએ !'

આવા જ એક સુવર્ણમધ્યવાદી યાચકનો સુંદર યુક્તિવાદ મને સાંભરે છે, તે કહ્યા વગર રહેવાતું નથી.

એ ભાઈ પોતાના યજમાનને ત્યાં કંઈક માગવા ગયા હતા ત્યાંથી એમને હાથ હલાવતાં પાછા ફરવું પડયું ત્યારે એમણે પોતાનું સમાધાન નીચે પ્રમાણે કર્યું: 'કંઈક મળશે એવી આશા હતી તે સફળ ન થઈ તેનું દુઃખ થયું. પણ મનમાં એવી બીક ખરી કે યજમાન લાત મારીને કાઢી મૂકશે; એવું બન્યું નહિ તેનો આનંદ પણ ખરો !'

મને લાગે છે કે સુવર્ણમધ્યવાદીનો આ પરમોત્કર્ષ-બિંદુ હોવો જોઈએ !

(શ્રી અનંત કાણેકરના મરાઠી ઉપરથી અનુવાદ) **વસંત જોષી**

જીવી જાણનારા] ૯ [જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

ચિરજીવી ચીનો ગોહેંગ

ફૉર્મોસાના બેટ ઉપર ગોહેંગનું પૂતળું છે. એની નીચે ચીનાઓએ નીચલો લેખ કોતરેલો છે:

'હજાર વર્ષ વીત્યે યે તમે તો જીવતા હશો'।

આશરે પોણા બસો વર્ષ પૂર્વે ફૉર્મોસાના ડુંગરામાં માનવશિકારી જંગલી લોકો રહેતા હતા, તે સપાટ પ્રદેશ-વાસી ચીના ઉપર વારંવાર ચડી આવતા.

આ ચીનાઓમાં એક ગોહેંગ કરીને હતો. તે બહુ લોકપ્રિય હતો, એટલે એને બીજા ચીનાઓએ વીનવ્યો કે તમે અમારા પ્રતિનિધિ થઈને પર્વત ઉપર જાઓ, અને શાન્તિની સ્થાપના કરો.

શાન્તિદૂત થઈને બીજા યે ગયેલ હતા, પણ એમાંથી કોઈ જીવતો પાછો નહોતો વળ્યો. છતાં ગોહેંગ ગિરિ-યાત્રા કરવા સજ્જ થયો.

વ્યક્તિત્વ એક અદ્‌ભુત વસ્તુ છે. માણસને દીઠો ભેળો મારનારા અને એનું માથું સંઘરનારા જંગલી લોકો ગોહેંગનો બોલેલો એક અક્ષર પણ સમજતા નહોતા, તો પણ તેમણે એનો વાળે ય વાંકો ન કર્યો, એટલું જ નહિ પણ ઉલટી એના ઉપર તેમને મમતા થઈ.

ગોહેંગ તો એ લોકોની ભાષા શીખ્યો, અને તે ભાષામાં એને વાત કરતાં આવડ્યું કે તરત માણસને આમ મારવામાં પાપ છે એવો બોધ એ કરવા મંડ્યો.

ગોહેંગની વાત જંગલી લોકોને તરત તો ગળે ઊતરી, અને ચીના ઉપર ચડાઈ કરવાનું તેમણે બંધ કર્યું. પણ પોતાના દેવને વાર્ષિક ભોગ ધરવાનો અવસર આવ્યો ત્યારે તેમણે ગોહેંગનો અનાદર કર્યો. આડે દીએ તો જાણે ઠીક, પણ બાર માસનું પરબ આવે ત્યારે તો દેવને માનવમસ્તક ચડાવ્યા વિના કેમ ચાલે?

ગોહેંગે એને ઘણુંઘણું સમજાવ્યા, પણ એ એકના બે ન થયા. છેવટે ગોહેંગ કહે, 'બહુ સારું. કાલ પ્રભાતના પ્રહરમાં ભૂખરા ડગલા તથા રાતી ટોપીવાળો એક પુરુષ મારા ઘર આગળ થઈને નીકળશે, એનું માથું તમે દેવ આગળ ધરાવજો.'

માનવશિકારી ગોહેંગના ઘર આગળ સંતાઈ રહ્યા, ને ભૂખરા ડગલા તથા રાતી ટોપીવાળો માણસ નિકળ્યો એને મારી નાંખ્યો. પણ પછી એ લોકોએ જાણ્યું, કે આ તો આપણે આપણા મિત્ર ગોહેંગની જ હત્યા કરી.

આ પાપનું પ્રાયશ્ચિત્ત કેમ કરીને કરવું ? અડતાળીશ ગામના માનવશિકારી ભેળા થયા, અને સંજ્ઞા દાખલ મોટી શિલા દાટીને પ્રતિજ્ઞા કરી કે હવે આપણે ફરીને કદાપિ માણસનો ભોગ ધરવો નહિ.

(મૂળ અંગ્રેજી ઉપરથી) **દે. વા.**

સંસારનાં શહેરો

૧૯-નેપલ્સ

જીવતા જ્વાળામુખી ધરાવતા યુરોપના એકના એક દેશ ઈટલીમાં ૪૦૦૦ ફૂટ ઊંચા વિસુવિયસને પડખે આવેલું આ શહેર, જીનોઆ પછી એ દેશનું બીજા નંબરનું બંદર અને એના નામના નેપલ્સ પ્રાન્તનું મુખ્ય શહેર છે.


૩૫ માઈલના ઘેરાવામાં એક ઉપસાગરને કાંઠે દાતરડા આકારે નેપલ્સ પડેલું છે. એ દાતરડાને દક્ષિણ છેડે સૉરેન્ટો નજીક ઉજ્જ્વલ આકાશ નીચે ઘેરો વિસુવિયસ જેમનો તેમ મગરૂબ ઊભેલો છે,—કેમ જાણે એની અગનજીભથી નાશ પામી ગએલાં પૉમ્પાઈ અને હર્ક્યુલૅનિયમ પર હજુ યે શાસન ન ચલાવતો હોય! શહેરના મધ્ય ભાગમાં આવેલા 'વોમેરો'માંના કોઈક કાફેના છાપરા પરથી જોતાં જ એ પ્રેક્ષણીય પશ્ચાદ્ભૂમિ તરત નજરે ભરી દે છે. એ શાંત હોય ત્યારે એના અગ્નિમુખમાં પણ તમે ડોકિયું કરી શકો.

નેપલ્સનો પોતાનો ઇતિહાસ ઘણો પુરાણો છે. ભૂમધ્ય કંઠારનાં બીજાં નગરો જેમ એ પણ ગ્રીકોએ જ વસાવેલું અને એ વેળા એને પાર્થેનોપ અથવા પેલીઓપોલિસ નામ આપેલું. ત્યાર બાદ એને પડખે જ આથેન્સવાસીઓની સહાયથી ગ્રીકોએ નવું શહેર વસાવ્યું, જેને એમણે 'નીઓપોલિસ' નામ આપ્યું, અને એ જ આજનું નેપલ્સ. ઇ. પૂ. ૩૨૮માં તે રોમનોના હાથમાં ગયું અને રોમના પતન પછી ગૉથિક યુદ્ધોમાં એને ઘણું ખમવું પડ્યું. ત્યાર બાદ જુદીજુદી સત્તાઓના વારાફેરા પછી આઠમી સદીમાં એણે સ્વતંત્ર થઇ પોતાને પ્રજાસત્તાક જાહેર કર્યું. પરંતુ એ પછી પણ તે નૉર્મન વિજયોનું ભોગ બનેલું. ઇટલી સંયુક્ત થયા પહેલાં દક્ષિણ ઈટલી અને સિસિલી મળી 'ટૂ સિસિલીઝ'ના નામથી ઓળખાતા રાજ્યનું નેપલ્સ પાટનગર હતું. હાલ એનું ઇટાલિયન નામ 'નેપોલી' છે.

આ નેપલ્સની જ એક નાટકશાળાના રંગમંચ પર રોમના જાલિમ છતાં વિદ્વાન શહેનશાહ નીરોએ પહેલો દેખાવ આપેલો. રોમન વક્તા સિસેરોની સર્ગશક્તિ પણ નેપલ્સની ઋણી હતી અને રોમન મહાકવિ વર્જિલે પોતાનું 'જ્યૉર્જિક્સ' અહીં જ લખેલું, એટલું જ નહિ પણ અહીંની ભૂમિમાં જ દટાવાની ખ્વાહિશ તેણે જાહેર કરી હતી.


૧૫૫ માઈલ પર આવેલા ઇટલીના પાટનગર રોમ સાથે નેપલ્સ સીધી રીતે રેલવેથી જોડાએલું છે ૨૮૭ દેવળો અને ૫૭ ચૅપલો તે ધરાવે છે. એનો સેન્ટ એલ્મોનો દુર્ગ રોબર્ટ ધ વાઇઝે ઇ. ૧૩૨૯માં બંધાવેલો, જે હાલ લશ્કરી કેદખાના તરીકે વપરાય છે. એના શાહી મહેલોમાંથી એકમાં રાષ્ટ્રીય પુસ્તકશાળા રાખવામાં આવેલી છે અને બીજામાં કલાનું સંગ્રહસ્થાન. પહેલાં 'Museo Borbonico' તરીકે ઓળખાતા અને હવે 'રાષ્ટ્રીય સંગ્રહસ્થાન' બનેલા એના સંગ્રહસ્થાનમાં વિસુવિયસે નાશ કરેલા પૉમ્પાઈ નગરના તથા બીજા અનેક અવશેષો સંઘરવામાં આવ્યા છે. ઇ. ૧૨૨૪માં ફ્રેડરિક બીજાએ સ્થાપેલી એની યુનિવર્સિટી ઇટલીમાં પ્રથમ કક્ષાની ગણાય છે અને એના હાથ નીચે વિદ્યાકલાની અનેક સંસ્થાઓ આવેલી છે.

તરંગો પર તેજકિરણો નચાવતાં ભૂમધ્યનાં અતિભૂરાં પાણીને આવકારતું નેપલ્સ રેલવેના સામાન, સૂતર, ઊન, શણ ને રેશમના ઉદ્યોગનું પ્રમુખ મથક હોઇ, ઈટલીનું સૌથી આબાદ શહેર છે. એને પડખે બે નાના ટાપુઓ પણ આવેલા છે: એક તો રેતાળ કિનારો ને વનરાજિ ધરાવતો ઇશિયા, અને બીજો, એક કાળે અંગ્રેજોના આધિપત્ય તળે રહેલો રંગદર્શી ટાપુ કૅપ્રી. એ ટાપુનું રંગદર્શન એટલું તો અદ્ભુત છે કે એને માટે કહેવાય છે કે, પખવાડિયું ગાળવાની ઇચ્છાથી તમે ત્યાં જાઓ ને મહિનાના મહિના નીકળી જાય તો યે તેની તમને ખબર ન પડે!



ઉપસાગરને કાંઠે દાતરડાને આકારે ૩૫ માઇલના ઘેરાવામાં નેપલ્સ પડેલું છે.

કેટલાક માણસો મોટા ગણાય છે, કારણ એમના દોસ્તો નાના હોય છે.
દોલતથી જેટલી ગરજ સરે છે એથી વધુ ગરજ ઊભી થાય છે.
અનુભવથી શાણપણ અને કસરતથી બળ વધે છે.



દીર્ઘોદ્યોગ કાર્યનિષ્ઠા અને પ્રબળ પુરુષાર્થ વડે પ્રતિકૂળતાઓને પરાજિત કરનાર

બિસ્કીટોના કારખાનદાર ગણપતરાવ સાઠે

કોઈને કહીએ તોપણ આશ્ચર્ય લાગે કે આજે હિંદુસ્તાનભરમાં પોતાનાં બિસ્કિટોથી પ્રખ્યાત બ લા સાઠે બંધુઓના બિસ્કિટના કારખાનાની શરૂઆત કલ્પનામાં પણ ન આવે એવા નાના પ્રમાણ ઉપર થએલી હતી. ત્રણ પથરા, બે ખુમચાની તદ્દન મામૂલી સામગ્રી પર ઈ. ૧૯૨૦માં શરૂ થએલા એ કારખાનામાં આજે ૧૯૪૧માં અંદરબહાર મળી લાખો રૂપિયાની સામગ્રી રોકાએલી છે. ખુદ એના માલિકને જ્યાં પેટ ભરવાની ચિંતા હતી ત્યાં આજે સેંકડો માણસો પોષાઇ રહ્યાં છે. શરૂઆતમાં રોજ માંડ એક રતલ માલ નીકળતો હતો અને તેને ક્યાં ખપાવવો તેની પણ પંચાત ઊભી થતી હતી ત્યાં આજે રોજનો બે હજાર રતલ માલ ઉત્પન્ન કરવા છતાં ગ્રાહકોની માગણી પૂરી સંતોષી નથી શકાતી. મૂડી, પીઠબળ કે શિક્ષણ વિના સર્વત્ર પ્રતિકૂળતાનો જ અનુભવ પામેલા એ તરુણે વીસ વર્ષમાં જ જે આશ્ચર્યકારક પ્રગતિ કરી બતાવી છે તે કોઇને પણ મુગ્ધ બનાવ્યા વિના રહે તેમ નથી.

એ કારખાનાના માલિક શ્રી ગણપતરાવ સાઠેના જીવનનો અને કારખાનાનો ઇતિહાસ એકબીજાથી ભિન્ન નથી. સાધારણ કુટુંબમાં એમનો જન્મ થએલો. એમનું નાનપણનું નામ બાબુ છે. નાની વયે જ પિતાનું અવસાન થતાં પોષણની બધી જવાબદારી માતા પર આવી પડી. બીજા કોઇનો આધાર નહોતો એટલે વિદ્યાભ્યાસ અર્થે સ્વાવલંબી બન્યા સિવાય છૂટકો નહોતો.

'નૂતન મરાઠી વિદ્યાલય'માં અભ્યાસ કરતાં કરતાં એણે સ્ટેશનરી વેચવાનો અને પુસ્તકો બાંધી આપવાનો વ્યવસાય શરૂ કર્યો. પૂનાના હોમિયોપૅથિસ્ટ ડાક્તર પળસુલેના કારખાનામાં બાટલીઓ ભરવાનું તથા એક મફત પુસ્તકાલયમાં પુસ્તકો આપવાલેવાનું કામ કરીને પણ એ થોડા પૈસા મેળવતા. એનું પરિણામ એ આવ્યું કે આયુષ્યમાં બીજાઓને જે જીવન બહુ મોડું જોવા મળે છે તે તેમને કિશોરવયથી જ જોવા મળ્યું—નહિ, તેનો પ્રત્યક્ષ અનુભવ થયો.

આવાં બીજાંત્રીજાં કામોને લઈ બાબુ નિશાળમાં બહુ હોશિયાર વિદ્યાર્થી ન ગણાતો, છતાં દર વર્ષે પાસ થવામાં પહેલા આઠ દસ નંબરોનો ક્રમ તે ચૂકતો નહિ. અને એ કામોને લઇ પહેલેથી જ પોતાની નાજુક તબિયતને સુદૃઢ બનાવવાનો મોકો પણ તેને ન મળ્યો.

૧૯૧૮માં મૅટ્રિક પસાર કર્યા પછી ભાવિનો પ્રશ્ન તેની સામે આવી ઊભો. ગયા મહાયુદ્ધની એ અંત વેળા દેશની ડામાડોળ પરિસ્થિતિને લઈ એ વખતે કશો નવો ઉદ્યોગધંધો કરવાની શક્યતા ન હતી, એટલે એણે વૉર ઑફિસમાં નોકરી સ્વીકારી. પણ એ સાથે પોતાના સ્વતંત્ર ધંધાનું ધ્યેય પણ એણે કાયમ રાખ્યું અને નોકરીની સાથોસાથ ઘેર બિસ્કિટ બનાવવાનું શરૂ કર્યું.

પણ ઘેર બનાવેલાં એ બિસ્કિટ લે કોણ? એ કાળે ઉચ્ચ કુટુંબોમાં તો એ ખાવાં પણ નિષિદ્ધ ગણાતાં. પણ એક દુકાનદારે રોજનાં એક રતલ બિસ્કિટ વેચાતાં લેવાની તૈયારી બતાવી એટલે ગણપતરાવે પોતાનો



શ્રી ગણપતરાવનાં માતુશ્રી સીતાબાઈ -જેમની પ્રેરણા અને પ્રોત્સાહનને જ આ આખી પ્રવૃત્તિનો જશ વરે છે.

પ્રયાસ વધુ વ્યવસ્થિત કરવા માંડ્યો. કર્ણોપકર્ણ એ બિસ્કિટોની પ્રશંસા ફેલાતી ગઇ. જોકે હજુ એના પાછળ ખર્ચાતી મજૂરી કરતાં વિશેષ આમદાની થતી નહોતી.

નોકરીને ચાર વર્ષ થયાં હશે ત્યાં બદલીનો પ્રશ્ન આવ્યો અને ગણપતરાવને પેશાવર જવાની સૂચના મળી. ભાવિનો નિર્ણય કરવા માટે એ જ સોનેરી તક હતી. ગણપતરાવે નિર્ણય કરી લીધો ને નોકરીમાંથી છૂટા થઈ ગયા. એ વખતે મૂળશી પેટા સત્યાગ્રહ ખૂબ જોરમાં ચાલુ હતો તેમાં જોડાઈ એ સાડા ત્રણ મહિના જેલમાં પણ જઇ આવ્યા.

હવે તેમણે ધંધા તરફ જ સંપૂર્ણ લક્ષ આપ્યું. સવારમાં ભઠ્ઠી પાસે બેસી માલ તૈયાર કરવાનો, બપોરે તેની વર્ગવારી, પૅકિંગ વગેરે કરવાનો ને સાંજે તે બજારમાં મૂકવાનો કાર્યક્રમ એમણે શરૂ કર્યો. એ બધી કડાકૂટ ઓછી કરવા યાંત્રિક રીતે માલ ઉત્પન્ન કરવાનો વિચાર પણ એમણે કરી જોયો. પણ સૂચિપત્રો જોતાં નાનામાં નાના યંત્રની કીમત પણ છ હજાર રૂપિયા જેટલી થતી હતી. પોતાની પાસે પાંચપચાસ રૂપિયાની પણ સગવડ નહોતી ત્યાં આટલા બધા રૂપિયા લાવવા ક્યાંથી?

પરંતુ કોઇ પણ રીતે યંત્ર મંગાવવાનો એમણે નિરધાર કર્યો હતો. એવામાં કિર્લોસ્કર બંધુઓની 'અમે સર્વ પ્રકારનાં યંત્રો મંગાવી આપીએ છીએ' એ જાહેર ખબર એમણે વાંચી. પોતાનો ઇરાદો એમણે કિર્લોસ્કરને જણાવ્યો અને એક યંત્ર એમની મદદથી અને એક યંત્ર પોતાની જવાબદારી પર મંગાવ્યું. યંત્રો આવી પહોંચ્યા પહેલાં જ આમતેમથી એમણે જોઇતા પૈસા ભેગા કરી લીધા.

યંત્રો આવી પહોંચ્યાં, પણ એ જોઇતું કામ નહોતાં આપતાં. પૂનામાં પહેલાં નૅઝરેથ કંપનીનું બિસ્કિટનું એક કારખાનું ચાલતું, પણ પાછળથી કોઇ કારણે તે બંધ પડેલું. ગણપતરાવને એમાંથી યંત્રોના કેટલાક છૂટા ભાગો લેવાનો વિચાર થયો, પણ જવાબ મળ્યો: 'લેવું હોય તો બધું લો; છૂટું છૂટું નહિ મળે.'

અને એ આખા કારખાનાની કીમત હતી પચાસ હજાર રૂપિયા. જ્યારે ગણપતરાવ પાસે બધો ય ભંડોળ એકઠો થઇ માંડ બેત્રણ હજાર રૂપિયા હતા. પરંતુ એમના સદ્‌ભાગ્યે કારખાનાનો બીજો કોઈ ઘરાક ન મળ્યો ને બંને પક્ષે પરસ્પર સમાધાન કરી ચોવીસ હજારની કીમત ઠરાવી ને કારખાનું શ્રી સાઠે પાસે આવ્યું.

હવે એમનું માલનું ઉત્પાદન જેટલું વિપુલ એટલું જ ગુણવત્તર બન્યું ને સર્વત્ર તેની પ્રશંસા થવા લાગી. ૧૯૨૪માં ટિળક મહાવિદ્યાલયમાં ભરાએલા પ્રદર્શનમાં એમને રૌપ્ય સુવર્ણપદક ભેટ મળ્યો. પરંતુ ધંધાની દૃષ્ટિએ તો ૧૯૩૦માં એમને મોટું માન મળ્યું ગણી શકાય. એ વર્ષે લંડનમાં 'કન્ફેક્શનર્સ, બેકર્સ ઍન્ડ ઍલાઇડ ટ્રેડર્સઇન્ટરનૅશનલએકિઝબિશન ઍન્ડ માર્કેટ'માં એમણે મોકલાવેલા માલ બદલ એમને રૌપ્ય પદક આપવામાં આવ્યો. આ યશથી જ મહારાષ્ટ્રની આગેવાન વ્યક્તિઓનું ધ્યાન એ કારખાના તરફ દોરાયું. નવી નવી રીતની ઉત્તમ પ્રકારની જાહેરખબરોએ પણ એમનો યશ સ્થાપવામાં ઓછો ફાળો નથી આપ્યો.

આજે એ કારખાનાનું રોકાણ બે લાખ સુધી પહોંચ્યું છે. હવે એમની આકાંક્ષા હિંદુસ્તાનમાં ઉત્તમ પ્રકારની ચૉકલેટ ઉત્પન્ન કરવાની છે. પોતાની એ દિશા તરફની સઘળી પ્રગતિ માટે પોતાનાં માતુશ્રી સીતાબાઈનો ઉપકાર એ કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે. એ કહે છે, 'અલ્પસ્વલ્પ જ્ઞાનનો પણ પૂરેપૂરો ઉપયોગ કરવાથી જ યશનો માર્ગ સુખકર બને છે.' ઉપરાંત ધંધામાં શાખનું મહત્ત્વ બહુ છે અને બંધાએલી શાખાનું પ્રાણાંતે જતન કરવું જોઇએ. તે ખાસ કરીને દીર્ઘોદ્યોગને જ આભારી છે. હાથમાં લીધેલું કામ પોતાનું હોય કે બીજાનું હોય, છતાં તે નિષ્ઠાપૂર્વક પાર પાડી બતાવવું જોઇએ. એક વાર મને કોઇ પાંચ રૂપિયા આપતું નહોતું તેમાંથી મેં દસ દસ રૂપિયા જમે કરવા માંડ્યા. તેથી જ આજે એ ગુણ પર બે લાખ રૂપિયા ભેગા કરી શક્યો છું.

('કિર્લોસ્કર' માસિકમાંના રા. દા. ઓકના મરાઠી લેખ ઉપરથી)

કરોળિયો

વળી પાછો આ કોઈ સૂકો વિજ્ઞાનલેખ આવ્યો—એમ ગણીને જો અહીંથી આંખ ફેરવી જશો તો એક રસમય વાર્તા ગુમાવશો અને જો વાંચી જશો તો—કરોળિયા વિષેની નહિ જાણી હોય એવી વાતોનો આનંદ પામશો.

લેખક
ડૉ. યશવંત ગુ. નાયક
એમ.એસસી. પિએચ.ડી.

એક વખત તો એ મોટી વાડ હતી; પણ આજે લગભગ અદૃશ્ય થઈ ગઈ હતી. ખેતરની સાફસૂફીમાં એ વાડનું ઘેરૂં ઝુંડ કપાઈ ગયું હતું અને આજે તેની જગ્યાએ માત્ર ભીંડીના થોડાક છોડવા અને ક્યાંક મેંદી ઊગેલી દેખાતી હતી. છતાં એ છોડવા પોતે જાણે કોઇ મોટી જાળનાં વૃક્ષો હોય તેમ અરમાનથી ઊભેલાં દેખાતાં હતાં. જોકે એના ઉપર ભાગ્યે જ કોઈ પંખી આવીને બેસતું અથવા માળો બાંધતું.

આમ છતાં એ છોડોના ગર્વનો કંઇ પાર નહોતો. દૂરના ખેતરની લીલીછમ ઘટાદાર વાડનાં ઝાડવાંની એ ઇર્ષ્યા પણ કરે છે. મનમાં એમ થતું કે પંખીઓ, જીવજંતુઓ વગેરે આવીને પોતાની વાડને પણ એમ ગજાવી મૂકીને આકર્ષક બનાવે તો કેવું! એવામાં એક ઉંદરે આવીને ત્યાં ઘર કરવાનો વિચાર કર્યો, પરંતુ જેવી તેની નજર દૂરની પેલી લીલીછમ ઘટાદાર વાડ ઉપર પડી એવો જ તે ત્યાં ભાગી ગયો.

એક દિવસ ભીંડીએ મેંદીને કહ્યું: 'આપણી વાડમાં કોઇ પંખી આવીને માળો બાંધે તો આપણે એની એવી તો બરદાસ્ત કરીએ કે તેને ફરી જવાનું મન જ ન થાય.'

'આપણાં એવાં નસીબ ક્યાંથી? મેંદીએ જવાબ આપ્યો. 'પંખીને તો લીલાંછમ ઝાડ ગમે. અને આપણે તો હમણાં આ પાનખર ઋતુ આવી એટલે બોડાં બટ થઈ જવાનાં. પછી આપણે ત્યાં પંખી ક્યાંથી આવે?'

એટલામાં એક અવાજ સંભળાયો: 'હું તમારે ત્યાં આવું?' અને આમ કહેતાંકહેતાં એક વિચિત્ર જીવે વાડમાં પ્રવેશ કર્યો.

મેંદીએ પૂછ્યું, 'તું કોણ છે? નર કે માદા?'

'હું માદા કરોળિયો—અથવા કરોળિયણ છું.'

ભીંડીએ પ્રશ્ન કર્યો, 'તું ઊડી શકે છે?'

'હું દરેક વ્યવહાર થોડોથોડો કરી જાણું છું.'

ભીંડીએ ફરીથી પૂછ્યું, 'તું માખી અને નાનાં



કરોળિયણ બોલી: મારે આઠ પગ અને આઠ આંખો છે, અને એ વડે હું ચારે દિશાએ ખસી શકું છું તથા આગળપાછળ અને અંધારામાં પણ જોઈ શકું છું. મારો બધો સરંજામ મારા પેટમાં છે.

જંતુને ખાઈ શકે છે?'

કરોળિયણ બોલી, 'બેશક, એ તો મારો ધંધો જ છે.'

ભીંડીએ પૂછ્યું, 'પંખી ઇંડાં મૂકે છે. તું ઇંડાં મૂકે છે કે બચ્ચાંને જન્મ આપે છે?

'હું સેંકડો ઇંડાં મૂકી શકું છું.'

આ સાંભળીને મેંદી બોલી ઊઠી, 'ત્યારે તો તું ખરેખર પંખી જ છે. તને જોકે પાંખો જણાતી નથી, પરંતુ કદાચ ભમરીની પેઠે છુપાએલી પણ હોય. તારે અહીં રહેવું હોય તો સુખેથી રહે. તારૂં શરીર પણ હલકું જ જણાય છે, એટલે અમારી નાજુક ડાંખળી સરખી યે ભાંગવાનો સંભવ નથી. તને માળો બાંધવા નાની ડાંખળીઓ કે પાંદડાં જોઇએ તો સુખેથી લેજે.'

'ના રે, એવી મારે કશી જ જરૂર નથી. મારો સરંજામ હું સાથે લઇને જ ફરું છું.' કરોળિયણ બોલી.

'અરે વાહ! તારી સાથે તો કંઈ જણાતું નથી. કદાચ તારો પતિ લાવતો હશે.' ભીંડી બોલી.

કરોળિયણે હસીને કહ્યું: 'પણ મારે કોઈ પતિ જ



ઉંદરડીએ તપીને કહ્યું: ઓ લુટારુ, ખૂની બાઇ, તને ભાન નથી લાગતું કે મારો મુખ્ય ખોરાક તો અન્ન છે. હું ભાગ્યે જ કોઇ જીવજંતુનો પ્રાણ લઉં છું.'

નથી ને !'

આ વાતચિત દરમ્યાન બાજુમાં એક ઉંદરડી આવીને બેઠી હતી તે આ સાંભળીને બોલી ઊઠી, 'કેવી કમનસીબ સ્ત્રી! તો તો તારું જીવન ખરેખર બહુ જ દુઃખી હોવું જોઇએ.'

કરોળિયણ બોલી: 'અરે રામ! અહીં પણ પાછી એની એ જ વાત ! આથી જ સ્ત્રીજાતિની અવનતિ થઇ છે. પતિવિનાની સ્ત્રી હોઇ જ ન શકે એ માન્યતાથી જ સ્ત્રી એક તિરસ્કારપાત્ર અને તુચ્છ પ્રાણી ગણાય છે. પતિ એ પ્રાણ માત્ર! મારી સાથે કોઇ પ્રેમ કરવા આવશે તો તેની ગતિ શી થશે તે તું જ જોઇ લેજે.'

ઉંદરડી: 'હું તો મારા પતિથી ઘડીભર પણ દૂર રહી શકતી નથી. મારા પતિ ન હોય તો મારાં બચ્ચાંની સંભાળ કોણ રાખે ?'

કરોળિયણ: 'બચ્ચાં ? એની વળી સંભાળ કેવી ? હું તો એવી જગ્યાએ ઈંડાં મૂકું છું કે ત્યાંથી બચ્ચાં નીકળે એવાં પોતપોતાનો માર્ગ જ શોધી લે.'

મેંદીએ ભીંડીને કાનમાં કહ્યું, 'આ કંઈ પંખી જેવી વાત કરતું લાગતું નથી. જોયું ? એને પાંખ તો દેખાતી જ નથી. પંખીને ચાંચ હોય છે; ત્યારે આને તો જડબાં છે. પંખીને બે પગ હોય છે; આને આઠ છે. પંખીને કેવી મઝાની પૂંછડી હોય છે! ને આને તો એક ગોળ પેટ જેવા શરીર વિના બીજું કાંઈ જ ન મળે. ઉપર પીછાં પણ નથી. એને રહેવા દેવામાં કંઇ મઝા લાગતી નથી.'

ભીંડી: 'મને તો આ કંઇક વીંછી જેવું લાગે છે. પંખી તો એ નથી જ. છતાં ભલેને રહે; આપણને થોડા યે પડોશ તો મળશે.'

ઉંદરડીએ કરોળિયણને પૂછ્યું, 'પણ જો તને બચ્ચાંની ફિકર જ ન હોય તો પછી માળો બાંધવાનું તારે શું કામ ?'

કરોળિયણ: 'હું તદ્દન સ્વાશ્રયી સ્ત્રી છું. મારી પોતાની સંભાળ હું જાતે જ રાખું છું. મારો ભક્ષ આપમેળે મારા માળામાં આવી પડે છે. એ તું થોડા જ વખતમાં જોઇશ. ખરેખર, સ્વાશ્રયી થવામાં ખૂબ મઝા છે. અમારી જાતમાં પુરુષો એટલા નિર્માલ્ય અને કંગાળ હોય છે કે તેઓમાં મારા કરતાં ચોથા કદના પણ કોઈ ભાગ્યે જ કોઇ મળશે. એવા કંગાળની સાથે એક માળામાં રહેવું કેમ પાલવે ?'

ઉંદરડી: 'તને હજી પ્રેમ થયો જણાતો નથી. એટલે જ તું પતિની આટલી ઉપેક્ષા કરે છે. બાકી એક વાર તું પ્રેમમાં પડી કે તારી આ કુમતિ જતી રહેવાની.'

કરોળિયણ: 'પ્રેમ? એ વળી બીજી એક ઘેલછા છે. આવવા દે એવા કોઇ પ્રેમીને; અને પછી જોજે તેની વલે કરું તે. ચાલ, હવે અંધારું થવા આવ્યું, મારે હવે માળો બાંધવો જોઇએ.'

ભીંડી બોલી ઊઠી: 'હવે કાલે સવારે અજવાળું થયે જ બાંધજેને અને અત્યારે તારી પાસે સાધન પણ શું છે !'

કરોળિયણ: 'જો મારે આઠ આંખો છે અને આઠ પગ છે. હું આગળપાછળ તેમજ અંધારામાં જોઇ શકું છું, અને આગળપાછળ એમ ચારે દિશાએ ખસી શકું છું. અને મારો સરંજામ તો મારા આ પેટમાં જ ભર્યો છે. મારી મરજી થાય તરત એને બહાર કાઢી શકું છું, જો.' અને આટલું બોલી ભીંડીની એક ડાળી ઉપરથી કરોળિયે નીચે પડતું મૂક્યું. એ જોઇ બંને

કરોળિયો (ડૉ. યશવંત ગુ. નાયક)

છોડ સફાળા બોલી ઊઠ્યા: 'અરે! એ! એ! ગરદન ભાંગીને મરી જવાની!'

'પણ મારે ગરદન છે જ ક્યાં?' એમ કહેતી કરોળિયણ હવામાં જાણે અદ્ધર જ ઝૂલા ખાવા લાગી! બંને છોડ આ જોઇને દિગ્મૂઢ થઇ ગયા. ઊંદરડીએ ખૂબ ઝીણી નજરે જોયું ત્યારે જણાયું કે તેના પેટમાંથી નીકળેલા એક બારીક તારને આધારે તે લટકી રહી હતી.

ઊંદરડીએ પૂછ્યું, 'આ તાર તેં ક્યાંથી કાઢ્યો?'

કરોળિયણ: 'મારા પેટમાં એક જાતની ગ્રંથિ છે. એમાંથી એક ચીકણા રસને શરીરનાં બારીક છિદ્ર વાટે હું બહાર કાઢું છું. એ રસનો તાર બહાર નીકળતાંવેંત જ સુકાઇને ઘટ્ટ બની જાય છે. એ એટલો તો બારીક હોય છે, કે તું માંડમાંડ તે જોઈ શકે. તે આટલો બારીક હોવાથી ઘણા ખગોળશાસ્ત્રીઓ તો દૂરબીનમાં વેધ જોવા માટે પણ તેનો ઉપયોગ કરે છે.'

વાત પૂરી કરીને કરોળિયણે ફરી પોતાની ક્રિયા શરૂ કરી. તે એક ડાળીથી બીજી ઉપર અને બીજીથી ત્રીજી ઉપર એમ કૂદકા મારવા લાગી. એ દરેક કૂદકે એના શરીરમાંથી તાર નીકળતો અને તે ઉપર એ મોજથી સડસડાટ હરતીફરતી ઝૂલતી. થોડી વારમાં પવન નીકળ્યો, એટલે કરોળિયણે તો એ પવનમાં જ હવે એઠાંએઠાં પોતાના તાર ફેંકવા માંડ્યા. પવનની મદદથી એ લાંબા તાર છોડની દૂરદૂરની ડાળી સાથે વળગી ગયા. એ તાર ઉપર પછી કરોળિયણ ઝડપથી આમતેમ દોડીને તેને બેવડા ત્રેવડા કરી દેવા લાગી.

આમ આખી રાત ચારે બાજુએ ઘૂમીને સવાર થતાં તો કરોળિયણે એક સુંદર જાળ તૈયાર કરી. એ પૂરી થઇ ત્યારે જ ભીંડી અને મેંદીના છોડને એની કળાત્મક રચના ધ્યાનમાં આવી. સવારે તેમણે જોયું તો કરોળિયણ આઠે પગ ભેગા કરી બંને છોડાની વચ્ચે જાળ ઉપર ઊંઘતી હતી.

સૂરજ ઊગ્યો એટલે ભીંડી અને મેંદીએ કરોળિયણ તરફ નજર માંડી. ઊંદરડી પણ કુતૂહલથી ત્યાં જોવા આવી હતી. સૂરજનો પ્રકાશ જાળ ઉપર પડતાંવેંત કરોળિયણ ત્યાંથી ખસી એક પાંદડા નીચે જઇ ભરાઇ.

'કેમ, તું માળો છોડીને ત્યાં જઈ ને બેઠી?' ઊંદરડીએ પૂછ્યું.

કરોળિયણ બોલી: 'અરે બ્હેન, આ માળો નથી;



બીજે દિવસે ઊંદરડી એક નર કરોળિયાને બોલાવી લાવી. એ બીતોબીતો કરોળિયણ પાસે જઇને પ્રેમની માગણી કરવા લાગ્યો.

આ તો જાળ છે. અને એ કંઇ મારે રહેવા માટે નથી. એમાં તો હું માખી ને મચ્છર પકડું છું. આ તો સૂર્યનો પ્રકાશ મને બહુ ફાવતો નથી એટલે અહીં આવી બેઠી છું.'

એટલામાં એક મેના આવી મેંદીના છોડ ઉપર બેઠી અને બબડી: 'આટલામાં ક્યાંયે કરોળિયાનો ભક્ષ મળે એમ લાગે છે ખરું?' ત્યાં તો કરોળિયણ ઝપ દઇને જાળ ઉપરથી પડતું મૂકી જમીન ઉપર ગુપચુપ સરી ગઇ. મેનાને કોઇએ જવાબ ન આપ્યો એટલે તે ઊડી ગઇ, અને કરોળિયણ પોતાના શરીરમાંથી નીકળેલા તાર વડે પાછી જાળ ઉપર ચડીને બેઠી.

એટલામાં એક માખી ઊડતીઊડતી આવી અને જાળમાં ગૂંચવાઈ. તરત જ કરોળિયણે તેના પર તરાપ મારી પોતાની સૂંઢ ભોંકીને તેના શરીરમાં ઝેર મૂક્યું. આથી માખી બેભાન થઈ ગઈ. પછી થોડી જ વારમાં કરોળિયણ તેને સ્વાહા કરી ગઈ. આ પછી થોડીથોડી વારે નાનાંમોટાં જંતુ અને જીવડાં આવી જાળમાં

સપડાવા લાગ્યાં. તેમાંનાં કેટલાંક બળવાન હોય તે છટકી જતાં, અને કેટલાંક નિર્બળ ગૂંચવાઈ જઈ કરોળિયણનો ભક્ષ બનતાં. કરોળિયણ ધરાઇ રહી એટલે ત્યાર પછી પકડાએલી માખી વગેરેને તે ઝેરી ડંખ વડે મારી નાખીને તેમના ફરતી નવી જાળ વીંટાળીને લટકાવી મૂકવા લાગી.

ઊંદરડીએ આ જોઈ તેને કહ્યું, 'આમ ખોરાક સાચવી રાખવાની તારી રીત મને ગમે છે. હું પણ એમ જ ખોરાકનો સંગ્રહ કરી રાખું છું. પરંતુ મને તારી બીજી રીતભાત બહુ પસંદ નથી. જીવજંતુને ઝેર દઇ મારી નાખવાં એ સાપ જેવાં દુષ્ટ પ્રાણીનું કામ છે.'

કરોળિયણે હસીને જવાબ આપ્યો, 'અરે વાહ રે ધર્મની પૂંછડી' તું તો તારા ભક્ષની પૂજા કરીને પછી ખાતી હોઇશ, કેમ?'

ઊંદરડી તપીને બોલી: 'ઓ લુટારૂ ખૂની બાઇ! તને ભાન નથી લાગતું કે હું ભાગ્યે જ કોઇ જીવજંતુનો પ્રાણ લઉં છું. મારો મુખ્ય ખોરાક તો અન્ન છે.'

કરોળિયણ: 'હવે એ બધી ડાહીડાહી વાતો જવા દે. જો તારી પેઠે અન્ન ખાવાનો આગ્રહ રાખીને હું બેસું તો બીજે દિવસે મારે અન્નના ઢગલામાં પણ ભૂખે જ મરવું પડે. એ તો ઇશ્વરે સૌસૌનો ખોરાક નિર્માણ કરેલો છે. તારે માટે અન્ન ને મારે માટે માખી ને મચ્છર.'

ભીંડી અને મેંદીના છોડ હવે બોલી ઊઠ્યા: 'જો ઊંદરડી, તારે અમારા પંખીને છેડવું નહિ. એ ભલે એને પસંદ આવે તે ખોરાક ખાય. તારે તેની શી પંચાત? અમે એને ગુમાવવા ઇચ્છતાં નથી.'

ઊંદરડી રીસાઇને ચાલી નીકળી. થોડી વાર રહીને મેંદીએ ભીંડીને કાનમાં કહ્યું: 'આપણું આ નવું પંખી ગાતું જણાતું નથી. ગાય તો કેવું સુંદર! ભીંડીએ જવાબ આપ્યો: 'કદાચ એને બચ્ચાં થશે ત્યારે ગાશે.'

'પણ એ ગાઈ શકે છે કે કેમ તેની જ મને તો શંકા છે.' ભીંડી બોલી.

'થોડા જ દિવસમાં સમજાશે. એને કોઈ પતિ મળી જાય તો સારૂ.'

કરોળિયણ વચ્ચે બોલી ઊઠી, 'કેમ? શા વિચાર માંડ્યા? મારા વિવાહની વાતો ચાલે છે કે શું?'

ભીંડી બોલી: 'હા. કોઇ તારી જાતનો નર આવે તો કેવું સારૂં!'

કરોળિયણ: 'ઘણું જ સારૂં; નરનું માંસ તો મને ખૂબ ભાવે છે.'

મેંદી (ઠબકી જઇને): 'શું? તું નર કરોળિયાને ખાઈ જાય છે?'

'હા; અને એ બિચારા એ જ લાગના છે. હું પણ કોઈ આવે તેની જ રાહ જોઉં છું.'

'અરે, તું તે રાક્ષસી છે, કે છે કોણ? પતિને ખાઈ જનાર તું તે કઇ જાતનું પ્રાણી છે? ના ના; એમ તો ન બને. તને પ્રેમ પેદા થાય તો તે નરને તું ખાઈ જાય એ સંભવિત નથી.'

ઊંદરડી વળી ફરતીફરતી આવીને આ વાત સાંભળતી હતી. તે બોલી, 'ખરેખર, મારે કોઇ નરને શોધીને એની પાસે લાવવો પડશે. એ પ્રેમમાં પડે તો જ કંઈ એનો સ્વભાવ સુધરે તેમ લાગે છે.'

પણ તે દિવસે તો સાંજ પડી ગઇ હતી એટલે એ કામ મુલતવી રહ્યું.

બીજે દિવસે ઊંદરડી એક નર કરોળિયાને બોલાવી લાવી. એ બીતોબીતો પાસે જઇને કરોળિયણના પ્રેમની માગણી કરવા લાગ્યો. થોડી વાર તો કરોળિયણ કંઇ બોલી નહિ, પણ પછી ઝડપથી એક તરાપ મારી નરને સપાટામાં લેવાનો પ્રયત્ન કર્યો. પરંતુ નર પણ તેટલો જ ચંચળ હતો, એટલે એક ક્ષણમાં તે છટકીને દૂર ભાગી ગયો અને ફરી દેખાયો જ નહિ.

પણ ઊંદરડી આથી નિરાશ થઇ નહિ. તેણે વારાફરતી બીજા અગિયાર નરોને બોલાવી લાવીને માદા કરોળિયાની સાથે લગ્ન કરવાની ગોઠવણ કરી; પરંતુ એમાંથી પાંચ તો માદાના સપાટામાં આવીને ભક્ષ બન્યા અને બાકીના માંડમાંડ ભાગી છૂટ્યા! છેવટે ઊંદરડી હતાશ થઇ ગઇ અને તેને લાગ્યું કે આમ આ રાક્ષસીને પરણનાર લાવીને તેમનાં ખૂન કરાવ્યે જવામાં કાંઈ સાર નથી. કરોળિયણની ભયંકર ક્રૂરતા ઉપર ફિટકાર વર્ષાવી તે જવાની તૈયારી કરતી હતી એટલામાં ભીંડી બોલી, 'અરે, આ તે કઇ જાતની બાયડી છે! એ પોતાનો પરિવાર મૂક્યા વિના વાંઝણી જ મરી જશે એમ લાગે છે. ઓ બાઇ! તને આ જગતમાં તારાં જેવાં બીજાં પ્રાણી મૂકી જવાની હોંશ જ નથી? આમ તો તારી આખી જાત સદંતર નાશ પામશે.'

કરોળિયણ: 'તમારી વાત તો ખરી છે. મારી જાતિ નાશ તો ન જ પામવી જોઇએ. જાઓ, તો હું લગ્ન કરીશ.'

ઊંદરડી, મેંદી અને ભીંડી એ ત્રણે આ સાંભળીને હર્ષ પામ્યાં. ઊંદરડી નવા મુરતિયાની શોધમાં નીકળી. જોતાંજોતાં તેને એક બહાદુર પુરુષ મળી આવ્યો. પણ કરોળિયણે તેને ઠંડો જ આવકાર આપ્યો. પછી તેના દેખતાં જ જાળમાં પોતે બાંધી રાખેલી બધી માખીઓને કરોળિયણ આરોગી ગઈ. નરને તેણે ખાવાનું પણ ન આપ્યું. આમ છતાં નર તો હર્ષથી ફૂલાતો હતો કે બીજા કરોળિયા હાર્યા ત્યાં તે જીત્યો હતો. એને ખાવાની પણ પડી ન હતી. ઊંદરડી, મેંદી અને ભીંડીના હર્ષનો પણ પાર નહોતો. ભીંડીને લાગ્યું કે હવે તેમનું પંખી ગાશે.

બીજે દિવસે સવારે સૂરજ ઊગતાં ઊંદરડી હોંશભરી આવી. મેંદી અને ભીંડી પણ ઉત્સાહમાં આવી ડોલતાં હતાં. કરોળિયણનો સુખી ઘરસંસાર જોવાને એ બધાં આતુર હતાં. ઊંદરડીએ આવતાંવેંત કરોળિયણને પૂછ્યું, 'કેમ? હવે તને પતિની લગની લાગી ને?'

કરોળિયણ બોલી: 'હા એ બિચારાને માટે મને થોડોક તો પ્રેમ થયો હતો.'

ઊંદરડી ગભરાઇ ઊઠી: 'થયો હતો?—કેમ? ક્યાં ગયો એ તારો પતિ?'

કરોળિયણ બેપરવાઇથી બોલી: 'સવારે મારી પાસે જ ઊભો હતો. પરંતુ એનું કંગાળ શરીર ને મૂર્ખાઇભરેલા દેખાવથી મને એટલો તો કંટાળો આવ્યો કે તેને હું ખાઇ ગઈ!'

ઊંદરડી, મેંદી અને ભીંડી ચીસ પાડી ઊઠ્યાં: 'અરેરે હત્યારી!'

ઊંદરડી હતાશ થઇ ચાલી ગઇ. મેંદી અને ભીંડીએ શરમના માર્યાં નીચું ઘાલી દીધું અને આવા દુષ્ટ જીવને આશ્રય આપવા માટે પસ્તાવા લાગ્યાં.

થોડી વારે ભીંડી બોલી: 'કદાચ એને બચ્ચાં થશે ત્યાર પછી એનું હૈયું કંઇક પ્રેમાળ બનશે, અને કદાચ ગાશે પણ ખરી.'

મેંદી કંટાળીને બોલી: 'હવે એ વાતમાં કાંઈ માલ દેખાતો નથી. એનું દિલ જરાયે પલળે એમ નથી; અને એ ગાય એમ પણ લાગતું નથી. અરે, ઈંડાં પણ મૂકે તેવો સંભવ નથી.'

થોડા દિવસ વીત્યા બાદ કરોળિયણે એક કોથળીમાં દસ ઇંડાંનો એક ઢગ મૂક્યો.

ભીંડીએ એ જોઈ કહ્યું, 'એ બાઇ! હવે તું આ ઈંડાંની તો સંભાળ લે. એને માટે માળો બાંધ; એમાંથી બચ્ચાં નીકળે તેને માટે ખોરાક ભેગો કરી રાખ. બચ્ચાં નીકળશે ત્યારે ખાશે શું તેનો તો વિચાર કર.'

પણ કરોળિયણનું ચિત્ત આ ડાહી સલાહ સાંભળવામાં ન હતું. એ દરમિયાન તો કરોળિયણે ઇંડાંના બીજા એવડા ચાર ઢગ કોથળીમાં મૂક્યા. પછી એ કોથળીને જમીન ઉપર એક ખાડામાં વળગાડી આવી. આમ નવરી થઇ આવીને પછી ભીંડી અને મેંદીને ઉદ્દેશીને તે બોલી, 'ચાલો, હવે મને નિરાંત થઇ. બધી જંજાળ દૂર થઇ.'

ભીંડી બોલી: 'એ બચ્ચાંની સંભાળ કોણ લેશે?'

કરોળિયણ બોલી: 'એની વળી સંભાળ શી? એ મરવાનાં થશે તો જ મારી પાસે આવશે.'

આ સાંભળી ખિજવાઇને ભીંડી ફુંફાડી ઊઠી: 'એ બેશરમ નાર! તને જરા પણ લાગણી નથી? તને તે ક્યાંથી અમે અહીં બોલાવી? ખરેખર, તું પંખી નથી પરંતુ કોઈ રાક્ષસી જ છે.'

આમ વાત ચાલતી હતી એટલામાં એક મેના ઊડતી ઊડતી ત્યાં આવીને આંખના પલકારામાં કરોળિયણને ઝડપી લઇ ખાઇ ગઇ. મેંદી અને ભીંડી બોલી ઊઠ્યાં: 'હાશ...લેતી જા! એ જ લાગની હતી.'

આ પછી મેંદી અને ભીંડીની વાડ પાસે બીજું કોઇ પંખી આવ્યું નહિ, અને પાનખર ઋતુ આવતાં તો તેમનાં બધાં પાન ખરી પડ્યાં ને એ વાડ સૂકી નિર્જન થઈ ગઇ. દૂરની લીલી વાડનાં વૃક્ષો આ બધા તમાસાની દયા ખાઇ રહ્યાં હતાં. એક ઊંદરડી બિચારી કદિક અહીં જતી આવતી અને નિર્જન વાડ જોઇને નિસાસા મૂકતી.

(કાર્લ ઈવાલ્ડ નામના ડૅનિશ લેખકના 'ટ્વેલ્વ સિસ્ટર્સ' —બાર બહેનો—નામના પુસ્તકમાંથી સૂચિત)

ન્યાયાધીશ (કેદીને): ગયા વખતે જ્યારે તને મારી પાસે લાવવામાં આવ્યો ત્યારે મેં તને નહોતું કહ્યું કે હું હવેથી તારું મોં જોવા માગતો નથી?

કેદી—હા સાહેબ, મેં પોલીસને પણ એ જ કહ્યું: પણ એ તો મને અહીં ઘસડી જ લાવ્યો.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: 'રખડુ'–ડી. ડી. બારોટ (વડોદરા); બીજું ઇનામ: 'તાજું ફળ'–કેશવલાલ પાન્ડેય (અમદાવાદ), ત્રીજું ઇનામ: 'ફેકટર કારીગર'–ચીમન મેવાડા (કલોલ).

ઈનામ જીતનારાં ત્રણે ચિત્રોનાં પાત્રો પોતપોતાના વર્ગનાં પ્રતિનિધિ છે અને ત્રણેને તેમનાં રોજના વેશમાં બતાવ્યા છે. રખડતા ભિખારીઓનો હિંદમાં તોટો નથી. શહેરની ગલીએ ગલીએ ને ગામડાંની ભાગોળે ભાગોળે આવા રખડુઓની જમાત અડ્ડા જમાવી પડેલી છે. તેમના શરીરના એકેએક અવયવથી માંડીને તેમની હમેશની વપરાશની નાનામાં નાની ચીજ તેમના કરુણ જીવનની કથા કહી રહી હોય છે. ભાઇ બારોટનો 'રખડુ' પોતાની કંગાલ દશા માટે સમસ્ત સમાજને જાણે વક્ર દૃષ્ટિથી નિહાળતો હોય એમ લાગે છે. પહેલી નજરે નીરસ ને કલાતત્ત્વ વિનાનું લાગતું આ પાત્ર સ્વાભાવિકતાથી રજૂ થતાં કેવું આકર્ષક બને છે! બિલકુલ સાદા વાતાવરણમાં લીધેલા આ ચિત્રનો સંદેશ હૃદય ઉપર સચોટ છાપ પાડે છે.

હવે ભાઇ બારોટ તથા ભાઈ મેવાડાનાં ચિત્રો સરખાવો. ભાઈ બારોટનો 'રખડુ' તેની પાછળ ભૂરા આકાશમાં તરતી વાદળીઓની બૅકગ્રાઉન્ડને લીધે ઉઠાવ પકડે છે, જ્યારે ભાઇ મેવાડાનું પાત્ર બૅકગ્રાઉન્ડમાં ભળી જાય છે. ડાબી તરફ ખસીને આકાશની સ્વચ્છ બૅકગ્રાઉન્ડ લેવાઇ હોત તો સારૂં હતું.

ભાઇ બારોટની નેગેટિવનું એક્સ્પોઝર તથા ડેવેલપમેન્ટ પ્રમાણસર જણાય છે. વળી તેમણે નેગેટિવની પારદર્શકતા (density) વિચારીને યોગ્ય ગ્રેડના કાગળ ઉપર પ્રિન્ટ ઉતાર્યો છે. ફોટોગ્રાફિક ટેકનીક પણ બહુ સારી કહેવાય. ભાઇ મેવાડાનો પ્રિન્ટ ઊતરતા ગ્રેડના કાગળ ઉપર લેવાની જરૂર છે. તેના છાયાભાગની વિગતો સ્પષ્ટ નથી એનું કારણ એ જ છે. ચિત્રને ઉપરથી અને જમણી તરફથી અરધો અરધો ઇંચ કાપીને નેગેટિવને બંધબેસતા ગ્રેડના કાગળ ઉપર એન્લાર્જ કરવાથી સારૂં ચિત્ર બનશે.

ભાઈ પાન્ડેયના ચિત્રની સફળતા તેની સાદાઇને આભારી છે. તેની બૅકગ્રાઉન્ડ ચિત્રકથાનો મહત્ત્વનો ભાગ બની રહે છે. રેલ્વે સ્ટેશન ઉપરના ફેરિયાના ચિત્ર માટે આગગાડી કરતાં વધુ સરસ બીજી બૅકગ્રાઉન્ડ હોઇ શકે નહિ. સામા પ્રકાશથી લેવાએલા આ ચિત્રમાં ફેરિયાનું પાત્ર પ્રકાશની રેખા લીધે બૅકગ્રાઉન્ડથી છૂટું પડે છે. સહેજ ઊંચા દૃષ્ટિકોણથી ચિત્ર લેવાયું હોત તો ફેરિયા અને ગ્રાહકના હાથની ક્રિયા બરાબર રજૂ થઈ શકત. એક્સ્પોઝરની ચાંપ સુયોગ્ય પળે દાબેલી હોવાથી ચિત્રમાંના એકેય પાત્રની નજર કૅમેરા તરફ નથી વળી તે ચિત્રનો મોટો ગુણ છે. સામા પ્રકાશમાં ચિત્ર લેતાં સામાન્યરીતે અપાતા એક્સ્પોઝરમાં થોડો વધારો કરી ડેવેલપમેન્ટના સમયમાં થોડોક ઘટાડો કરવો. આથી નેગેટિવની પારદર્શકતા પ્રમાણસર આવશે ને સાથોસાથ પાત્રના છાયાપ્રકાશના ભાગોની વિગત બરાબર ઊઠી આવશે. ભાઈ પાન્ડેયનાં એક્સ્પોઝર અને ડેવેલપમેન્ટ ચિત્રવસ્તુને અનુકૂળ હોવાથી સફળ ચિત્ર ઊપજ્યું છે.

ગુમાવેલી તકો

(૧) 'ગામને ગોંદરે' અને (૨) 'વિસામાની આશામાં' –મઝહર માસ્તર (પાલણપુર); (૩) 'ચીનની બનાવટ'–ફીરોજ સરકાર (સુરત).

ઊંટને દોરીને ગામમાં દાખલ થતા માણસના, સામા પ્રકાશમાં લેવાએલા 'ગામને ગોંદરે'માં ચિત્રવસ્તુ ગૂંચવણભરેલું છે. પાડનારની ઇચ્છા ઊગતા સૂર્યના કોમળ પ્રકાશમાં ગામડાની ભાગોળને રજૂ કરવાની હોય એમ ચિત્રના નામ ઉપરથી કલ્પી લઇએ તો તે પ્રયાસ નિષ્ફળ નીવડ્યો છે. ઊંટ તથા માણસ તેમનાં કદથી, તેમજ ચિત્રવિસ્તારમાં અપાએલા તેમના સ્થાનથી ચિત્રનું લક્ષ બને છે, છતાં તે પૂરતા પ્રમાણમાં મોટાં નથી. વળી મકાનોને ઢાંકી દેતી ઝાડની ડાળીઓ ચિત્રમાં વિક્ષેપ નાખે છે. ભાઈ મઝહરના બીજા ચિત્રમાં યે ચિત્રસંદેશ સમજાતો નથી. મુખ્ય વસ્તુ અને તેની આજુબાજુનાં અંગો તરફ ધ્યાન આપવાની જરૂર છે. ચિત્રનો હેતુ સમજાય તેવી ચિત્રગૂંથણી થવી જોઇએ.

ભાઈ સરકારનાં ચિત્રોની ટેકનીક સારી છે, પણ ચિત્ર–સંયોજનાની દૃષ્ટિએ સર્વ વસ્તુઓની એકબીજા સાથેનો સંબંધ દર્શાવતી રચના બરાબર નથી. 'પરીક્ષાની તૈયારી'માં પાત્રોની ગોઠવણ ઠીક છે. દૂરના પાત્ર ઉપર વધારે પ્રકાશ પાડવાથી તે જોનારની આંખને પકડી લે છે. પરિણામે મુખ્ય પાત્ર ગૌણ બને છે. ચિત્ર–વિસ્તારનો બહુ થોડો જ ભાગ રસમય લાગે છે.

'ચીનની બનાવટ'માં જમણી તરફનું દૂધ ભરવાનું વાસણ ઉપાડી લેવાની જરૂર હતી. કૅમેરાને થોડો ડાબી તરફ ખસેડવાથી સંયોજનમાં સુધારો થાત ને ચિત્ર સારૂં બનત.

બલવન્ત ભટ્ટ

'આ કૂતરો માયાળુ છે?' ઘરાકે સવાલ કર્યો.

'ખરેખર; હું એને પાંચ વાર વેચી ચૂક્યો છું અને પ્રત્યેક વખતે એ મારી પાસે જ પાછો ફર્યો છે.' વેચનારનો જવાબ આવ્યો.

ભૂતકાળની શોધમાં

નીકળેલા શ્રી અમૃતલાલ વ. પંડ્યા ઉત્તર ગુજરાત-નાં પ્રાચીન સ્થળો ખૂંદતાંખૂંદતાં આ લેખમાળામાં એ પુરાણાં ઇતિહાસકેન્દ્રોનો પરિચય કરાવવાની સાથે પુરાતત્ત્વસંશોધનના પહેલા પાઠ શીખવે છે.



ડાબી બાજુઃ સાબર-કાંઠાના આદિ માન-વની પાષાણ યુગની મળી આવેલી અશ્મ-કની હથોડી.
જમણી બાજુઃ એ વાપરવાની તેની પદ્ધતિ

ગામ બહાર નીકળતાં ફરી પેલા પાળીઆને પડખેથી હું પસાર થયો. એમાંના બે જમીનમાં એટલા ઊંડા દટાઈ ગયા હતા કે એમની ઉપરનાં લખાણો બહાર દેખાતાં જ નહોતાં. * એક ભાંગેલો હતો અને બાકીના બે ઉપર ભરવાડોએ કુહાડીઓ ઘસીઘસીને તેમનાં લખાણો સાફ કરી નાખ્યાં હતાં અને આ રીતે કરમાણ ગામના નિવાસીઓના પૂર્વજો, તેમની આવતી પેઢીઓ માટે પોતાનો જે કંઇ ઇતિહાસ કોતરી ગયા હતા તેનો, અજ્ઞાનવશ ગામલોકોએ સદૈવ માટે નાશ કરી નાખ્યો હતો. પોતાની અણમોલી સમૃદ્ધિનો પોતાને હાથે જ તેઓ આમ નાશ કરી રહ્યા છે એટલી જ ટકોર જો ગામલોકોને કરવામાં આવે અને આ વસ્તુ-ઓનું તેમના હિતમાં શું મહત્ત્વ છે એ સમજાવવામાં આવે તો આજે ગુજરાતને ગામડે ગામડે ઐતિહાસિક સાધનો જે સતત વિનાશને ભેટી રહ્યાં છે તેમને સહેજે બચાવી લઇ શકાય.

વહેલી તકે આ રાષ્ટ્રીય વિનાશને અટકાવો

ગામડાંઓમાં વસતા કે જતાઆવતા કેળવાએલા લોકો જો આટલું કરે તો તેમનું આ કાર્ય એક મહાન રાષ્ટ્રીય સેવા ગણાશે. કમનસીબે, ગુજરાતની એકકે ય પુરાતત્ત્વસંશોધક સંસ્થા એમ નથી સમજી કે પુરાતત્ત્વ-સંશોધનમાં ઐતિહાસિક સાધનોનું રક્ષણ કરવું કે કરાવવું એ કાર્ય તેમના સંશોધન કરતાં વધુ કીમતી અને પહેલી અગત્ય તથા જરૂરિયાતનું છે. આ કાર્ય મોટે ભાગે રાજ્યના અધિકારીઓ તરફથી થાય છે, પણ હાલ આપણે ત્યાં ગુજરાતનાં રાજ્યો તરફથી આ કાર્ય થતું નથી તો મજકુર સંસ્થાઓએ આ બાબત તરફ રાજ્યોનું લક્ષ ખેંચી તે હાથ ધરવા તેમને પ્રેરવાં જોઇએ. અને પ્રજાના સહકાર વગર એ શક્ય નથી એટલે આ બાબતને લગતાં સૂચનો કરનારી નાનીનાની પત્રિકાઓ છપાવી ગુજરાતને ગામેગામ મુખીઓ, તલાટીઓ, શિક્ષકો વગેરે કેળવાએલા લોકોને મોકલી આપવી જોઇએ. આ કાર્યમાં ઢીલ કરવી તે જાણી જોઇને થોડોક વધુ વખત આ રાષ્ટ્રીય વિનાશને ચાલવા દેવાના ઇરાદા સમાન છે.

હવે હું લોટેશ્વરનો પંથ કાપવા લાગ્યો. જમીન સપાટ હતી ને તેમાં ધ્યાન ખેંચે તેવું કાંઇ હતું નહિ, એટલે પુરાતત્ત્વસંશોધનનો પહેલો પાઠ આપતાંઆપતાં જ હવે હું મારો પંથ કાપીશ.

પુરાતત્ત્વ એટલે શું ?

પુરાતત્ત્વસંશોધનની તમન્ના સેવનારાઓએ સૌ પહેલાં એક વસ્તુ ખાસ લક્ષમાં રાખવાની છે, અને તે આ કે પુરાતત્ત્વ એ કોઈ મૂળરાજના વંશનું મૂળ કે કોઈ સિદ્ધરાજની સિદ્ધિઓ શોધવાનું શાસ્ત્ર નથી, કોઇ જયશિખરી કે વનરાજની ઐતિહાસિકતા કે અનૈ-તિહાસિકતા, અથવા તેમનાં જન્મ, મરણ અને બારમા તેરમાની તારીખો વગેરે તપાસવાં એ જ પુરાતત્ત્વનું ધ્યેય નથી. કમનસીબે, આપણા પ્રાંતનું પુરાતત્ત્વ અત્યાર સુધી આવા જ પ્રશ્નોની આસપાસ ઘુમરીઓ ખાતું આવ્યું છે, ને તેને પરિણામે પુરાતત્ત્વનો જે ખરો અર્થ છે તેના કરતાં આપણે કંઇક જુદો જ સમજી બેઠા છીએ. પુરાતત્ત્વ એ માનવસમાજના કોઈ માત્ર એક જ રાજકીય પાસાને પ્રકાશમાં લાવનાર શાસ્ત્ર નથી.

*બહાર રહેલી પુરાવસ્તુઓ કરતાં જમીનમાં દટાઇ જતી એવી વસ્તુઓ ઘણી સારીરીતે સચવાય છે. દટાઇ જવાથી તે હવાપાણીની અસર કે લોકો દ્વારા થતી ભાંગફોડમાંથી રક્ષણ પામે છે, અને કાઢતી વખતે, જે સ્થિતિમાં દટાએલી હોય તે જ સ્થિતિમાં આખીશુદ્ધ નીકળે છે. આ વિષય હવેનાં પ્રકરણોમાં પૂરી સમજૂતી સાથે ચર્ચીશું.

પુરાતત્ત્વ એટલે માનવસમાજના પ્રારંભથી માંડી તેની છેલ્લી પેઢી સુધીના ભૂતકાળનું સત્ય દર્શન કરાવનારૂં શાસ્ત્ર. ભવિષ્યની દરેક યોજના માટે જેમ ભૂતકાળના અનુભવનો પ્રકાશ જોઇતો હોય છે, તેવી જ રીતે માનવસમાજની આવતી કાલની યોજનાઓ ઘડવા માટે તેના ભૂતકાળની પ્રગતિ અને અનુભવના પ્રકાશની જરૂર પડે છે. એ પ્રકાશ માનવસમાજને પુરાતત્ત્વ આપે છે. કમનસીબે આપણે ત્યાં હિંદમાં હજી આ શાસ્ત્રની એટલી બધી પ્રગતિ થઇ નથી કે આપણા ભવિષ્યના ઘડતર માટે તેમાંથી આપણે પ્રકાશ મેળવી શકીએ. હાલ આપણે ત્યાં એ શાસ્ત્ર બાળપણ ભોગવી રહ્યું છે અને ગુજરાતમાં તો ખરા પુરાતત્ત્વનો હજી જન્મ પણ થયો નથી એમ કહીએ તો ચાલે. હાલને તબક્કે આ શાસ્ત્રના વિકાસ માટે જેટલો અવકાશ ગુજરાતમાં છે તેટલો બીજા કોઈ પ્રાંતમાં નથી.

પુરાતત્ત્વના પ્રકાર

પુરાતત્ત્વ (**Archaeology**) * ઇતિહાસ લખવા માટેનાં સાધનોનું શાસ્ત્ર છે. ઇતિહાસની ગણત્રી **Arts** (સાહિત્ય)માં અને પુરાતત્ત્વની વિજ્ઞાન (**Science**)માં થાય છે. એની મુખ્ય ચાર શાખાઓ છે. પ્રાક્–ઇતિહાસકાલીન અથવા પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વ (**Prehistoric Archaeology**); (૨) ઇતિહાસકાલીન અથવા ઐતિહાસિક પુરાતત્ત્વ (**Historic Archaeology**); માનવવંશશાસ્ત્ર (**Anthropology**) તથા ભાષાશાસ્ત્ર અને (૩) **Philology.**

જે કોઇ દેશના વર્તમાન કાળની પાછળ તેના ભૂતકાળનો અંકોડાબંધ ઇતિહાસ જે ઐતિહાસિક સાધનોના આધારે લખી શકાય તે સાધનોનાં સંશોધનનું વિજ્ઞાન તે તે દેશનું ઐતિહાસિક પુરાતત્ત્વ કહેવાય છે. દાખલા તરીકે હિંદનો અંકોડાબંધ ઇતિહાસ હાલના સમયથી માંડી તે શિશુનાગ વંશના રાજા બિંદુસારના રાજ્યારોહણ (ઇ. સ. પૂર્વે ૫૪૩)ના સમય સુધીનો મળી આવે છે એટલે આ સમયના ઇતિહાસને લગતાં જે કંઇ સાધનો આપણી પાસે છે તે બધાંનું સંશોધન તે આપણા દેશનું ઐતિહાસિક કે ઇતિહાસકાળનું પુરાતત્ત્વ કહેવાય છે.

ઇતિહાસકાળની પહેલાંથી માંડી માનવ જાતિની ઉત્પત્તિ સુધીના કાળ સાથે જેને સંબંધ છે તે પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વ કહેવાય છે. આ સમયનો ઇતિહાસ ત્રુટકત્રુટક મળી આવે છે, અંકોડાબંધ મળી આવતો નથી; અને અંકોડાબંધ મળી આવે તો તો પછી તે ઐતિહાસિક પુરાતત્ત્વ જ ન કહેવાય !


આ બંને પ્રકારનાં પુરાતત્ત્વો પરસ્પર સંકળાએલાં છે અને તેમાં પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વનો જેમજેમ વધુ અભ્યાસ થતો જાય છે તેમતેમ ઐતિહાસિક પુરાતત્ત્વ માટે વધુ અંકોડા મળતા જાય છે, ને તેને પરિણામે ઐતિહાસિક પુરાતત્ત્વની સમયમર્યાદા વધતી જાય છે અને પ્રાગૈતિહાસિકની ઘટતી જાય છે. દાખલા તરીકે હિંદી ઇતિહાસના આદિ નિર્માતા સ્મિથ, રેપ્સન વગેરે. એ હિંદી ઇતિહાસના ઐતિહાસિક કાળનો પ્રારંભ ઈ.સ. પૂર્વે ૫૪૩થી થયેલ હોવાનું નક્કી કર્યું હતું. તાજેતરમાં હેમચંદ્રરાય ચૌધરી આ સમય પૂર્વેના પણ થોડાક અંકોડા મેળવી તેને પરીક્ષિતના રાજ્યકાળ સુધી લઈ જઈ શકયા છે, અને તેથી હવે હિંદી ઇતિહાસનો ઐતિહાસિક કાળ ઇ.સ. પૂર્વે નવમા સૈકાથી શરૂ થએલો મનાવા લાગ્યો છે. આમ, સ્મિથના સમયમાં મનાએલા હિંદના પ્રાગૈતિહાસિક કાળનાં ૩૦૦ વર્ષ હવે તેના ઐતિહાસિક કાળને મળી ગયાં છે. અને જેમજેમ પ્રાગૈતિહાસિક કાળની વધુ ને વધુ શોધખોળ થતી જશે તેમતેમ ઐતિહાસિકકાળની મર્યાદા પણ વધતી જશે, અને ધીમેધીમે મહાભારત, રામાયણ અને વૈદિક સંસ્કૃતિના યુગો પણ એ મર્યાદામાં આવી જશે.

બધા દેશોના ઇતિહાસના ઐતિહાસિક કાળો સમકાલીન હોતા નથી. દાખલા તરીકે ગ્રીસનો ઇતિહાસકાળ હિંદના ઇતિહાસકાળ કરતાં પ્રાચીન છે અને મિસરનો તેના કરતાં યે વધુ પ્રાચીન છે.

ગુજરાતના ઇતિહાસના ઐતિહાસિક અને પ્રાગૈતિહાસિક કાળો

હિંદ અને ગુજરાતના ઇતિહાસના ઐતિહાસિક કાળો પણ સમકાલીન નથી. ઉત્તર હિંદમાં તો છેક ગૌતમ બુદ્ધના સમય સુધીની પુરાવસ્તુઓ પ્રાપ્ત થઇ છે, જ્યારે આપણે ત્યાં તેના ૨૦૦ વર્ષ પછી થએલા ચંદ્રગુપ્ત મૌર્યના રાજ્યની જ સાક્ષીઓ મળી શકી છે; એટલે આપણા ઇતિહાસના ઐતિહાસિક કાળનો પ્રારંભ મૌર્ય વંશના પ્રારંભથી થાય છે.

* આ અંગ્રેજી શબ્દ મૂળ ગ્રીક ભાષાનો છે. તેની વ્યુત્પત્તિ આમ છે. Archaeos પ્રાચીન logos અભ્યાસઃ



સાબરના આદિ માનવની મળી આવેલી પાષાણ યુગની હથોડી ઉપર કાળે ખડકી દીધેલાં પૃથ્વીનાં પડ તથા તેની વિગતો સમજાવતો આલેખ. આવાં હથિયારોની ઉમર તે પર ખડકાએલાં પડો દ્વારા જ આંકી શકાય છે.

ઉપરોક્ત બંને પ્રકારના પુરાતત્ત્વમાં, પાશ્ચાત્ય દેશોમાં, પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વને વધુ મહત્ત્વ અપાયું છે. દેશોમાં પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વની શોધખોળ ઐતિહાસિક પુરાતત્ત્વ કરતાં વધુ પ્રમાણમાં થતી આવી છે, એથી ઊલટું, હિંદમાં પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વની અવગણના કરવામાં આવી છે અને એ જ કારણે મહાભારત, રામાયણ કે વૈદિક યુગની પુરાવસ્તુઓ હજી પ્રાપ્ત થઈ શકી નથી. વળી આજ પર્યંત પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વમાં કોઈ પણ હિંદી નિષ્ણાત પણ થયો નથી.

હવે આપણે, જેની હકીકતો અત્યાર સુધી બહાર પડી જ નથી એવા ગુજરાતના ઇતિહાસના પ્રાગૈતિહાસિક કાળની શોધખોળોથી પરિચિત થઈએ; અને તે પછી, તે જ રીતે અનુક્રમે ગુજરાતના ઐતિહાસિક પુરાતત્ત્વ તથા પુરાતત્ત્વની બીજી શાખાઓનો પરિચય મેળવીશું.

પાષાણ યુગ

માનવજાતિની પ્રાચીનતમ સંસ્કૃતિનો યુગ તે પુરાપાષાણ * યુગ (Palaeolithic Age-પૅલિયોલિથિક એઈજ) કહેવાય છે. તે વેળાનો માનવ નરવાનરના જેવો હતો. આજથી બે લાખ વર્ષથી માંડી વીસ હજાર વર્ષ પહેલાં સુધી આ યુગ ચાલુ રહ્યો હતો. આ યુગની સંસ્કૃતિનો પરિચય ફક્ત ત્રણચાર પ્રકારની જ વસ્તુઓ દ્વારા પ્રાપ્ત થાય છે. તે એ યુગના માનવીના અસ્મીભૂત (Fossilized)હાડપિંજરો,* તેના વપરાશનાં પત્થરનાં હથિયારો અને બીજાં સાધનો, તે જે ગુફાઓમાં વસતો તેની ભીંતો ઉપર તેણે કોરેલાં કે દોરેલાં ચિત્રો વગેરે. માત્ર આટલી વસ્તુઓ આપણને એક લાખ વર્ષ પૂર્વેના માનવજીવનનો સંપૂર્ણ પરિચય આપી રહે છે. હાડપિંજરો દ્વારા તેમનાં કદ, બાંધો ને આરોગ્ય સંબંધી માહિતી મળે છે. દાંત અને બીજાં એવાં જ હાડકાંઓનું બંધારણ તપાસવાથી તેમનો ખોરાક અને તેમને થતા રોગોની વિગત સાંપડે છે. તેમનાં પત્થરનાં હથિયારોનું અવલોકન કરી તેમની જીવનચર્યા અને તેમનો માનસિક વિકાસ જાણી શકાય છે. વળી તેમણે દોરેલાં ચિત્રો તેમના કળાવિકાસ તથા તેમના સમયમાં કયાં કયાં પ્રાણીઓ હતાં તેની સંપૂર્ણ અને સાચી માહિતી આપણને પૂરી પાડે છે.

દુનિયાના બહુ ઓછા ભાગોમાંથી આ પુરાપાષાણ યુગનાં અવશેષો મળી શક્યાં છે અને તે કેટલું મહત્ત્વ ધરાવે છે તે આ નીચેના દાખલા ઉપરથી સમજાશે.

મહેસાણાનો ગપગોળો

૧૯૩૫ની આ વાત છે. એક દિવસ 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં સમાચાર છપાયા કે વડોદરા રાજ્યમાં આવેલા મહેસાણાની એક વાવમાંથી પુરાપાષાણ કાળનાં વેંતિયાં માનવી (Pygmy) નાં હાડપિંજરો મળી આવ્યાં

*પ્રારંભમાં મનુષ્ય પોતાની જરૂરિયાતનાં બધાં સાધનો પત્થરનાં બનાવીને વાપરતો હતો, એટલા માટે માનવસંસ્કૃતિના આ તબક્કાને પાષાણ યુગ કહે છે. તેના બે વિભાગ છે. પહેલોઃ પુરાપાષાણ અને બીજો નૂતનપાષાણ.

* હજારો વર્ષ સુધી પડી રહેલાં કે દટાઇ રહેલાં હાડકાં પત્થરમાં રૂપાંતર પામી જાય છે. એવાં હાડકાં Fossil કહેવાય છે.

છે. આ સમાચાર જેવા યુરોપ અને અમેરિકા પહોંચ્યા કે ત્યાંની પુરાતત્ત્વ સંસ્થાઓ અને મ્યુઝિયમો તરફથી 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' ઉપર તાર પર તાર છૂટવા લાગ્યા. બે દિવસમાં તો સેંકડો તારો આવી ગયા. કેટલીક સંસ્થાઓએ તો ગુજરાતમાં વધુ સંશોધન કરવા માટે અમેરિકાથી માણસો મોકલવાની તૈયારી બતાવી; અને કેટલાંક મ્યુઝિયમો તરફથી આ હાડપિંજરોમાંનું જો એકાદ તેમને મળી શકે તો તેના માટે હજારો રૂપિયાની કીમત આપવા પણ જણાવ્યું. આ બધાને જવાબો આપવા અને આ શોધની સંપૂર્ણ વિગતો મેળવવા ટાઇમ્સના પ્રતિનિધિઓ મહેસાણે દોડતા આવ્યા. પણ અફસોસ! મહેસાણામાં તપાસ કરતાં તેમને જણાયું કે આ તો એક ડોશીએ ટુચકો કરવા ઉડાવેલો ગપગોળો હતો. બિચારા ટાઇમ્સવાળા ઘણા ઝંખવાણા પડ્યા અને યુરોપ તથા અમેરિકાની કેટલી યે સંસ્થાઓને નિરાશ થવું પડ્યું. આ ગપ્પું 'Baroda Hoax'ના નામથી પ્રખ્યાત થયું છે.

સાબરમતીમાં લાખેક વર્ષ પૂર્વે વસતો આદિ માનવ

આ ગપ્પા ઉપરથી એમ માની લેવું નહિ કે આપણે ત્યાં આદિ માનવનાં કે તેની સંસ્કૃતિનાં અતિ મહત્ત્વપૂર્ણ અવશેષોની શોધ તે આકાશપુષ્પ સમાન છે. આ પ્રસંગ જે નિરાશા ઉપજાવે છે તેને ભુલાવી નાખે તેવી એક મહાન શોધ આજથી પચાસ વર્ષ પૂર્વે આપણે ત્યાં થઇ ચૂકી છે.

ઓગણીસમા સૈકાની આખરે ગાયકવાડ સરકારે વડોદરા રાજ્યમાં ભૂસ્તર અને ખનિજશાસ્ત્ર સંબંધી શોધખોળ કરાવવા કર્નલ બ્રુસ ફુટ નામના એક નામાંકિત ભૂસ્તરશાસ્ત્રીને રોક્યો હતો. ફુટને ભૂસ્તરના ધંધાદારી સંશોધનની સાથેસાથે પુરાતત્ત્વસંશોધન કરવાનો અંગત શોખ પણ હતો. એક દહાડો વીજાપુર તાલુકામાં ફુટ પોતાનું કાર્ય કરતોકરતો સાબરમતીના પટમાં ચાલ્યો જતો હતો, એવામાં પેઢાંબલી ગામ પાસે આવતાં તેની કેળવાએલી નજર દૂરબીનમાં થઇ અચાનક એક ભેખડ ઉપર ઠરી. ફુટ કાંઠા તરફ વળ્યો અને તે સ્થળે જઇને જુએ છે તો પુરાપાષાણ યુગના આદિ માનવનાં બે હથિયારો ત્યાં પડ્યાં છે. તેની પ્રસન્નતાનો પાર ન રહ્યો, કારણકે યુગો સુધી તેનાં નામ અને કીર્તિને ચિરસ્થાયી રાખે એવી મહાન શોધ આજે તેના હાથે થઇ હતી. આ પછી તો વીજાપુર અને સદોલિયામાંથી પણ તેને આદિ માનવનાં હથિયારો પ્રાપ્ત થયાં અને આ મહાન શોધથી, જગતના જે થોડાક નસીબવંતા ભાગો કે જ્યાં આવી વસ્તુઓ પ્રાપ્ત થઇ છે, તેમાં ગુજરાતની પણ ગણત્રી થવા લાગી.

નર્મદાની ખીણનાં અવશેષો

હવે એક તાજી વાત કરું. ૧૯૩૫માં અમેરિકાના કારનેગી ઇન્સ્ટિટ્યૂટ તથા બૉસ્ટન યુનિવર્સિટિ ફીલ્ડ મ્યૂઝિયમ તરફથી ડૉ. ડી'ટેરા નામના એક નામાંકિત પુરાવિદ હિંદ આવ્યા હતા. એમણે ઉત્તર હિંદના શિવાલિક, પોટવાર ઇત્યાદિ પર્વતોમાં ફરીફરીને કેટલા યે આદિ માનવનાં અવશેષો પ્રાપ્ત કર્યાં. હાલ હિંદમાં જેટલી નદીઓ છે તે બધીમાં નર્મદા સૌથી વધુ પ્રાચીન છે. ઉત્તર હિંદ ઉપર જ્યારે સમુદ્ર ઘૂઘવતો હતો અને તેની અંદર નગાધિરાજ હિમાલયની કાયા ઘડાતી હતી તે યુગમાં નર્મદાની ઉપત્યિકામાં આદિ માનવના વસવાટો મંડાએલા હતા. એનાં થોડાંક પ્રમાણો પણ મળી આવ્યાં હતાં, એટલે ડી'ટેરા નર્મદા તરફ વળ્યા અને તેની ઉપત્યિકામાંથી માનવવિકાસના અંકોડા મેળવવામાં સહાયભૂત થાય એવી અગત્યની વસ્તુઓ શોધીને અમેરિકા લઇ ગયા. આ શોધોનું પરિણામ હાલમાં જ બહાર પડ્યું છે.

આ બધા બનાવોની આપણે ત્યાં કોઇને ખબર સરખી નથી. આપણી નજર આગળ આપણો અણમોલ ખજાનો લૂટાય છે અને આપણે તેનું રક્ષણ કરવાને બદલે ઊંઘી રહીએ છીએ. આ આપણા હાલ છે!

(ચાલુ) **અમૃતલાલ વ. પંડ્યા**

એક બ્રિટિશ જનરલે લશ્કરને ચાલીશ માઇલની કૂચ કરાવી. એ પૂરી થતાં તે બોલ્યો, 'મેં તમને જુદી જ દિશામાં કૂચ કરાવી. હવે તો જ્યાંથી નીકળ્યા ત્યાં જ પાછા જઇએ. તમારામાંથી જે ન ચાલી શકે તે ત્રણ ડગલાં આગળ આવો.'

તરત આખી ટુકડી આગળ વધી. માત્ર એક છેડે ઊભેલો માણસ ત્યાંથી ન ખસ્યો. એ જોઈ પોરસમાં આવી જઇ જનરલ બોલ્યો, 'શાબાશ દોસ્ત, બ્રિટિશ લશ્કરનું તું નામ રાખે એવો છે. આખી ટુકડીમાંથી તું જ ચાલીશ માઇલ પાછો ચાલવા તૈયાર થયો.'

આ સાંભળી પેલો વીર પુરુષ ગુસ્સાથી બોલી ઊઠ્યો, 'શું? ચાલીશ માઈલ પાછા જવા? સાહેબ, ત્રણ ડગલાં પણ આગળ ન વધી શકાવાથી જ હું તો જ્યાંનો ત્યાં ઊભો રહ્યો છું!'

ગુજરાત અને વૃક્ષારોપણ

લેખક: શ્રી **રામસિંહજી કા. રાઠોડ** ડી. ડી. આર

૨-વિધિ



વૃક્ષારોપણના મહત્ત્વ વિષે ગયા અંકમાં આપણે જાણી ગયા. હવે એ કેમ કરવું તેના વિધિનો આપણે વિચાર કરીએ. એ વિધિના જાણકાર માળીઓ અને ક્યાંક તો અનુભવી નિષ્ણાતો પણ ઘણુંખરું ગામેગામ મળી રહે છે અને એવા સ્થાનિક જાણકારો તથા અનુભવીઓનું એ વિષયનું જ્ઞાન કોઈ પણ પુસ્તકિયાં સૂચનો કરતાં વધુ કીમતી નીવડે છે. એવા અનુભવીઓનાં સલાહસૂચનો અનુસાર કે તેમના હસ્તક એક વખત કામ આરંભાયું, પછી ગમે તેને, એક વખત હાથ નીચેથી નીકળી જતાં, એ ક્રિયા એટલી તો સિદ્ધહસ્ત થઈ રહે છે તથા એની ગૂંચોના ઉકેલ પણ એમાંથી જ આપમેળે એવા મળતા રહે છે કે પછી તો એ કાર્ય લગભગ હાથ હલાવ્યા જેટલું જ સહેલું લાગે છે. છતાં તેની પદ્ધતિના મહત્ત્વના મુદ્દાઓ વિષે થોડું વિચારી જવું અસ્થાને નથી.

આ વિષય હાથ ધરનારે 'કુદરતને અનુસરો' એ શબ્દોને પોતાનો ધ્યાનમંત્ર બનાવી દેવો જોઈએ. વૃક્ષારોપણનો વિચાર કરતાં પહેલો જ પ્રશ્ન એ થશે કે 'કયું ઝાડ ઉછેરવું?' જ્યાંજ્યાં જેજે સ્થાનિક કુદરતી ઝાડ થતાં હોય એ વૃક્ષો એ પ્રદેશમાં ઉછેરવાં અને પ્રસારવાં એ પહેલો નિયમ રાખવો. તે પછી વૃક્ષ રોપનારની અંગત રસ કે વૃક્ષની ઉપયોગિતાની નજરે બીજાં વૃક્ષોની પસંદગી પણ કરવી. દેશની જમીન, હવામાન અને વાતાવરણને અનુલક્ષી તે પ્રમાણે ત્યાંનાં કુદરતી વૃક્ષોમાંથી જે સ્થળે જે ઉદ્દેશ અને ઉપયોગ માટે વૃક્ષ રોપવાનું હોય તેને અનુરૂપ વૃક્ષની પસંદગી થવી જોઈએ. રસ્તાની બાજુઓ ઉપર અને વિશ્રામગૃહોમાં છાયા માટે, મંદિરો અને મસ્જિદોમાં તેની ઉપયોગિતા તથા ધાર્મિક મહત્તાની નજરે, ઘરના આંગણા (કમ્પાઉન્ડ)માં શોભા તથા ફળફૂલ માટે અને ગામનાં પાધર તથા વાડીઓમાં ત્યાંની જરૂરિયાતની નજરે વૃક્ષો ઉછેરાવાં જોઈએ. જંગલખાતા તરફથી થતી જંગલોની કૃત્રિમ વાવણી તથા કુદરતી ઉછેરમાં થતા વૃક્ષારોપણના સિદ્ધાંતોનો વિચાર આપણે અહીં કરવાનો નથી. એ કામ સત્તાવાળાઓ અને નિષ્ણાતો પર છોડી અહીં તો આપણે વ્યક્તિગત એક માણસ અંગતરીતે કેટલું કરી શકે તે જ વિચારીશું.

સાધારણરીતે જે સ્થળે વૃક્ષ રોપવાનું હોય ત્યાં જ સીધાં બી વાવીને કે વડપીપળા જેવા વૃક્ષની ડાળ રોપીને વૃક્ષ ઉછેરી શકાય છે. પણ ઉત્તમ વૃક્ષો તો કૂંડાંમાં કે જમીન ઉપર નર્સરીમાં રોપને ઉછેરી પછી તેને થાણીને રોપવાથી મેળવાય છે. નાના રોપની સંભાળ લેવી નર્સરીના ક્યારામાં કે કૂંડાંમાં સુલભ થઈ પડે છે અને એ રીત સસ્તી પણ પડે છે.

વૃક્ષનું સૌંદર્ય અને શ્રેષ્ઠતા બી ઉપર નિર્ભર છે. એટલે રોપા માટેનું બી ઉત્તમ પ્રકારનું, મીઠી મહેકવાળું, પ્રમાણમાં કઠણ અને ચીવટ, ભારે તથા તાજું હોવું જોઈએ. ઊંચેથી તેને જમીન પર પડતું મૂકવાથી તે કુદરતીરીતે જે સ્થિતિમાં પડે છે તે રીતે રાખી તેને વાવવાથી બીમાંથી અંકુર ફૂટી તેને ઊંચે વધવામાં અને મૂળમાં નીચે ઊતરવામાં અનુકૂળતા પડે છે. બીને સાવ ઉપર પણ નહિ અને બહુ ઊંડાં પણ નહિ તેમ વાવવાં જોઈએ. કેટલાક અપવાદ સિવાય ઘણાંખરાં બીને તો તેની નાનામાં નાની સરેરાશ ઉદરરેખા (diameter) જેટલું ઊંડે વાવવું જોઈએ. બહુ બારીક ને ઝીણી રેતી સાથે ભેળવીને તે વાવવાં. બીને વાવતાં પહેલાં ઘણુંખરું ૪૮ કલાક પાણીમાં પલાળીને વાવવાથી તે જલદી ફૂટે છે. તેમ કરવું લાભદાયી પણ નીવડે

છે; છતાં યે તે પ્રમાણે કરવું કે નહિ તે બીના પ્રકાર અને જાતિખાસિયત પર અવલંબે છે. બી જૂનાં હોય તો વધારે પાણી ન અપાય તેની સાવચેતી રાખવી. પણ મજબૂત, કઠણ અને તાજા બીને છૂટથી પૂરતું પાણી આપવું. બીમાંથી અંકુર ફૂટ્યા પછી પાણીનું પ્રમાણ ઘટાડવું. પણ કૂંડામાં કે ક્યારામાં જ્યાં હોય ત્યાં અંકુર ફૂટ્યા સુધી બીને સપ્રમાણ ભીનું રાખવું અને ફૂટ્યા પછી પણ ઝારાથી જ પાણી સીંચવું. વધારેપડતા પાણીના અસહ્ય ભેજથી અંકુરનો નીચેનો ભાગ કપાય થઈ સુકાય છે અને ઉપરની ટોચનો ફણગો પણ સુકાય છે. મથાળાની કળીની શુષ્કતા તો ક્યારેક પાણીની તંગીની સૂચક પણ કહી શકાય.

ખોખાં કે કૂંડાંમાં રોપ તૈયાર કરવો હોય તો તેના તળિયાનાં કાણાં ઉપર ઠીકરાં, તે પર જરૂર જણાય તો કોલસાનો નાનો થર, તે પર સૂકાં પાન, પછી સૂકાં પાનનું જૂનું સડેલું ખાતર એક ભાગ અને બે ભાગ સપ્રમાણ રેતી તથા કાંપ કે ધડાવાળી માટીને મેળવી તેનું બરાબર ચાળેલું મિશ્રણ, એ પ્રમાણે થર ગોઠવી કૂંડું તૈયાર કરવું. નર્સરીમાં જમીન ઉપર ક્યારામાં રોપ ઉછેરવા હોય તોપણ ઉપરોક્ત પ્રમાણમાં ખાતર વગેરે હોય તો વધુ લાભદાયી નીવડે છે. ખુલ્લામાં આવેલા ક્યારાને દિવસમાં બે વખત પાણી આપવું જોઇએ. કૂંડાં, ભેજ બરાબર રહે અને તડકો સપ્રમાણ મળે તેમ છાંયામાં મૂકવાં જોઇએ. કૂંડાંમાં પણ જરૂરિયાત મુજબ દિવસમાં એક કે બે વખત પાણી રેડવું. કૂંડાંને જો પોચી જમીનમાં થોડાં દાટેલાં રાખ્યાં હોય તો પાણીનું પ્રમાણ ઘટાડી શકાય. રોપને જ્યારે પાણી અપાય ત્યારે તે પૂરતું અને સંભાળથી અપાવું જોઇએ. થોડેથોડે અંતરે, વારંવાર, પણ ઓછું પાણી આપવાથી ઊલટું નુકસાન થાય છે. વનસ્પતિના બંધારણની ક્રિયા સૂર્યના તડકામાં થતી હોઈ તેને વેગ આપવા પાણી સીંચવાનો ઉત્તમ સમય સવારનો છે. રોપના ઉછેરમાં પછી તો જલસિંચન કરતાં પણ સમરસરનું નિંદામણ વધારે મહત્ત્વનું છે. જમીન પર તેના ઊંચાણવાળા ભાગમાં રોપા ઉછેરવા જોઇએ અને મૂળિયાંને પૂરતી હવા મળતી રહે તે માટે ક્યારામાં કે કૂંડાંમાં જમીનનું ઉપરનું સુકાએલું અસ્તર ઉખેડતા રહેવું જોઇએ. આથી જલસિંચન કરતાં પણ રોપને વધારે ફાયદો થાય છે.

રોપ પોતે બરાબર ન હોય તો તે નાદુરસ્ત પાંદડાં દ્વારા દેખાડી આપે છે. પાનમાં કાણાં થઈ રહે કે તે ખવાએલાં કે કાપ પડ્યા જેવાં લાગે તો રોપને જીવાત લાગી હશે એમ સમજવું; અને જો પાનમાં ડાઘા અને રંગીન ટપકાં જેવું લાગે તો ફૂગનું નુકસાન છે એમ જાણવું. જો દાંડીની કાતળી મોટી અને પાન પણ પ્રમાણમાં ઘણાં મોટાં હોય તો સમજવું કે રોપાને તેની જરૂરિયાત કરતાં વધારે પાણી મળે છે; અને કાતળી ટૂંકી, દાંડીનું ટેરવું સુકાતું અને પાન ટૂંકાં હોય તો રોપાને ઓછું પાણી મળે છે એમ સમજવું. રોપાની એક તરફની ડાળીઓ કરમાતી લાગે અને બાકીનો ભાગ તદ્દન બરાબર હોય તો જાણવું કે કોઇ ખાસ મૂળિયાંને નુકસાન થયું છે. રોપા પર જીવાત હોય તો તે પકડીને તેનો નાશ કરવો કે દૂર કરવી; ફૂગનું કારણ વધારેપડતા પાણીનો વપરાશ અને ભેજ હોય છે, એટલે તેથી અસર પામેલાં પાન વગેરેને કાપી કાઢવાં. જો તે સિવાયના કારણે રોપો સુકાતો લાગે તો કૂંડું કે સ્થળ બદલાવવાં અને તેમાં વધારે રેતી નાખી ખાતર ન નાખવું. મૂળના કોઇ ભાગમાં કીટક હોય યા તેનો કોઈ ભાગ સડેલો હોય તો તે કાપી કાઢી નાખવો અને રોપના નીચેના ભાગનાં પાન પણ પ્રમાણમાં તેટલાં ઓછાં કરવાં. પછી રોપ જ્યારે ઠીક થતો લાગે ત્યારે બરાબર સડેલું ખાતર થોડું નાખવું અને તેને ખુલ્લામાં મૂકવું. રોપની જીવાતના નાશ માટે તો અનુભવી માળીને પૂછી કેરોસીન, મોરથુથુ કે તમાકુના પાણીના ઉપચારો અથવા બીજી કોઈ કીટઘ્ન દવાનો ઉપયોગ પણ કરવો.

રોપાને તેના મૂળ ક્યારામાંથી વાવ્યા પછીના ફેબ્રુઆરી મહિનામાં થાણીને બીજા ક્યારામાં બે ફૂટના અંતરે રોપવા. તેમને ઉનાળામાં પૂરતું પાણી આપવું. પછી ચોમાસું શરૂ થયે તેમને ફરીને થાણી બીજા ક્યારામાં ત્રણ ફૂટના અંતરે રોપવા. આ રીતે બે વખત રોપાને ફરી ફરી ચોપતાં તેને થાણીને બીજે વાવવાની ક્રિયાથી તે ટેવાઈ જશે અને છેવટે છેલ્લે વાવતાં તેના પર કાંઈ પ્રત્યાઘાતી અસર ન થતાં વધારામાં તેનાં મૂળિયાં પણ કાબૂમાં રહેશે. રોપો જો કૂંડામાં હોય તો તે ચારથી છ ઇંચ ઊંચો થાય ત્યારે કૂંડું બદલાવી નાખવું. રોપાના વિકાસની ક્રિયા મંદ હોય ત્યારે એ રીતે તેને

ફરી ચોપવાનો સારો સમય ગણી શકાય. કૂંડાને પણ એક સ્થળે સ્થાયી નહિ રાખતાં તેને સ્થળફેર કરતા રહેવું જોઇએ. તેમ ન થાય તો કયારેક તળિયે કાણાંવાળું કૂંડું હોય તો તેમાંથી માર્ગ કરી મૂળિયું જમીનમાં ઊતરીને જામે છે. રોપો થાણુતી વેળા અથવા કૂંડાંમાંથી લેતી વખતે કેટલાંક મૂળિયાંને નુકસાન થાય છે અથવા કૂંડાંની બાજુએ ઉપર બાઝયાં હોય તેવાં મૂળિયાંને તો અવશ્ય નુકસાન થાય છે. એવાં નુકસાન પામેલાં કે સડેલાં મૂળિયાંને તીક્ષ્ણ હથિયારથી કાપી કાઢવાં અને તે પ્રમાણમાં ઉપરનાં પાંદડાં પણ ઓછાં કરવાં. આ સમતોલતા હમેશાં જાળવવી અતિ અગત્યની છે. એ રીતે નર્સરીમાં ઊછરેલા રોપા પછી જ્યાં રોપવા હોય ત્યાં થાણીને લઈ જઇ સ્થાયી રોપી શકાય.


રોપાને ખૂબ સાવચેતીથી થાણવો જોઇએ, જેમાં મૂળિયાંને ઓછામાં ઓછું નુકસાન થાય. થાણેલા રોપાની માટી ઉપર ગુણપાટનો કટકો કે ઘાસ વીંટી બાંધી મૂકવું; અને રોપો જો બહુ દૂર લઇ જવો હોય તો તે ભેજવાળું રાખવું. રોપામાંથી ભેજ નીકળતો અટકાવવા રોપાનાં નીચેનાં પાન ઓછાં કરવાં આવશ્યક છે. મુખ્ય દાંડી સિવાયનાં પાન તીક્ષ્ણ કાતરથી કાતરી કાઢવાં; તોડવાં તો કયારેય પણ નહિ. વરસાદની શરૂઆતમાં રોપેલા રોપને પછી જામતાં પખવાડિયું કે ત્રણેક અઠવાડિયાં લાગે છે. રોપાની ચોતરફ થતા નીંદાણમાંથી સાફ કરાતી જમીન, જલસિંચન, અને જરૂર જણાયે રક્ષણ આપે તેવા ઢાંકણથી રોપો હિમ સામે ટક્કર ઝીલી શકે છે. મોટા અને મજબૂત રોપા તો પોતાનાં મૂળિયાં પહેલા ચોમાસામાં જ ઊંડાં જમાવી દે છે, અને પછીના ઊનાળે જો તેને છૂટથી પાણી કદાચ ન આપી શકાય તેવું હોય તોપણ ચલાવી શકે છે.

વૃક્ષારોપણ માટેનો ખાડો ત્રણેક ફૂટ ઊંડો, ભૂસ્તર ઉપર ત્રણ ફૂટના વ્યાસનો અને તળિયે બે ફૂટ વ્યાસનો હોય તો બરાબર થઈ રહે. એ ખાડા જાન્યુઆરી કે ફેબ્રુઆરીમાં તૈયાર કરાવી રાખવા જોઈએ અને ખાડો ખોદતાં તેમાંથી નીકળેલી અટારને ખાડાને ફરતી, તે તડકામાં તપતી રહે તેમ રાખી દેવી. જ્યાં જમીન એવી હોય કે જેમાંથી રોપાને તેનાં પોષક તત્ત્વો પૂરતાં મળી શકે તેમ ન હોય ત્યાં તેવી જમીનમાં સારી કસવાળી માટી અને તેમાં છાણ તથા પાનનું સડેલું ખાતર નાખવું. પણ તેમાં એ ખાડો પૂરતાં તેનો સૌથી ઉપરનો એકાદ ફૂટનો થર ફળદ્રુપ અને કસવાળી માટીનો, સારું ખાતર ભેળવેલો હોવો જ જોઇએ. એ ખાસ સંભાળ રાખવી જોઇએ કે કયારા કે કૂંડામાં રોપો જે સ્થિતિમાં હોય તેની તે સ્થિતિમાં તેને ફરી રોપતાં રાખવો જોઇએ. મૂળિયાંનો કાંઠલો (root–collar) ભૂસ્તર સાથે બરાબર સમરેખ રહેવો જોઇએ. તે ધ્યાનમાં રાખવા માટે રોપો રોપીને તેને ફરતી માટી પૂરતી વખતે ખાડા ઉપર એક સીધી લાકડી રાખી, તેના સરસો એ કાંઠલો ગોઠવી, પછી તેમ કરવું. કોઈ પણ સંજોગોમાં દાંડીનો ભાગ ખાડામાં દટાવો જોઈએ નહિ; અને રોપાની ચારે બાજુ ઢાળ રહે તેવી રીતે ખાડો પૂરી બધી અટાર બરાબર મજબૂત બેસાડવી જોઇએ. ઘણી વખત તેમ ન થતાં પણ રોપો બગડી જવા પૂરતી ધાસ્તી રહે છે. રોપાને પછી નવાં પાન આવતાં તે કદાચ લચી પડે અને પોતાનો ભાર ન ઝીલી શકતાં નમી પડે તો જ તેને ટેકો આપવો, અને ટેકો બાંધતાં રોપાની છાલને જરાપણ નુકસાન ન થાય તેની પૂરતી તકેદારી રાખવી.

ઘણાં વૃક્ષ રોપવાં હોય અને રોપ બહુ દૂર લઈ જવાના હોય અથવા કયારેક મોસમ પહેલાં વૃક્ષ રોપવાં હોય તો થાણેલા રોપા કરતાં રોપાની કલમ * કરીને રોપવી બહુ સસ્તી ને સુલભ થઈ પડે છે. વર્ષારંભે નવ ઈંચના અંતરે બી વાવી, તેને તે પછીના ઉનાળા લગી પાણી પાઇ ઉછેરેલા રોપમાંથી બીજા ચોમાસે બહુ સરસ કલમો થઇ શકે છે. કલમ માટે ઉછેરેલ રોપને એક જ સ્થળે વધવા દઈ તેને સ્થાયી રોપવા પહેલાં રોપાની પેઠે પછી બીજે ચોપવાની જરાયે આવશ્યકતા રહેતી નથી. રોપાની દાંડી અંગુઠા જેટલી જાડી થાય ત્યારે રોપો કલમ કરવાને લાયક ઠર્યો કહી શકાય. તેનાથી જાડા અને ટચલી આંગળીથી ઝીણા કે નાદુરસ્ત રોપાનો કલમ કરવા માટે ઉપયોગ કરવો નહિ.

પહેલાં કયારાને પાણી આપી, જમીનને પોચી

*અમુક જાતનાં વૃક્ષો કલમ કરીને જ રોપવાથી ઉછેરી શકાય છે. ગુજરાતનાં વૃક્ષોની એવી વિવિધ જાતિખાસિયતો ને ગુણધર્મો વિશે 'કુમાર'માં લખવા ધારેલી 'વનવગડો' લેખમાળામાં આ બાબત વિસ્તારથી વર્ણવવામાં આવશે.



બનાવી, કલમ બનાવવા માટે રોપાને જમીનમાંથી નુકસાન થયા વગર બહાર કાઢવો સહેલ થઇ પડે છે. પછી રોપાના કાંઠલા (**root–collar**)થી ૧૦થી ૧૨ ઈંચ મૂળિયાંનો ભાગ અને ઉપર એકથી બે ઇંચ દાંડીનો ભાગ અનુક્રમે પ્રમાણમાં રાખી બાકીનો ભાગ તીક્ષ્ણ હથિયારથી કાપી કાઢવો. ખીલા-મૂળ (મુખ્ય મૂળ)માંથી નીકળતી બીજી બાજુની મૂળીઓ હોય તો તેમને પણ બહુ તો એકાદ ઈંચ જેટલી રહેવા દઇ પછીનો ભાગ બારીકાઇથી કાપી નાખવો. કલમની સફળતાનો ઘણો આધાર તેના તિરકસ ચોકખા કાપ ઉપર અને દાંડી કે મૂળની છાલ જરા પણ વધારે ઊખડે કે કપાય નહિ તે પર રહે છે. કલમોને જો બહુ દૂર લઈ જવી હોય તો તેમને બરાબર બાંધી, ગુણપાટમાં લપેટી, ખાતરના પાણીમાં તરબોળ બોળી પછી લઈ જવી. કલમ રોપવા માટેનો ખાડો બે ફૂટ ઊંડો, ભૂસ્તર ઉપર દોઢેક ફૂટ વ્યાસનો તથા તળિયે એકાદ ફૂટના વ્યાસનો હોય તો પણ ચાલી શકે. કલમના કાંઠલાને પણ રોપાની રીતે જ રાખી પછી કલમ રોપવી જોઈએ. મૂળિયાંના ભાગમાં કે બીજે નુકશાન પામેલી કલમને રદ્દી ગણી રોપવી નહિ. કલમ જામી જાય તેમાંથી જે ગરજા ફૂટે તેમાંથી એક ઉત્તમ જોઈને જાળવી તેને વૃક્ષ તરીકે વધવા દેવો.

વૃક્ષારોપણ માટેનો દિવસ બનતાં સુધી વાદળિયો કે વરસાદનો પસંદ કરવો. કલમને તો બીની પેઠે નવેસરથી જામી વધવાનું હોય છે, પણ રોપાને થાણીને રોપ્યો હોવાથી નુકસાન થવાની દરેક સંભાવના હોઈ તેની બરાબર સંભાળ રાખવી જોઇએ. સારું હશે તેને રાખી બીજાને કાઢી નાખીશું એ માન્યતાથી ઘણી વખત આપણે એક ખાડામાં એક કરતાં વધારે રોપા રોપી દઇએ છીએ; પણ તેથી ઘણું નુકસાન થાય છે. માટે એક ખાડામાં એક જ રોપો રોપવો. જોકે રોપા અને કલમ વાવીને ઉછેરાતાં ઝાડ શ્રેષ્ઠ નીવડે છે, પણ વૃક્ષ તાત્કાલિક જામી જાય જલદી ઉપયોગી બને તે માટે વડની જાતનાં કેટલાંક વૃક્ષોની લાંબી ડાળી કે વડવાઈ જેવાં મૂળિયાંની કલમમાંથી પણ એ જાતનાં ઝાડો ઉછેરી શકાય. કેટલાંક વૃક્ષોને જમીન સરસાં કાપતાં પછી તેમનાં જૂનાં થડમાંથી ગરજા નીકળે છે; કેટલાંકને કાપી તેમનાં મૂળમાં કાપ જેવું કરતાં ત્યાંથી ફણગા ફૂટે છે. એ ફણગા કે ગરજામાંથી એકાદ સરસ ચૂંટી તેને પણ વધવા દઇ વૃક્ષ તરીકે ઉછેરી શકાય. પણ ઉત્તમ વૃક્ષો તો કલમ રોપીને જ મેળવાય છે.

કહેવત કથન અને કવિતા

દોરડી બળે પણ વળ ન મૂકે.

પડી ટેવ તે તો ટળે કેમ ટાળી ?
કૂતરાની પૂંછડી ભોંયમાં દાટો તો ય વાંકી ને વાંકી.
સ્વભાવનું ઓસડ નહિ.
જીવતાની ખોડ મૂએ જાય.

ટાઢ જાય રૂએ,
ને ટેવ જાય મુએ.
આદત આઇ હૈ જાન કે સાથ,
જાએગી જનાજે કે સાથ.

❀

બાર કોસે બોલી બદલે, તરુવર બદલે શાખા;
જાતે દહાડે કેશ બદલે, પણ લખણ ન બદલે લાખા.

❀

અવની રોગ અનેક, જેનાં કીધાં છે જતન;
ઇણુ તબિયતનું એક, ઓસડ ન કર્યું રાજની.



ત્યાં ચૂડાકર્ણ મને ત્રાસ પમાડવા સારુ ભિક્ષાપાત્રને વાંસના પરોણાથી ખખડાવતો હતો.

પંચતંત્રની વાર્તાઓ

કથા ૪

ચંપકપુરીથી થોડે દૂર પરિવ્રાજકોનો એક મઠ છે, ત્યાં ચૂડાકર્ણ નામે સાધુ રહેતા હતા. નગરીમાંથી એ ભિક્ષા માગી આવતા, એને ભિક્ષામાંથી પોતાને ખાતાં વધે તે પાત્રમાં મૂકીને એ પાત્રને તે ઊંચે સારંગશીંગે ટીંગાડતો. પણ રાત પડે ને એ નિદ્રાધીન થાય એટલે પરિજન સહિત હું ત્યાં પહોંચી જતો. પોતે ખાતો ને મારા સેવકોને ખવરાવતો. ભોજનને મારાથી બચાવવા સાધુ એને આજ અહિં, કાલ બીજે ને પરમ દિવસે ત્રીજે ઠેકાણે વધારે ઊંચું રાખતો, પણ તો ય હું અનાયાસે એને હાથ કરતો.

એક વાર એનો પ્રિય મિત્ર મહોદર નામે સાધુ તીર્થયાત્રાપ્રસંગમાં અતિથિ થઈને આવી ચડ્યો. રાત્રે બેય ખાવા સાથરા ઉપર બેઠા છે, અને મહોદર પુષ્કર, ગંગાદ્વાર, પ્રયાગ, વારાણસી આદિ તીર્થનું વર્ણન કરે છે, ત્યાં ચૂડાકર્ણ મને ત્રાસ પમાડવા સારુ ભિક્ષાપાત્રને વાંસના પરોણાથી ખખડાવતો હતો. આથી મહોદરને ખોટું લાગ્યું. પણ ચૂડાકર્ણે ક્ષમા માગીને મારો ઇતિહાસ કહ્યો. મહોદર કહે, 'ઉંદરની આટલી શક્તિ ન હોય; આમાં કાંઈક કારણ હોવું જોઈએ. અને કહ્યું છે:

'શાંડિલીમાતા અમથી અમથી તલ સાટે તલ, નહિ દેતી હોય. એમાં કાંઈક કારણ હશે.'

ચૂડાકર્ણે કહ્યું, 'એ કેમ!' તે બોલ્યા:

કથા ૫

[illegible]ાં માથે આવી હતી એટલે હું એકવાર એક બ્રાહ્મણને ઘેર રહ્યો હતો. એક દિવસ વહેલા ઊઠ્યો તો બ્રાહ્મણ-બ્રાહ્મણીનો સંવાદ મારે કાને પડ્યો. બ્રાહ્મણ [illegible]: 'બ્રાહ્મણિ, કાલ પર્વ છે એટલે યથાશક્તિ બ્રાહ્મણ જમાડજે.' બ્રાહ્મણી બોલી, 'આપણે સાવ દરિદ્ર છીએ તો બ્રાહ્મણભોજન ક્યાંથી કરીએ? તમારે પનારે પડીને મેં સુખ કે દી ભોગવ્યું છે? નથી કોઈ દી મિષ્ટાન્ન ચાખ્યું, કે નથી હાથે પગે કે કંઠે આભૂષણ પહેર્યાં.' આ સાંભળીને બ્રાહ્મણને કોઈએ પોતાને કૂવામાં નાખ્યો હોય એવું થયું, એટલે એ થોડી વાર તો કાંઈ ન બોલ્યો. પછી ફરીને કહ્યું, 'બ્રાહ્મણિ, એમ કહેવું યોગ્ય નથી. નિર્ધને પણ થોડામાંથી યે ભલે થોડું પણ દાન કરવું જોઈએ.

અને કહ્યું છે: 'ડાગિયામાંથી પણ અર્ધો કોળિયો અર્થીને કેમ આપતા નથી ! ઇચ્છાનુરૂપ વૈભવ કોને ક્યારે થાય છે?'

'સાહુકાર બહુ દાન કરીને જે ફળ મેળવે તે એક કોડી આપવાથી દરિદ્રને મળે એવી અમારી શ્રુતિ છે.'

'દાતા નાનો હોય તો પણ સેવ્ય છે. પણ કૃપણ મોટો સમૃદ્ધિશાળી હોય તોય કોઇ એનો ભાવ પૂછતું નથી. કૂવામાં મીઠું પાણી હોય એટલે એને જોઈ ને લોકોને પ્રીત આવે છે, પણું સમુદ્રને જોઈ ને નથી આવતી.' વળી કહ્યું છે :

સંચય કરવો ઠીક ન કરો અતિસંચય ।
અતિસંચયકારી આ શિઆળ ધનુષે મુઓ ॥

કથા ૬

એક દિવસ એક શિકારી વનમાં શિકાર કરવા ગયો. ત્યાં એક મૃગને મારીને તેનું માંસ લઈ ને એ પાછો આવતો હતો ત્યાં એક સુવરને એણે જોયો. એને જોઈ ને મૃગમાંસ હેઠું મૂક્યું ને સૂવર ઉપર બાણ ફેંક્યો. બાણ મર્મસ્થાને વાગવાથી સૂવર મરું મરું થઈ ગયો, પણ મરતાં મરતાં ઘનઘોર ગર્જના કરી એણે દોટ મૂકી તથા પારાધિનું પેટ ફાડી નાખ્યું, અને શિકારી તથા સૂવર બે ય પંચત્વ પામ્યા. થોડી વારે દીર્ઘરાવ નામે એક ભૂખ્યો શિઆળ આહાર ગોતતો ત્યાં આવી ચડ્યો. એણે હરણ, સૂવર તથા શિકારીને જોયાં, અને વિચાર્યું: 'આજ ભાગ્યદેવી પાંશરી લાગે છે, એટલે અણચિંતવ્યું ભોજન આવી પડ્યું. પણ એને એવી રીતે ખાઉં જેથી બહુ દિવસ લગી મારી પ્રાણયાત્રા થાય. એટલે આજ તો મૃગસૂવરવ્યાધનો અન્નકૂટ કરીને ધનુષને સ્નાયુની દોરી છે એ જ ખાઈ ને ચલાવી લઉં.' એમ કરવા જાય છે ત્યાં બંધ તૂટતાં ધનુષથી એનું તાળવું તૂટી ગયું ને એ મરી ગયો. એટલે હું કહું છું: 'સંચય કરવો ઠીક' ઇત્યાદિ.

(ચાલુ)

દેસાઇ વાલજી ગોવિન્દજી

Our Friends Abroad

(વિનોદ પાઠક ઉપર આવેલા પત્ર)



બદ્રુદ્દીન મ. રતનસી
પો. બૉ. ૧૯ ન્યૈરી (કેન્યા–ઇસ્ટ આફ્રિકા)

પ્રિય ભાઈ પાઠક,

મજામાં હશો. 'કુમાર'ને અંગે એક પત્રવ્યવહારક મંડળ કાઢવાની તમારી યોજના મને ગમી છે. હિંદમાં આવો વિચાર આ પહેલવહેલો જ હશે. 'કુમાર'માં 'આપણા પરદેશી મિત્રો'નું પાનું શરૂ થયું ત્યારથી હું બરોબર વાંચતો રહ્યો છું. હિંદ અને હિંદ બહારના તરુણો તેમજ કન્યાઓ પત્રવ્યવહાર કરે તે બાબતની દરેક જાતની પ્રવૃત્તિને હું વધાવી લઉં છું. છોકરાઓ તો બહુ સારો પત્રવ્યવહાર કરે છે; પણ કોઇ હિંદી છોકરીનું નામ આગળ આવેલું મને યાદ નથી. ઘણી બહેનો અંગ્રેજી લખી જાણતી હશે. એમને તમે લખવા વિજ્ઞપ્તિ કરો. હવે તો આ જમાનામાં આપણી નારીજાતે દુનિયામાં ચારેકોર પત્રવ્યવહાર કરી વિચારોનો વિનિમય કરવો જોઇએ, તેમનાં જીવનની રહેણી જાણવી જોઇએ અને પોતાનું દૃષ્ટિબિંદુ વિશાળ કરવું જોઇએ.

હવે હું મારું બયાન આપું. હું ૧૯ વર્ષનો છું. છ ફૂટ ઊંચો છું. પાંચ વર્ષનો હતો ત્યારનો આફ્રિકામાં આવ્યો અને અહીં જ મૅટ્રિક્યુલેશન (લંડનની પરીક્ષા) પસાર કરી છે. અત્યારે હવે બાપાજીની દુકાનમાં સેલ્સમૅન (ઘરાક સંભાળનાર) બન્યો છું. કામ બહુ છે. પણ ગમે એવું છે; અને કેનિયામાં કમાણી પણ સારી છે.

અહીંનું જીવન બહુ મજાનું છે. ઘણી જાતનાં જંગલી પ્રાણીઓ અહીં થાય છે. અજબ પ્રકારની કાળી પ્રજા અહીં છે. કુદરત પણ અજબ છે, અને કેટલી યે જાતના સાહસપ્રસંગો મળે એમ છે. હું આ સાથે બે પોસ્ટકાર્ડ મોકલું છું. તેમાં આ દેશના અસલીઓ પોતાનો રાજશાહી ઠાઠ [illegible] ઊભા છે એ ઉપરથી જ તમે સમજશો કે એ લોકો કેવા હશે. તેમનાં કાઠાં જુઓ તો કદાવર. એમનામાં કોઈ માંદો દૂબળો તો મળે જ નહિ; બધા જ ખૂબ ધીંગા.

તમે કૃપા કરી હવે પછીના ખરડામાં પરદેશી મિત્રોની નામાવલિમાં મારું નામ છાપશો તો બહુ આનંદ પામીશ. મને ફોટોગ્રાફી, કેમિસ્ટ્રી, ભૂગોળ, લૉજિક, વર્તમાનપત્રો, માનસશાસ્ત્ર, વિનોદ, મિત્રોનો પત્રવ્યવહાર, કાવ્યો, કેળવણી અને હિંદી રાજકારણમાં રસ પડે છે. મારી પાસે

કેનિયા, યુગાન્ડા અને ટાંગાનીકાની કેટલી યે વાપરેલી ટિકિટો છે. મને તેના બદલામાં કશાની જરૂર નથી; સિવાય કે કોઇ ખુશીથી કંઈ આપે. અને મને ટિકિટોમાં બહુ રસ પણ નથી તેમજ તેનો સંગ્રહ પણ કરતો નથી. મને જરૂર છે પત્રવ્યવહાર કરનારા ભાઈબંધો અને બહેનોની, કે જેઓ જવાબ લખવામાં ચોક્કસ હોય. આપણે સ્નૅપ ફોટોગ્રાફોની આપલે કરવા તૈયાર છીએ.

છેવટ, ફરીવાર તમારી કામગીરી માટે અભિનંદન આપું છું અને ક્ષેમ ઇચ્છું છું. પત્ર લખશો ને?—તમારો

બદુ રતનસી

બાળકોની ફોટોગ્રાફી

બાળકોની ફોટોગ્રાફી જેટલી સહેલી લાગે છે તેટલી જ મુશ્કેલ છે. બાળકને ગમે તેવા દેખાવ પર ગમે તેવા ભાવો સાથે લેવું સહેલ છે, પરંતુ ધાર્યો પ્રકાશ, ધાર્યો દેખાવ અને ભાવવાળી મુખમુદ્રા સાથે લેવા માટે ઘણી ધીરજની જરૂર છે. પ્રથમ તો આ પ્રકારની ફોટોગ્રાફી માટે અંદર પૂરૂં પ્રતિબિંબ દેખાય એવા 'રિફ્લેક્સ' કૅમેરાની ખાસ જરૂર છે. કારણકે બાળક કંઈ આપણા તાબાની વસ્તુ નથી એને પોતાને મન તો તે બાદશાહ જેટલી સત્તા ધરાવે છે. મરજી પડે ત્યારે હસે અથવા રડે!

બાળકની ફોટોગ્રાફી માટે સવાર અથવા સાંજનો ઠંડો તડકો જરૂરી છે. પાછળનો દેખાવ કે પછીત તદન સાદી હોવી જોઇએ. તે પછી બાળકને પસંદ કરેલી જગ્યા પર બેસાડીને તેને રમકડાં વગેરેથી આનંદિત બનાવવું. આપણું પોતાનું અથવા આપણા કુટુંબી કે સ્નેહીનું જાણીતું બાળક હોય તો વધારે આનંદ આવે. આપણે તો કૅમેરામાં ધ્યાન ચોંટેલું જ રાખવું અને આગળપાછળની વસ્તુઓ તથા બાળકનો સ્પષ્ટ આકાર અને બદલાતા ભાવ જોતા રહેવું. આપણી બાજુમાં કોઈ એકાદ જણ તેને હસાવતું બોલાવતું રહે તો તે દરમિયાનમાં અમુક પ્રસંગોએ આપણને બહુ જ સારી તકો મળી જાય છે. આ ફોટોગ્રાફીની ખૂબી જ ખરા વખત પર ચાંપ દાબવામાં છે. આવાં બે ચાર એક્સ્પોઝર કરવાથી એકાદ તો જરૂર સારો નીકળવાનો. પછી ચિત્રની નેગેટિવમાંથી ખાસ ભાગને જરૂર એનલાર્જ કરી જોવો. આવાં ચિત્રો ઘણી વખતે પ્રદર્શન અથવા હરીફાઇને લાયક ચિત્ર બની આવે છે. કંઈ નહિ તો છેવટે આપણા જ આનંદનું સાધન તો બને છે.

આ હકીકતના નમૂના રૂપે મારા દીકરા 'બરકત'નું ચિત્ર (જુઓ આ અંકના પૂઠા ઉપર) રજૂ કરૂં છું. એ બહુ જ આનંદી બાળક છે. એક દિવસે સવારે તે મૉજથી રમતો હતો, ત્યારે રોલીફ્લેક્સ કૅમેરા લઈને હું તેની પાસે પહોંચી ગયો. તેના લેન્સ ઉપર વધારાનો પ્રોક્સાર (આકૃતિ મોટી આપનાર) લેન્સ અને પીળું ફિલ્ટર ચડાવી, ૮ નંબર ડાયાફ્રામ રાખી, $\frac{1}{50}$ સેકંડની ઝડપે સ્નેપ લીધો. અંદરની ફિલ્મ સુપર ડબલ એક્સ હતી. તેનું ધ્યાન કૅમેરાથી બહાર રાખવા અને તેને વધુ આનંદિત બનાવવાનું કામ બીજા ભાઇને સોંપ્યું. કૅમેરાની અંદર ગ્રાઉન્ડ ગ્લાસ પરના આકારની મજા લેતો રહ્યો અને રસ પડતો ગયો તેમ એક પછી એક ચાંપ લગાવતો રહ્યો. ચારેક સંતોષકારક ચિત્રો દાબ્યાં તેમાંનું આ એક પરિણામ છે. તેનું ૧૨×૧૦ના માપનું ચિત્ર આ વખતે તે કરાંચીના અખિલ હિંદ ફોટો પ્રદર્શનમાં મોકલી આપ્યું છે.

આબીદમિયાં સૈયદ

નવાં પુસ્તકો

જવનિકા (એકાંકી નાટકો)-લેખક પ્રકાશક: જયન્તી દલાલ, 'ગતિ અને રેખા', પીપલ્સ બૅંક બિલ્ડિંગ અમદાવાદ ૦-૧૨-૦. **બ્રહ્મદેશનો પ્રવાસ**-લેખક: દત્તાત્રેય બા. કાલેલકર;૦-૩-૦. **વાલ્મીકિનો જય**-મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રીના મૂળ બંગાળી પુસ્તકના મરાઠી અનુવાદ ઉપરથી ૦-૬-૦; **સર્વોદય**-[રસ્કિનના 'અન ટુ ધિસ લાસ્ટ' ને આધારે] લેખક: મોહનદાસ કરમચંદ ગાંધી ૦-૧-૬; ત્રણેના પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ. **જગતના સિતારા** (ભાગ બીજો)-લેખકો: ફુલાભાઇ મથુરભાઈ પટેલ તથા નટવરલાલ માધવલાલ રાવળ, પ્રકાશક: શ્રી પાટણ વિદ્યાર્થીમંડળ, ડૉ. પંડ્યા અભ્યાસગૃહ, સાળવીવાડો પાટણ, ૦-૭-૦. **ભારતના મહાન વૈજ્ઞાનિકો** (પ્રાચીન અને અર્વાચીન)-લેખક-પ્રકાશક: રેવાશંકર ઓ. સોમપુરા શીહોર (કાઠિયાવાડ) ૨-૮-૦. **મારી વ્યાપક કેળવણી** બૂકર ટી. વૉશિંગ્ટનના 'માઈ લાર્જર એડ્યુકેશન' એ પુસ્તક ઉપરથી અનુવાદક ચંદુભાઈ રાવજીભાઇ પટેલ, ૧-૪-૦; **પાંચમી ચોપડી** (વિદ્યાપીઠ વાચનમાળા)-ગુજરાતી શાળાના પાંચમા યા અંગ્રેજી શાળાના ૧લા ધોરણ માટે૦-૫-૦. **એક સત્ય વીરની કથા** અથવા **સૉક્રેટિસનો બચાવ**: લે. મોહનદાસ કરમચંદ ગાંધી, ૦-૧-૦; ઉપરનાં ત્રણે પુસ્તકોના પ્રકાશક શ્રી જીવણજી ડાહ્યાભાઇ દેસાઇ, નવજીવન કાર્યાલય અમદાવાદ.

માધુકરી



કાળની સાથે કર્યો છે વાયદો,
ચાલશે કોઈ નહિ ત્યાં કાયદો,
કામ કરવું છે તો શયદા આજ કર,
કાલની વાતો કર્યે શો ફાયદો ?

ચાલવાનું છે, ભલે હર હાલ ચાલ,
પણ જરા જોઈ પ્રભુના લાલ, ચાલ,
ચાલ તારી જોઈને ચાલે બધા,
એટલું સમજીને શયદા 'ચાલ' ચાલ. —શયદા

રામલાલ બાજપેય

જે છે એ જ સ્થિતિ સારી છે એમ માનીને જે માણસ દુનિયામાં રહે છે તેની ઉન્નતિની આશા અટકી જ એમ સમજવું. અમેરિકામાં એક ઔષધના કારખાનામાં ચીફ કેમિસ્ટ તરીકે કામ કરતા **શ્રી** રામલાલ બાજપેય જો પ્રામ પરિસ્થિતિમાં જ સંતોષ માન્યો હોત તો સામાન્ય સારો પગાર મેળવી અત્યારે પેન્શન લેતા સ્વસ્થ બેઠા હોત. કદાચ કોઇ મિલના ડાઇંગ માસ્તર તરીકે સારો પગાર મેળવતા હોત; પણ અમેરિકા જેવા સ્વતંત્ર ને આગળપડતા દેશમાં સો દોઢસો માણસ પોતાના હાથ નીચે રહેવાનું ભાગ્ય એમને ન મળ્યું હોત.

શ્રી રામલાલ મૂળ ઉત્તર હિંદુસ્તાની બ્રાહ્મણ. એમના વડિલો નાગપુરના રાજા જનોજીરાવ ભોસલેના આશ્રિત હતા. ભોસલે કુટુંબની પરાક્રમકથાઓ નાનપણમાં સાંભળીસાંભળી આ દેશનું પારતંત્ર્ય એમને ખટકવા લાગ્યું હાઇસ્કૂલમાંથી એમને રસાયનશાસ્ત્રનો મોહ લાગ્યો ને એ વિષયનું જ્ઞાન જ્યાંથી મળી શકે ત્યાંથી મેળવવા માંડ્યું.

પણ એનો વિશેષ અભ્યાસ પરદેશ ગયા સિવાય શક્ય ન લાગતાં તે નાગપુરથી મુંબઇ આવ્યા. મહાયુદ્ધના એ દિવસો હોઈ યુરોપ જવું સહેલું ન હતું. એમણે છેવટે જાપાનરસ્તે અમેરિકા જવાનું નક્કી કર્યું ને એ મુજબ ટિકીટ ખરીદી ઊપડ્યા. રસ્તામાં સિંગાપુર, હોંગકોંગ, ટોકીઓ વગેરે સ્થળોની શિક્ષણસંસ્થાઓ, ત્યાંની તાલીમ તથા ઈતર રાષ્ટ્રીય સંસ્થાઓનું નિરીક્ષણ કર્યું.

જાપાનથી સાનફ્રાન્સિસ્કો પહોંચતાં એમના સ્વાવલંબી અને ખટતલ જીવનની શરૂઆત થઈ. એ ત્યાંના એક ખેતર પર કામ કરવા ગયા પણ ત્યાંનો ઉનાળો એટલો સખત હતો કે એ કામ છોડી દેવું પડ્યું. ત્યાંથી એક આઇસ્ક્રીમ ફેક્ટરીમાં જોડાયા. ત્યાં વસ્તુઓની ઉપાડમૂકનું ખૂબ ત્રાસદાયક કામ એમને કરવું પડતું. પણ એ બધું કરતા રહીને વનસ્પતિનો વૈદકીય ઉપયોગ ને સંશોધનકાર્ય શીખી એમણે ઉપાધિ મેળવી અને એ ઉપાધિના જોરે જ આગળ વધતાવધતા આજ એ હૉપકિન્સ ફાર્માસ્યુટિકલ વર્કસમાં ચીફ કેમિસ્ટની જગ્યા પર આવ્યા છે.

અમેરિકાના એકંદર નિરીક્ષણ પછી એમણે જે જે હકીકતો બહાર પાડી છે તેમાં વ્યાપારવિષયક ખાસ જાણવાજોગ છે: ત્યાં કોઇ પણ કારખાનું ઊભું કરવાનું હોય તો પહેલાં તો ત્યાંના જુદા જુદા પ્રાંતોમાં કેટલી લોકસંખ્યા છે, તેમાંથી આપણા માલના ઘરાક થાય એવા કેટલા છે, આપણા સિવાયના એવા જ બીજા માલનો પ્રચાર કેટલો છે, એમાંથી આપણે માટે કેટલો અવકાશ રહે એમ છે, માલની શી કીમત રાખવી, વગેરે નાની મોટી અનેક માહિતીનો પહેલેથી જ એક તકતો તૈયાર કરવામાં આવે છે અને પછી તજજ્ઞોની મદદ વડે નાના પ્રમાણમાં જ પ્રથમ તો માલ ઉત્પન્ન કરવામાં આવે છે. આ પદ્ધતિથી માલ પ્રમાણસર જ ઉત્પન્ન થાય છે ને મૂડી બંધાઈ રહેતી નથી.

'વળી વ્યાપારી શાખ પર પણ એ લોકો મરી ફીટે છે. તેમણે એક પ્રકારનો માલ પૂરો પાડવાનું કબૂલ કર્યું હોય તો પછી તેમાં કદાપિ ફેર નહિ પડે. તેમાં તોટો આવે તો તે અંગ પર સહી લેશે પણ પોતાનું વચન પાળશે. અમારી જ પેઢીના સંચાલકની વાત કરું તો એમણે અમુક

માલ બીજી કંપનીને દસ રૂપિયાના દરે આપવાનું નક્કી કર્યું ને ભાવ પાછળથી વધીને બાર રૂપિયા જેટલો થઇ ગયો. છતાં એમણે કૉન્ટ્રૅક્ટ પૂરો થતાં સુધી સહેજ પણ આનાકાની વિના માલ પૂરો પાડ્યા કર્યો. સરવાળે રૂ. ૧૫૦૦૦ જેટલી ખોટ ગઇ. પરંતુ એ પછીનો કૉન્ટ્રૅક્ટ કરતી વખતે સામી કંપનીને એમણે એ ગએલી ખોટ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક જોઇ દરો ઠરાવવાનું કહ્યું. સામી કંપની પણ પરિસ્થિતિ બધી જાણતી હોઈ, મનમાન્યા દર કરી આપ્યા. આમ થોડી નુકસાનીના ભોગે અમારા સંચાલકે આવી જબરી કંપનીને અમારી કાયમની ઘરાક બનાવી લીધી.

હિંદી લોકોને પરદેશો પાસેથી કંઇ શીખવા જેવું હોય તો આવી જ બાબતો છે.'

ન્યૂફાઉન્ડલૅન્ડ

વિસ્તારમાં આયર્લૅંડથી યે મોટો છતાં માત્ર ૨,૮૦,૦૦૦ ની વસતિ ધરાવતો 'ન્યૂફાઉન્ડલૅન્ડ' ટાપુ ક્યાં આવ્યો એની ઘણાને ખબર નથી હોતી. કેટલાક તો એને ગ્રીનલૅંડની નજીક કે ઉત્તર ધ્રુવના વર્તુલમાં ક્યાંક આવેલો માની લે છે. પણ ખરી રીતે તો કૅનેડાના લાબ્રાડોર દ્વીપકલ્પના અગ્નિભાગે આવેલા આ ટાપુની રાજધાની સેંટ જ્હોન, પારીસ જેટલા જ અક્ષાંશ પર આવેલી છે.

છતાં ટાપુનો અપરાર્ધ અને આખું લાબ્રાડોર નવેંબરથી એપ્રિલ સુધી હિમાચ્છાદિત રહે છે. ત્યારે વ્યવહાર માત્ર કૂતરાની સ્લે ગાડીથી જ શકય બને છે. એના પૂર્વકાંઠે ધ્રુવપ્રવાહ તથા 'ગલ્ફસ્ટ્રીમ' ભેગા થતા હોઈ, ખૂબ ધુમ્મસ જામેલું રહે છે, પણ ખુદ ટાપુ પર એ નથી રહેતું. ધ્રુવપ્રવાહ સાથે ગ્રીનલૅંડથી મોટા હિમગિરિઓ પણ ધસી આવતા હોઇ, મે તથા જૂનમાં તો એટલૅન્ટિકથી ન્યૂફાઉન્ડલૅન્ડનો માર્ગ ખૂબ જોખમભર્યો ગણાય છે.

ગિલબર્ટે આ ટાપુ પર ઇંગ્લંડનો વાવટો રોપ્યો ને ઇ. ૧૬૧૦માં જેમ્સ પહેલાએ બ્રિટિશ પ્રજાને ત્યાં વસવાનો પરવાનો આપ્યો ત્યારથી આજ સુધી એ બ્રિટનને તાબે છે. એની ભૂમિએ નવા વસાહતીઓનાં દિલોમાં ખૂબ જ આશા પૂરી હશે એમ ત્યાંની વસાહતોને આપેલાં 'Heart's Content,' 'Heart's Delight' વગેરે નામો, ત્યાંના પર્વતને આપેલું 'Blow-me-Down' નામ, ત્યાંના ઉપસાગરોને આપેલાં Fortune Bay,' ,Bay Despair' વગેરે જેવાં રંગદર્શી નામો પરથી માલૂમ પડે છે. આમાં છેલ્લું નામ નિરાશાસૂચક નથી, પણ 'Baild' Espoir' (આશાનો ઉપસાગર)નું અપભ્રંશ છે.

આખા ટાપુ પર મોટામાં મોટું શહેર ૫૦,૦૦૦ની વસતિવાળું રાજધાનીનું શહેર સેંટ જ્હોન જ માત્ર છે. બાકીની વસતિ તેના કિનારાના ૬૦૦૦ માઇલ પર ૧૭૦૦ વસાહતોમાં વહેંચાઈ ગઇ છે. આ કિનારવર્તી વસવાટનું કારણ એ છે કે વસતિનો મુખ્ય વ્યવસાય જ માછીમારનો છે. કૉડ માછલીઓના શિકાર સારૂ જ આદ્ય વસાહતીઓ આવી વસેલા ને એમના વંશજોએ પણ એ જ પરંપરા ચાલુ રાખી છે. ન્યૂફાઉન્ડલૅન્ડરની મહત્ત્વાકાંક્ષા જ ચુનંદા માછીમાર બનવાની હોય છે. માર્ચ મહિનામાં સીલોની વિયાવાની મોસમમાં એ લોકો એને શિકારે પણ ઊપડે છે.

ટાપુ પર જંગલો પણ ઠીકઠીક છે ને કાગળની બે મિલો ચાલે છે. ખનિજ દ્રવ્યમાં ત્યાંના બેલ ટાપુની વાળાની ખાણ દુનિયાના લોખંડના સમૃદ્ધ જથાઓમાંની એક લેખાય છે. પણ એ બધા ઉદ્યોગ પાછળ માંડ થોડાક હજાર માણસો રોકાએલા હશે.

મર્સેરાઇઝેશન-કાપડકળાની એક શકવર્તી શોધ

કાપડઉદ્યોગમાં મહત્ત્વનું સ્થાન લેતી આ શોધ એટલી બધી ઉપયોગી અને વ્યવહારૂ થઇ ગઇ છે કે ઝીણા સૂતરનો માલ બનાવતી આપણા દેશની લગભગ બધી મીલો મર્સેરાઇઝ્ડ કાપડ બનાવતી થઇ ગઇ છે.

કૉસ્ટિક સોડા અથવા કૉસ્ટિક પોટાશના કડક દ્રાવણ (Solution)ની સૂતર અથવા તો તેમાંથી બનેલા કાપડ ઉપર જે અસર નિપજાવી શકાય છે તેને મર્સેરાઇઝેશન કહે છે

કાપડનો એક કકડો લઇએ અને તેને થોડીક મિનિટો સુધી ૫°થી ૬° (Twaddle) એટલે કે વિશિષ્ટ ગુરુત્વ (specific gravity) ૧·૨૫ થી ૧·૩૦ના દ્રાવણમાં ડુબાડી રાખીએ તો તેનો દેખાવ બદલાઈ જાય છે અને તેની સપાટી ઉપર એક જાતનો ચળકાટ પથરાઈ રહે છે. તે કકડાને પછી બહાર કાઢીને ધોઈ નાખતાં જોઇએ તો તેની સપાટી પહોળાઈમાં થોડી ઓછી થઈ ગએલી જણાશે અને કાપડ વણાટમાં પણ જાડું દેખાશે. આવા પ્રકારના કાપડમાંથી સૂતરના એક તાંતણાને જુદો પાડી સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોઇશું તો તે તાંતણાનો અસલ ગુણ નાશ પામેલો જણાશે અને તેમાં ઘણો ફેરફાર થએલો જણાશે. મૂળ તાંતણો જે વળ ચડાવેલો અને આડોઅવળો દેખાય તેને બદલે તે એકદમ જાડો, સીધો અને પ્રતિબિંબિત પ્રકાશથી ચળકતો જોવામાં આવશે. જે તાંતણો પહેલાં ચપટી નળીના જેવો દેખાતો તે હવે જાડા નળના આકાર જેવો ગોળ દેખાશે. આ પ્રમાણે દરેક તાંતણામાં ફેરફાર થવાથી ઉપર જણાવ્યા પ્રમાણે આપણને કાપડમાં ફેરફાર દેખાય છે. આવું કાપડ મજબૂતીમાં ઘણું જ વધે છે અને રંગોથી મિશ્રિત હોય તો તેનું આકર્ષણ પણ વધે છે.

આ સુંદર શોધ લૅંકેશાયરના જ્હોન મર્સર નામના એક છીંટ છાપનારે આજથી સીત્તેર વર્ષ પહેલાં કરી હતી. એ માણસ સૂતરના કાપડમાંથી કૉસ્ટિક સોડાનું કડક દ્રાવણ ગાળતો હતો તે વખતે કાપડની આ વિશિષ્ટતા તેના જોવામાં આવી હતી; અને ત્યાર પછી તેણે પ્રયોગો કરીને

તે બહાર પાડી હતી. આ રીતે શોધનારના નામ ઉપરથી જ (Mercerisation) નામ પડ્યું છે.

જ્હોન મર્સરની રીત કાપડને કૉસ્ટિક સોડાના દ્રાવણની અંદરથી પસાર કરવાની હતી અને તેના પ્રયોગોથી પુરવાર થયું કે એક ઇંચમાં ૨૦૦ તારવાળું કાપડ મર્સરાઇઝ કરવાથી સંકોચાઇને ૨૭૦ તારવાળા કાપડના જેવું દેખાતું વળી તેની મજબૂતીમાં પણ સેંકડે પચાસેક ટકા જેટલો વધારો થતો અને વજન સેંકડે સાડાચારથી સાડા પાંચ ટકા સુધી વધતું હતું. આ ઉપરાંત મર્સરાઈઝ કરેલા કાપડની સપાટી વધારે સુંદર અને વધારે ચળકાટવાળી થતી હતી અને રંગીન કાપડ પણ વધારે આકર્ષક બનતું હતું.

આ ક્રિયાના પેટન્ટસ માટે મર્સરને બે લાખ ડૉલરો મળતા હતા. પણ તેણે તે લેવાની ના પાડી.

મર્સરાઇઝેશનના સામાન્ય મુદ્દાઓમાં કૉસ્ટિક સોડાનું વિશિષ્ટ ગુરુત્વ ઉપર જણાવ્યા પ્રમાણે ૫°થી ૬° Tw.નું હોવું જોઇએ અને ઉષ્ણુમાન ૧૫°Cથી ૨૦°C વધુમાં વધુ સુધીનું એ બે ગણાય છે. આ બે વસ્તુઓ ધોરણસરની ન હોય તો મર્સરાઇઝેશન સારૂં થઈ શકતું નથી.

ત્રીજો મુદ્દો કાપડને અમુક વખત સુધી દ્રાવણમાં પલાળી રાખવાનો છે. તે લાંબામાં લાંબો ૧૦ મિનિટ સુધીનો ગણાય છે પણ વખત કરતાં મર્સરાઇઝ કરવા માટેનું કપડું અથવા સૂતર દ્રાવણનું બરોબર શોષણ કરે તે વધારે જરૂરી છે. આ ઉપરાંત આખી ક્રિયા દરમ્યાન કાપડને ખેંચ (Tension) આપવાની પણ ખાસ જરૂર હોય છે અને મર્સરાઇઝીંગ થઈ ગયા પછી તેની ખેંચમાંથી કાપડને મુક્ત કરવું તે પણ એટલું જ જરૂરી છે.

લગભગ બધી જાતના રૂનું સૂતર મર્સરાઇઝેશન માટે અનુકુળ ગણાય પણ ખાસ કરીને જે રૂમાંથી લાંબા તાંતણાઓ નીકળી શકે તેવી જાતનું રૂ (દા. ત. ઇજિપ્શિઅન રૂ) વધારે સારૂં ગણાય; જેથી તે સુંદર મર્સરાઇઝેશન આપી શકે અને ઉદ્યોગમાં ઉપયોગી થાય.

કાપડની ઉપરની રૂંવાટી (પુમ) બાળી નાખવા માટે ઘણીવાર તેને સળગાવેલા પેટ્રોલ ગેસ અથવા નેચરલ ગેસ ઉપરથી મશીનરીની મદદથી પસાર કરવામાં આવે છે. જેને gassing અથવા તો sienging કહેવામાં આવે છે અને આવું Sienge કરેલું કાપડ મર્સરાઈઝ કરવા માટે ઉત્તમ ગણવામાં આવે છે.

કૉસ્ટિક સોડા અને કૉસ્ટિક પોટાશ સિવાય મર્સરાઈઝેશન માટે Zinc chloride અને Sulphuric acid પણ વપરાય છે પણ ઉદ્યોગની દૃષ્ટિએ તેનો ઉપયોગ બહુ ઓછો થયો છે. એટલું તો ચોક્કસ થયું છે કે કાપડઉદ્યોગમાં મર્સરાઇઝેશને એક મૂળભૂત પરિવર્તન કર્યું છે.

(ગુજરાત સમાચાર) એસ. એસ. દેસાઇ

મહાપુરુષોના અંતિમ શબ્દો

નેપોલિયન: 'મારો પ્રભુ! મારો દેશ! મારૂં સૈન્ય!

લૉર્ડ બાયરન: 'હવે હું ઊંઘી જઉં છું.'

માદામ રોલાં (ફ્રેન્ચ રાજક્રાન્તિની એક મહાન વ્યક્તિ): 'સ્વતંત્રતા! અહો, તારા નામે કેવા અપરાધો થઈ રહ્યા છે!'

જૉન કીટ્સ: 'મારા પર ફૂલ ઊગતાં હોય એમ લાગે છે.'

જર્મન મહાકવિ ગ્યોટે: 'પ્રકાશ-વિશેષ પ્રકાશ!'

ગ્રીક ફિલસૂફ સોક્રેટીસ: 'ક્રીટો, મારા પર ઈસ્કુલેપિયસનું એક કૂકડાનું દેવું છે તે ચૂકવી દેજે.'

બેન્જામિન ફ્રાન્કલીન: 'મરતો માણસ કશું સરળતાથી ન કરી શકે.'

ચાર્લ્સ ડાર્વિન: 'મને મોતની મુદ્દલ બીક નથી લાગતી.'

જ્યૉર્જ વૉશિંગ્ટન: 'ડૉક્ટર, હું બહુ મુશ્કેલીએ મરૂં છું; પણ મને જતાં કશો ક્ષોભ નથી થતો.'

ઉમર ખય્યામ: 'હે ખુદા, મેં મારી શક્તિ અનુસાર તને પિછાનવા પ્રયાસ કર્યો છે; માફ કરજે.'

હાનિબાલ: 'હવે ચાલો આપણે રોમનોને તેમની ચિંતામાંથી મુક્ત કરીએ.'

વિલિયમ પિટ: 'આ મારો દેશ! હું એને છોડી જાઉં છું.'

ગાજરના ગુણ

ગાજરમાં ટમેટાંના જેવા ગુણ છે એ વાત પહેલાં તો કોઈ માનતું નહિ; પણ વૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ કર્યા પછી એ પુરવાર થયું છે. 'એ' વિટામિનની દૃષ્ટિએ વિચાર કરીએ તો ગાજર કૉડલિવર ઑઇલ દૂધ ને માખણની હરીફાઈ કરી શકે છે. ગાજરમાં કૅરોટીન નામનો જે પદાર્થ છે તે શરીરને ઘણો ઉપયોગી છે. નાળિયેર, ઘઉં અને મગફળીમાંના કૅરોટીન કરતાં ગાજરમાં તેનો બમણો સત્ત્વાંશ હોય છે. કૉડલિવર ઑઇલ, માખણ કે દૂધ જે ગરીબ પ્રજાને સસ્તાં પડે તેમને માટે ગાજર ઉત્તમ ગણાય. આથી કુન્નુરની આહારપ્રયોગશાળાના સંચાલકોએ પણ ગરીબોને માટે તેની ભલામણ કરી છે.

વૈદકની દૃષ્ટિએ અતિસાર કે ઝાડાના રોગમાં ગાજરનો પ્રયોગ સફળ નીવડ્યો છે. એક વરસની અંદરનાં બાળકોના અતિસાર ગાજરના રસથી મટે છે.

શરીરને નીરોગી રાખવા માટે તો ગાજર ઘણાં ઉપયોગી છે. ગાજરમાં ઉપર જણાવેલાં પોષક દ્રવ્યો ઉપરાંત ગાજરનો રસ પાચક હોવાથી લાંબા વખતનું અગ્નિમાંદ્ય ધીમેધીમે મટાડે છે. ['ચિત્રમય જગત'માંથી]

આ મહિનો (માર્ચ) ઇતિહાસમાં

તા. ૭ ચેકોસ્લોવાકિયાના જનક અને પ્રમુખ મસારિકનો જન્મ--ઈ. ૧૮૫૦.

તા. ૧૨ કોરિયાના રાષ્ટ્રવાદીઓનો જાપાન સામે બળવો--ઈ. ૧૯૧૯.

તા. ૧૩ મેકિસકોના પ્રમુખ જનરલ લાઝારો કાર્ડેનાસે પરદેશી કંપનીઓ પાસેથી બધા હક્કો લઈરાષ્ટ્રના હિતમાં 'નૅશનલ ઑઈલ ઍડમિનિસ્ટ્રેશન' સ્થાપ્યું છે-ઈ. ૧૯૩૮

તા. ૧૪ ગયા મહાયુદ્ધમાં ઇટલી જર્મનીવિરુદ્ધમિત્રરાજ્યોની તરફેણમાં ભળ્યું.-ઈ. ૧૯૧૬.

તા. ૧૫ ચાલુ મહાયુદ્ધમાં હિટલરે રાજરમત કરીને ચેકોસ્લોવાકિયા એક ઝપાટે કબજે કર્યું--ઇ. ૧૯૩૯.

તા. ૨૦ નેપોલિયન એલ્બામાંથી છટકી આવી પારીસમાં દાખલ થયો --ઈ. ૧૮૧૫.

તા. ૨૪ વિખ્યાત અમેરિકાના કવિ લૉંગફેલોનું અવસાન--ઈ. ૧૮૮૨.

તા. ૨૬ યુરોપના મહાન સંગીતકાર બીટોવનનું અવસાન--ઇ. ૧૮૨૭. છેલ્લે તે તદ્દન બહેરો થઈ ગયો હતો.

તા. ૨૮ ઈંગ્લંડમાં વસીને પાર્લામેન્ટની આમની સભામાં બેસનાર હિંદી દેશભક્ત અને સમાજવાદી શાપુરજી સકલાતવાળાનો જન્મ--ઈ. ૧૮૭૪.

તા. ૩૦ ક્રીમિયન યુદ્ધનો પારીસના તહનામાથી અંત--ઈ. ૧૮૫૬. એ યુદ્ધ રશિયાએ ૧૮૫૪માં તુર્કી જીતી લેવા માટે કરેલી ચડાઇથી થયું હતું.

આ માસની વિભૂતિ

સર રમણભાઈ મ. નીલકંઠ



ગુજરાતના આદ્ય સમાજસુધારક, મૂળ સુરતના વડનગરા નાગર મહીપતરામ રૂપરામ નીલકંઠને ઘેર ૧૮૬૮ની ૧૩મી માર્ચે અમદાવાદમાં તેમનો જન્મ થયો. ચાર વર્ષની કાચી વયે અભ્યાસ શરૂ કરી પંદરમે વર્ષે ૧૮૮૩માં તેમણે ઊંચે નંબરે મૅટ્રિક પસાર કરી ૧૮૮૭માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ.થઇ ૧૮૮૯માં તે એલએલ.બી. થયા, અને અમદાવાદની જિલ્લા અદાલતમાં હેડ કલાર્કથી શરૂ કરી મુનસફ બન્યા બાદ તેમણે સરકારી નોકરી છોડી દઈ સ્વતંત્ર વકીલાત આદરી.

એમની લેખનપ્રવૃત્તિનો આરંભ છેક ૧૮૮૭માં ૧૯ વર્ષની વયથી થયો અને 'કવિતાની ઉત્પત્તિ અને સ્વરૂપ' વિષે તેમણે લખેલો પ્રથમ નિબંધ હજી યે ગનનીય છે. એજ સાલમાં બી.એ થઇને એમણે પ્રાર્થના સમાજના 'જ્ઞાનસુધા' માસિકનું તંત્રીપદ લીધું, જે સ્થાને ૧૯૧૮ માં એ પત્ર બંધ થતાં સુધી રહી તે દ્વારા ગુજરાતી સાહિત્યની મોંઘી સેવા એમણે કરી. એમાં પ્રકટ થએલાં પ્રાર્થના સમાજને અંગેનાં ધાર્મિક પ્રવચનો ઉપરાંત સાહિત્યનાં વિવિધ અંગો વિષેના એમના નિબંધો અને આલોચનાઓ પણ એવાં વિશિષ્ટ અને તલસ્પર્શી છે કે ગુજરાતી સાહિત્યમાં અગ્રણી વિવેચક તરીકે એમની ગણના કરાવી. 'કવિતા અને સાહિત્ય' નામના ગ્રંથના ચાર ભાગમાં એ લેખો સંઘરાયા છે. 'જ્ઞાનસુધા' ઉપરાંત 'વસંત'નું તંત્રીપદ પણ એમણે બાર વર્ષ સુધી સંભાળેલું. પણ ગુજરાતી સાહિત્યમાં તેઓ ચિરસ્મરણીય તો રહેશે એમના સર્જન 'ભદ્રંભદ્ર'થી. રૂઢિબંધનો પર તીવ્ર નર્મ કરતા એ ગ્રંથે સર્જેલું એ હસામણું પાત્ર ડિકન્સના 'પિકવિક'ની માફક આપણા સમાજમાં જીવંત થયું છે. એ સિવાયના એમના તથા એમનાં પત્ની લેડી વિદ્યાબ્હેનના લખેલા હાસ્યરસના લેખોનો સંગ્રહ 'હાસ્ય મંદિર' તથા 'રાઇનો પર્વત' નાટક એમની બીજી કૃતિઓ છે. અમદાવાદની પહેલી સાહિત્ય પરિષદના સત્કારપ્રમુખ અને મુંબાઇની ૮મી સાહિત્ય પરિષદના પ્રમુખ તેઓ નીમાયા હતા.

પિતાનું સમાજસુધારાનું ને પ્રાર્થનાસમાજનું કાર્ય એમણે આગળ વધાર્યું અને જીવનમાં પણ ઉતાર્યું. એમનો સુધારો બહુ વ્યાપક તથા ભ્રાતૃભાવ ને વ્યકિતસ્વાતંત્ર્યના સિદ્ધાંત પર રચાએલો હતો. ૧૮૮૯માં જાણીતા સુધારક સરદાર ભોળાનાથ સારાભાઇનાં દોહિત્રી વિદ્યાગૌરી સાથે એમનાં (બીજીવારનાં) લગ્ન થયાં, જેમના અભ્યાસને લગ્ન બાદ પણ એમણે ઉત્તેજન આપ્યું અને વિદ્યાબ્હેન ગુજરાતનાં પહેલાં સ્ત્રી ગ્રૅજ્યુએટ થયાં. એમનાં પાંચ પુત્રીઓ પણ ગ્રૅજ્યુએટ છે, જેમાંનાં બે તો એમ.એ. છે.

અમદાવાદની નગરસેવા તો એમણે જીવનભર કરી છે. ૧૮૯૮માં તેઓ તેની મ્યુનિસિપાલિટીના સભ્ય થયા ત્યારથી લગભગ જીવનના અંત સુધી એ દ્વારા એમણે શહેરસેવા કરી; અને વર્ષો સુધી તો તેના પ્રમુખ પણ રહેલા.

એમનાં આ બધાં સેવાકાર્યોની કદર તરીકે સરકારે ૧૯૧૧માં તેમને રાવબહાદુરનો અને ૧૯૨૭માં સરનો ઇલ્કાબ એનાયત કર્યો. સાત્ત્વિક વૃત્તિના, ધાર્મિક હૃદયના અને એક મિત્રે કહ્યા મુજબ 'અજાતશત્રુ' જેવા, એ શીલવાળા ગૃહસ્થ અને ગુજરાતી સાહિત્ય તથા સમાજના સેવકનું, ૧૯૨૮ના માર્ચની ૬ઠ્ઠી તારીખે અમદાવાદમાં અવસાન થયું.

ભારતીય સંવતો

૧૬–ચાલુકય વિક્રમ સંવત

કલ્યાણપુર (નિઝામ રાજ્યના કલ્યાણી)ના ચાલુકય રાજા વિક્રમાદિત્ય (છઠ્ઠા)એ પોતાના રાજ્યમાં શક સંવતને બદલે પોતાના નામનો આ સંવત ચલાવેલો. માળવાના વિક્રમાદિત્યના સંવતથી એની ભિન્નતા બતાવવા માટે એનાં નામ 'ચાલુકય વિક્રમકાલ' અથવા 'ચાલુકય વિક્રમવર્ષ' એ રીતનાં મળે છે. એ રાજાના રાજ્યાભિષેકથી એ ચાલુ થયો મનાય છે. એમાં ૧૦૭૫ –૭૬ ઉમેરતાં ઈસ્વી સન આવે છે. શુમારે ૧૦૦ વર્ષ આ સંવત ચાલ્યો હશે.

હરદ્વારમાં પંડાઓને લોકો પાસે ઊગમણે મોઢે પિતૃઓને પાણીની અંજલિ અપાવતા જોઈ ગુરુ નાનકે આથમણી દિશાએ અંજલિ આપવા માંડી, તેથી ગુસ્સે થઇ એક પંડાએ આ મૂર્ખાઈનું કારણ પૂછતાં ગુરુ નાનકે કહ્યું: 'હું મારા ગામનાં ખેતરોને પાણી પાઉં છું.' કોપે ભરાઈ પંડાએ કહ્યું: 'એ તે પહોંચતાં હશે?' નાનકે જવાબ દીધો: 'તમે છેક પિતૃઓને પહોંચાડો છો તેના કરતાં તો મારાં ખેતર નજીક છે!'

અનેકાર્થી શબ્દ: **છંદ**=કાવ્યનો વૃત; લત કે વ્યસન; અમુક જાતની ચૂડીઓ.

કહેવતોના અર્થ: 'બુંદસે બિગડી હૉજસેં નહિ સુધરતી.' એક વખત એક કામ બગડી ગયા પછી ગમે તેટલા પ્રયત્ને પણ તે સુધરી ન શકે એવી પરિસ્થિતિનો નિર્દેશ કરવા વપરાતી આ કહેવત માટે એવી વાત છે કે એક બાદશાહને હાથે એક વાર અત્તરની શીશી ખરીદતાં ટીપું નીચે પડયું તે લૂછી લઇને તેણે મૂછ પર ચોપડતાં તે વજીરે જોયું. પોતાની આ લોભવૃત્તિ ઉઘાડી પડવા માટે તેને અત્યંત ક્ષોભ થયો અને તેની છાપ ભૂંસવા અત્તરના બાટલા હૉજમાં ઠલવી તે લૂટાવ્યા, ત્યારે વજીરે શિખામણરૂપે કટાક્ષ કર્યો કે 'જહાંપનાહ, બુંદસે બિગડી હૉજસે નહિ સુધરતી.' એને મળતી બીજી કહેવતો: 'થયું ન-થયું થવાનું નહિ'; 'કણકમાં પાણી પડયું તે પડયું'; 'જવ તલ હોમાયા તે ખરા'.

ગણિતગમ્મત

$(૧^{૨}-૦^{૨})+(૧+૨)^{૨}= ૨\times૫$

$(૨^{૨}-૧^{૨})+(૨+૩)^{૨}= ૪\times૭$

$(૩^{૨}-૨^{૨})+(૩+૪)^{૨}= ૬\times૯$

$(૪^{૨}-૩^{૨})+(૪+૫)^{૨}= ૮\times૧૧$

$(૫^{૨}-૪^{૨})+(૫+૬)^{૨}=૧૦\times૧૩$

$(૬^{૨}-૫^{૨})+(૬+૭)^{૨}=૧૨\times૧૫$

$(૭^{૨}-૬^{૨})+(૭+૮)^{૨}=૧૪\times૧૭$


$(૮^{૨}-૭^{૨})+(૮+૯)^{૨}=૧૬\times૧૯$

$(૯^{૨}-૮^{૨})+(૯+૧૦)^{૨}=૧૮\times૨૧$

$(૧૦^{૨}-૯^{૨})+(૧૦+૧૧)^{૨}=૨૦\times૨૩$

અને એ પ્રમાણે આગળ. (કા.મ.જોષી)





ચઢાણ-ઉતરાણવાળા ડુંગરાળ પ્રદેશોમાં સફર કરવા માટેની સાઇકલોમાં મૂકવા માટે એક નવી કરામત આ ચિત્રમાં બતાવી છે. સાઈકલ ઢાળ ઉતરતી હોય ત્યારે તેના વેગને એક મારી અટકાવવી પડે છે. તેને બદલે એ ફાજલ પડતી ગતિ ને બળ સંઘરી લેનારૂં હાઇડ્રોલિક ડ્રાઇવ નામનું યંત્ર યોજાયું છે જેમાં, એ સંઘરેલું બળ ઊંચાણ ચઢતાં પાછું વાપરી શકાય એવી યુક્તિ છે. ક્રિયા એવી છે કે જે ઘડીએ પાછલા ચક્રને પેડલ ચલાવે છે તે જ ઘડીએ એક પમ્પ પણ ચાલે છે અને તે એક પ્રવાહીને સ્ટોરેજ ચેમ્બરમાં ધકેલે છે. તેને લીધે કેટલીક સ્પ્રિંગ દબાય છે અને ફરી કામ પડે છે ત્યારે ચક્રને વેગ આપવા તે કામ લાગે છે.

યુરોપના સૌથી ઊંચા આલ્પ્સનું શિખર માઉન્ટ બ્લૅંક(માંબ્લાં) સ્વિત્ઝરલૅન્ડમાં આવેલું કહેવાય છે, પરંતુ ખરેખર તો તે ફ્રાંસમાં આવેલું છે.

અમેરિકાના પ્રખ્યાત શોધક એડિસને પોતાની વિવિધ શોધો માટે એકંદરે ચોદ સો પેટંટ મેળવેલાં!

માછલીની આંખે પોપચાં ન હોઇ, તે ઉઘાડી આંખે જ ઊંઘે છે. વળી તે ખોરાક આખો ને આખો ગળી જાય છે.

એક સમસ્યા

(મિશ્ર છંદ)

હું ફૂલ કેરો મૃદુ મુખ્ય ભાગ.
પરંતુ મારા પ્રથમાક્ષરે શિરે
રહેલું બિંદુ જરી તો ખસેડી
મૂકો બીજા અક્ષરને શિરે તો
બની રહું ઢોંગી હું કોઈ માનવી.
તો કોણ હું હોઈશ તે કહી શકો?

(જવાબ આવતા અંકમાં)

વય અને સિદ્ધિ

ક્રિકેટના જગમશહૂર ખેલાડી ડૉન બ્રૅડમૅને ૧૨ વર્ષની ઉમરે પહેલી સદી કરી હતી, અને ૧૭ વર્ષની ઉમરે તો એ ઇંગ્લંડ વિ૰ ઑસ્ટ્રેલિયાની ટેસ્ટ મૅચમાં રમેલો.

ગૅલીલીઓએ ૧૮ વર્ષની વયે પેન્ડયુલમનો સિદ્ધાંત શોધી કાઢેલો.

માણસજાતને થતાં દરદોની સંખ્યા ૨૦૦૪ની થવા જાય છે.

બિહારમાંથી નીકળતા હિંદી માસિક 'બાલક' માટે કાકાસાહેબ કાલેલકરે એ પ્રાંતનો આ રસમય નકશો ચીતરી મોકલેલો. તેની સમજણ આપતાં



તેમણે જણાવેલું કે 'બિહારનો આકાર એક કમંડળ પર પાણી પીવાનો કટોરો મૂકયો હોય તેવો લાગે છે. (ટપકાંવાળી લીટી જોવાથી આનો ખ્યાલ આવશે.) કમંડળનું પાણી બનારસની પાસેથી નીકળી શકે છે એ કેટલું આહ્લાદક છે.'